અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 222, Dt.02-07-2024 (Tuesday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧


**સુવિચાર**

પરીપક્વતા એ નથી કે તમે મોટી મોટી વાતો કરો, પરીપક્વતા એ છે કે તમે નાનામાં નાની વાત સમજો!

# ટીપીઓ સા'ગઠિયા'નો ખજાનો ખુલ્યો

## ઓફિસમાંથી ૫ કરોડ રોકડ અને ૧૫ કિલો સોનુ મળતા ખળભળાટ

**રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર, બાલાજી હોલ સામે ટ્વિન ટાવર નામની બિલ્ડીંગમાં સાગઠિયાની ઓફિસ આવેલી છે, મોડી રાત્રે એસીબી ટીમ સાગઠિયાને લઈ અહીં પહોંચી હતી, વહેલી સવાર સુધી કાર્યવાહી ચાલી હતી**






રાજકોટ, તા.૨

અગ્નિકાંડના આરોપી રાજકોટ મહાનગર પાલિકાના ટીપીઓ એમ.ડી. સાગઠિયાની ઓફિસમાંથી ૫ કરોડ રોકડ અને ૧૫ કિલો સોનાનો દલ્લો મળી આવ્યો છે.

અગાઉ ગેમઝોન અગ્નિકાંડના ગુનાની તપાસ વખતે એસીપી ક્રાઈમએ ઓફિસને સીલ મારી દીધું હતું. રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર, બાલાજી હોલ સામે ટ્વિન્સ ટાવર નામની બિલ્ડીંગમાં સાગઠિયાની ઓફિસ આવેલી છે, ગત મોડી રાત્રે એસીબી ટીમ સાગઠિયાને લઈ અહીં પહોંચી હતી. ઓફિસનું સીલ ખોલતા મોટા પ્રમાણમાં મુદ્દામાલ મળ્યો હતો. સવાર સુધી કાર્યવાહી ચાલી હતી.

સરકારે તુરંત કાર્યવાહીના આદેશ આપ્યા હતા. જેમાં અધિકારીઓની બેદરકારી પણ ખુલી હતી. સાથે બેદરકાર જણાતા અધિકારીઓ ઉપર તવાઈ બોલાવી સરકારે એસીબી તપાસના પણ આદેશ આપતા ડેપ્યુટી ફાયર ઓફિસર બી.જે. ઠેબા અને ત્યારબાદ ટીપીઓ એમ. ડી. સાગઠિયા સામે એસીબીએ અપ્રમાણસર મિલકતના ગુના દાખલ કર્યા હતા.

સાગઠિયા સામે ગુનો નોંધતી વખતે એસીબીએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેર ખાતે બનેલ ટી.આર.પી. ગેમઝોન અગ્નિકાંડ દુર્ઘટનામાં સંડોવાયેલ રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર, વર્ગ-૧, (જુઓ.પાનું.૫)

### સાગઠિયા આઠ દેશોમાં મોજથી ફર્યા, પેટ્રોલ પંપ સહિતની મિલકતો

એસીબીની તપાસમાં ખુલ્યું છે કે, સાગઠીયાએ એકલા કે પોતાના પરિવાર સાથે કુલ ૮ દેશોમાં પ્રવાસ કર્યો છે જેમાં દુબઈ, યુરોપ, સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, યુકે, મલેશિયા, માલદીવ, શ્રીલંકા વગેરેનો સમાવેશ થાય છે. તેની મિલકતોમાં (૧). રાજકોટ પાસે સોખડા ખાતે જય બાબા-રી પેટ્રોલ પંપ, (૨). રાજકોટ પાસે સોખડા ખાતે ૩ ઈન્ડસ્ટ્રીયલ ગોડાઉન, (૩). ગોંડલ નજીક ગોમટા ખાતે જય બાબારી પેટ્રોલ પંપ, (૪). ગોંડલના ગોમટા ખાતે હોટલ બનાવવાનું કાર્ય ચાલુમાં છે, (૫). ગોંડલના ગોમટા ખાતે ફાર્મ હાઉસ છે, (૬). ગોંડલના ગોમટા ખાતે (જુઓ.પાનું.૫)

# આસામમાં હાલત ખરાબઃ ૧૬ રાજયોમાં વરસાદનું એલર્ટ

### વડાપ્રધાને મુખ્યમંત્રી સાથે વાત કરીઃ રાજસ્થાનથી લઈ આસામ સુધી મુશળધાર વર્ષા



નવી દિલ્હી,તા.૨

દેશના ઉતરપૂર્વ અને રાજસ્થાન સહીતનાં પશ્ચિમ ભાગોમાં ચોમાસું ખુબ સક્રિય થઈ ગયુ છે. આસામમાં પૂરથી સ્થિતિ વણસી છે અને દેશના ૧૬ રાજયોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તેલંગાણામાં એક ગામમાં માટીની દિવાલ પડતાં માતા અને ત્રણ બાળકોનાં મોત થયા હતા.

ઉતરાખંડ, હરીયાણા અને રાજસ્થાનથી લઈ પૂર્વમાં બિહાર, બંગાલ અને આસામ સહીત પુર્વોતર રાજયોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે આસામ અને અરૂણાચલ પ્રદેશમાં વરસાદ બાદનાં પુરથી ભારે નુકશાની થઈ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી હિમંત બિસ્વસરમાં સાથે વાત કરી મદદની ખાતરી આપી હતી. છેલ્લા ૨૪ કલાકમાં ઉતરાખંડ હરીયાણા ગુજરાત, તામીલનાડુ, બંગાળ, સીકકીમ, ત્રીપુરા, મેઘાલયમાં પણ ભારે વરસાદ વરસ્યો છે. રાજસ્થાનમાં ભારે વરસાદ પડી રહ્યો છે. આસામમાં બ્રહ્મપુત્રા નદીમાં પૂર વધી ગયુ છે.

કાજીરંગા નેશનલ પાર્ક અને ટાઈગર રીઝર્વમાં પ્રાણીઓને રહેવા માટે બનાવાયેલા ૬૧ કેમ્પ ડુબી ગયા હતા ૧૨ જીલ્લામાં ત્રણ લાખથી વધુ લોકોને અસર થઈ છે.જાનવરો નેશનલ હાઈવે સુધી પહોંચી ગયા હતા.અત્યાર સુધીમાં ૬૦ લોકોના જીવ ગયા છે.

ઉત્તરાખંડ, હરિયાણા અને રાજસ્થાનથી માંડીને પૂર્વમાં બિહાર અને બંગાળ અને આસામ સહિત પૂર્વોત્તર રાજ્યોમાં મૂશળાધાર વરસાદ ખાબકી રહ્યો છે. હવામાન વિભાગે હજુ ૪-૫ દિવસ દેશભરમાં સમાન સ્થિતિનું એલર્ટ જાહેર કર્યું છે. આજે આસામ તથા ઉત્તરાખંડમાં ભારે વરસાદને લઇને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે હિમાચલ પ્રદેશ, હરિયાણા, યૂપી અને દિલ્હી સહિત ૧૪ રાજ્યો માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આસામ અને અરૂણાચાલ પ્રદેશમાં વરસાદ બાદ આવેલા પૂરે તબાહી મચાવી છે.અરૂણાચલમાં ઘણી જગ્યાએ ભૂસ્ખલન અને પૂરથી જનજીવન પ્રભાવિત (જુઓ.પાનું.૫)

# સાગઠીયાને જેલમાં મળવા જનાર પૂર્વ ધારાસભ્ય કોણ?

### પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીના સરકારને સવાલો

રાજકોટ, તા.૨

કોંગ્રેસના આગેવાનો એ આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, કેન્દ્રથી કોર્પોરેશન શુધી ભાજપનુ શાસન છે અને એમાય રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન એટલે ભાજપના ભ્રષ્ટાચારનો અખાડો હાથમા એના મોમા એવા ઘાટ છે સૌ જગજાહેર જાણે છે કે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમા પાર્ટી સંકલન સમિતિમા શહેર ભાજપ પ્રમુખ મેયર સ્ટેન્ડિંગ સહિતના હોદ્દેદારઓ જ કરોડોના ઓનના કોન્ટ્રાકટ મંજુર કરવા નામંજુર કરવા વધારા નાણા ચુકવવા Tpની મલાઈ દાર દરખાસ્તના પરામર્શ આપવા ખંડ ફેરવી ખંડણી લેવી રોડ રસ્તા ભુગર્ભ લાઈટ પાણી આરોગ્ય સફાઈ કચરાનો નિકાલ સિટીબસ સિક્યુરીટી મેન પાવરના કોન્ટ્રાકટ સહીતના દરેક કામોમા ભાજપ સંકલનના નામે ચાર લોકો જ વેવાર વહીવટ કરતા હોય છે અને આવા દરેક વહીવટદારો પોતાના નામે સગા સંબંધીઓ અને ટેકેદારોના નામે કરોડોની સંપત્તિ ધરાવે છે ખુલ્લેઆમ બંગલાઓ બનાવી રહ્યા છે જેની પાસે કાલ શુધી ફેરવવા સ્કૂટર ન હતુ તેવો હોદો મળતાજ આજે કરોડોમા આળોટેછે સરમજનક ઘટનાક્રમ બાદ પણ આ અગ્નિકાંડના આરોપીઓ એવા રાજકોટ મનપાના કર્મચારીને જેલમા શું કામ મળી રહ્યા છે આવા ભાજપના નામદાર પાસે પિડીત પરીવારને મળવાનો તેમને ન્યાય અપાવવા માટેનો સમય નથી ત્યારે રાજ્યની કહેવાતી ગતિશીલ ભાજપ સરકારે ભાજપના નામે ભ્રષ્ટાચાર આચરી પોતાના ઘર ભરતા વર્ષોથી રાજ કરતા આવા માતેલસાંઢ જેવા ભાજપના નામદારો સામે તપાસ એજન્સીઓને તપાસના આદેશ આપી તેમની તિજોરી ઓ ખોલી આવા અધિકારીઓ - પદાધીકારીઓની સાંઠગાંઠ રચી પ્રજાજનોના લૂંટેલા નાણા પાછા મેળવી તેમને પણ તેમના સાથી અધિકારીઓ સાથે જેલમા મોકલવા જોઈએ.

### મહારાષ્ટ્રમાં ફરી ઝિકા વાયરસ ફેલાયોઃ પુણેમાં બે ગર્ભવતી મહિલાઓ સંક્રમિતઃ કુલ છ કેસ નોંધાયાઃ આરોગ્ય તંત્રમાં દોડાદોડી

ભારતીય રીઝર્વ બેંકે નાણાકીય સ્થિરતા રિપોર્ટ ૨૦૨૪માં જાહેર

# એક દાયકામાં ખર્ચમાં મોટો વધારો

**આવક - બચત ભાંગી ગયાઃ લોનમાં પણ વધારો થયોઃ સામાન્ય લોકો માટે પડકારજનક હાલત**



નવીદિલ્હી, તા.૨

પુરા દેશમાં લોકોની નેટ બચતમાં મોટો ઘટાડો અને ખર્ચમાં વધારો જોવા મળી રહ્યો છે. ભારતીય રીઝર્વ બેંકે નાણાકીય સ્થિરતા રિપોર્ટ ૨૦૨૪માં જાહેર કર્યું છે કે છેલ્લા એક દાયકામાં લોકોની બચત ઘટવા સાથે કોરોના મહામારીના કારણે બચતની પધ્ધતિમાં મોટો ફેરફાર આવ્યો છે.

આરબીઆઈના અહેવાલ મુજબ બચત ઘટવાના બે મુખ્ય કારણ છે. પહેલુ.. હવે લોકો સોના ચાંદી, જમીન, ઘર અને મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરે છે. બીજુ.. લોકોનો ઘરનો ખર્ચ વધ્યો છે જેના કારણે નેટ બચત ભાંગી ગઈ છે.

૨૦૨૨-૨૩માં ભારતની નેટ બચતમાં નેટ આવકનો હિસ્સો ૨૯.૭ ટકા હતો. ૨૦૨૨-૨૩માં પરિવ-ારોના પ્રાથમિક બચતકર્તાઓની ભાગીદારી ૬૦.૯ ટકા હતી. જયારે ૨૦૧૩થી ૨૨ વચ્ચે આ ટકાવારી ૬૩.૯ ટકા હતી.

રિપોર્ટ મુજબ આ રીતે લોકોની નેટ બચતમાં ૧૧.૩ ટકાનો ઘટાડો દેખાયો છે. જે ૨૦૨૨-૨૩માં ઘટીને ૨૮.૯ ટકા રહી ગઈ છે. જયારે ૧૦ વર્ષની સરેરાશ ૩૯.૮ ટકા છે. સતત ખર્ચમાં થતા વધારાના કારણે બચત ઘટતા જીડીપીમાં નેટ બચતનો હિસ્સો ૨.૭ ટકા ઘટયો છે.

કાયદા અગાઉ આ દર ૮ ટકા હતો. લોકોને શેરબજારમાંથી પણ સારૂ રીટર્ન મળી રહ્યું છે. બેંકોના વ્યાજ કરતા સારો ફાયદો થાય છે. બેંકોમાં સરેરાશ ૭થી ૮ ટકા રિટર્ન મળે છે. પરંતુ શેરબજારમાં ભારે નફો છે.

કોરોના બાદ બચત તો ઘટી છે પરંતુ લોન લેવાની પ્રવૃતિમાં વધારો થયો છે. મિલ્કત કે વાહન ખરીદવા માટે લોકો સરળતાથી લોન લેવા પહોંચી જાય છે. ખેતી અને ધંધા માટે લોન લેવાઈ રહી છે. કોરોનાના સમયગાળા દરમિયાન બચતમાં ડરના કારણે થોડો વધારો થયો હતો. પરંતુ આ બાદ લોન લેવાનું ચલણ વધી ગયું છે.

બિહારમાં વાવાઝોડાએ મચાવી તબાહી

# છેલ્લા બે દિવસમાં સાતના મોત

### મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારજનોને એક્સ-ગ્રેશિયા આપવાનો નિર્દેશ આપ્યો

બિહાર, તા.૨

બિહારના વિવિધ જિલ્લાઓમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વીજળી પડવાથી સાત લોકોના મોત થયા છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે મૃતકોના આશ્રિતોને કોઈપણ વિલંબ કર્યા વિના ૪ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા રકમ આપવાનો નિર્દેશ આપ્યો છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના જણાવ્યા અનુસાર, ઔરંગાબાદમાં રવિવાર સાંજથી સોમવાર સાંજ સુધી વીજળી પડવાથી બે લોકોના મોત થયા હતા. જ્યારે બક્સર, ભોજપુર, રોહતાસ, ભાગલપુર અને દરભંગામાં એક-એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો.

મુખ્યમંત્રી નીતિશ કુમારે આ ઘટનાઓ પર ઊંડી શોક વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે તેઓ આપત્તિની આ ઘડીમાં પીડિત પરિવારોની સાથે છે. અધિકારીઓને મૃતકોના પરિવારજનોને ૪ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા રકમ તાત્કાલિક આપવા સૂચના આપવામાં આવી છે.

મુખ્યમંત્રીએ લોકોને ખરાબ હવામાન દરમિયાન સાવધાની રાખવાની અપીલ કરી છે. વીજળીથી પોતાને બચાવવા માટે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા સમયાંતરે આપવામાં આવેલા સૂચનોનું પાલન કરો. ખરાબ હવામાનમાં ઘરની અંદર રહો.

# દિલ્હી - મુંબઇ પહોંચતા અર્ધો સમય લાગશે

### નવો એકસપ્રેસ હાઈવે તૈયારઃ મોદીના હસ્તે ઉદઘાટન થશે



નવી દિલ્હી, તા.૨

દિલ્હી-મુંબઇ એકસપ્રેસના બીજા હિસ્સાનું કામ પુરૂ થઇ ગયું છે અને વડાપ્રધાન મોદી તેનું ઉદઘાટન કરશે. આ માર્ગ ગુજરાત અને રાજસ્થાન વચ્ચે બનાવાયો છે. ત્રીજો ભાગ મુંબઇ સુધી જશે અને તે પછી દિલ્હીથી વડોદરાનો માર્ગ જે અત્યારે ૧૬ કલાક જેટલો સમય લે છે તે અર્ધો થઇ જશે.

આ રૂટ પર સૌથી ઝડપી ટ્રેન પણ ૧૨ કલાક લે છે. પરંતુ સડક માર્ગ ૧૦ કલાકમાં દિલ્હીથી વડોદરા સુધી પહોંચી જવાશે અને તેનાથી દિલ્હી સાથેની કનેકટીવીટી વધશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ માર્ગનું ઉદઘાટન કરવા આવી રહ્યા છે.

દિલ્હીથી સવાઇ, માધોપુર, કોટાના માર્ગે દાહોદ અને ગોધરા થઇને એકસપ્રેસ હાઇવે મુસાફરને વડોદરા પહોંચાડી દેશે. બંને વચ્ચે અત્યાર સુધી ૧૦૦૦ કિ.મી.નું અંતર હતું તે ઘટીને ૮૪૫ કિ.મી.નું થઇ જશે.

આ ઉપરાંત મધ્યપ્રદેશથી ૨૪૪ કિ.મી. અને રાજસ્થાનમાં ૭૯ કિ.મી. જાય છે અને એકસપ્રેસ હાઇવે પર ૧૨૦ કિ.મી.ની ગતિએ ૮ લેન પરનો પ્રવાસ શકય બનશે અને તે પુરો એકસપ્રેસ હાઇવે ફેબ્રુઆરી સુધીમાં પુરો થશે.

# વિશ્વની સૌથી યુવા CA બની ૧૯ વર્ષની યુવતી




ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ અને ગિનિસમાં નામ નોંધાવ્યુંઃ નંદિનીએ ધો.૧૦ ૧૩ વર્ષની ઉંમરે અને ધો.૧૨ ૧૫ વર્ષની ઉંમરે પાસ કર્યું હતું

ભોપાલ, તા.૨

મધ્યપ્રદેશની નંદિની અગ્રવાલ ભારતની જ નહીં, વિશ્વની સૌથી યુવા ફીમેલ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ (CA) બની છે. તેની ઉંમર છે માત્ર ૧૯ વર્ષ. આ પ્રતિભાશાળી છોકરીએ નાની ઉંમરમાં બહુ મોટી સિદ્ધિ મેળવી લીધી છે. નંદિનીએ ધો.૧૦ ૧૩ વર્ષની ઉંમરે અને ધો.૧૨ ૧૫ વર્ષની ઉંમરે પાસ કર્યું હતું. ૧૯ વર્ષની ઉંમરે તેણે CA ટોપ કરીને ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ અને ગિનેસ વર્લ્ડ રેકોર્ડ્સમાં નામ નોંધાવ્યું હતું. નંદિની મધ્ય પ્રદેશના મોરેના નામના નાનકડા શહેરમાંથી આવે છે જેણે નવેમ્બર ૨૦૨૧માં ૧૯ વર્ષ, ૮ મહિના અને ૧૮ દિવસની ઉંમરે દેશના ૮૩,૦૦૦ ઉમેદવારોને પાછળ છોડીને CA ની પરીક્ષામાં પ્રથમ રેન્ક મેળવ્યો હતો.

નંદિની ધો.૧૧માં ભણતી હતી ત્યારે એક ગિનેસ (જુઓ.પાનું.૫)



### ટીમ ઇન્ડિયા સાંજે વિન્ડીઝથી નીકળશેઃ વાવાઝોડુ શાંતઃ કાલે દિલ્હીમાં ભવ્ય સ્વાગતની તૈયારીઃ ભારતીય બોર્ડે ખાસ ચાર્ટરની વ્યવસ્થા કરી

# રાજસ્થાનમાં બોલેરો ખરીદીને ઘરે આવતા થયો અકસ્માતઃ ૯ના મોત

### મૃતકોમાં છ મહિલા, બે બાળકો અને એક પુરુષ સામેલ



કરૌલી, તા.૨

રાજસ્થાનના કરૌલીમાં સોમવારે સાંજે કરૌલી-મંડારાયલ માર્ગ ડૂંડા વણાંક નજીક ટ્રક અને કારની વચ્ચે ભયંકર અકસ્માત થતાં ૯ લોકોના મોત થઈ ગયા.મૃતકોમાં છ મહિલા, બે બાળકો અને એક પુરુષ સામેલ છે. મૃતકોની લાશ કરૌલી હોસ્પિટલની મોર્ચરીમાં રાખવામાં આવ્યા છે. એડીએમ રાજવીર ચૌધરી હોસ્પિટલમાં પહોંચ્યા અને ઘાયલોની હાલચાલ જાણી. કલેક્ટર નીલાભ સક્સેના, એસપી બૃજેશ જયોતિ ઉપાધ્યાય પણ દુર્ઘટના સ્થળ પર પહોંચ્યા. રાહત અને બચાવ કાર્યોની જાણકારી લીધી. ઘટનાસ્થળ પર અધિકારીઓને જરૂરી દિશા નિર્દેશ આપ્યા.

તમામ મૃતક શ્યોપુરના રહેવાસી છે. મૃતક કૈલા દેવીથી બોલેરોનું પૂજન કરાવીને ઘરે આવી રહ્યા હતા. પાછા ફરતી વખતે ટ્રકની ટક્કરથી દુર્ઘટના થઈ અને નવ લોકોનો જીવ જતો રહ્યો. હાલમાં થોડા દિવસ પહેલા જ સેકન્ડ હેન્ડ બોલેરો ખરીદી હતી.

એસપી બ્રજેશ જયોતિ ઉપાધ્યાયે જણાવ્યું કે, ટ્રક અને બોલેરોની વચ્ચે અકસ્માત થયો છે. શરુઆતી સ્તર પર મળેલી જાણકારી અનુસાર, મૃતક શ્યોરપુરના રહેવાસી છે. મૃતકો પાસેથી શ્યોપુરના ડ્રાઈવિંગ લાયસન્સ મળ્યા છે. ૯ લોકોના મોત થયા છે અને ચાર ગંભીર રીતે ઘાયલ છે. મૃતકોના પરિવારને સૂચિત કરી દેવામાં આવ્યા છે.

આ બાજુ જિલ્લા પ્રભારી મંત્રી જવાહર સિંહ બેઢમે દુર્ઘટનાને લઈને કલેક્ટર નીલાભ સક્સેના સાથે ફોન પર વાત કરીને ઘટનાક્રમની જાણકારી લીધી. અધિકારીઓને સંવેદનશીલતા સાથે ઘાયલોની સારવાર કરવાના નિર્દેશ આપ્યા છે. તથા જરૂરી પગલા ઉઠાવવાના નિર્દેશ પણ આપ્યા છે.

# ગાંધીનગરમા અગ્નિકાંડ,ઝૂલતોપુલ,હરણી અને તક્ષશિલાના મામલે પીડિતો સાથે આંદોલન : મેવાણી

## રાજકોટમા અગ્નિકાંડ મામલે સરકારને ભીંસમા લાવ્યા બાદ સમગ્ર ગુજરાતની દુર્ઘટનાઓમા ન્યાય મૂદે આક્રમક લડાઈની તૈયારીઓ ચાલુ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨

રાજકોટમાં અગ્નિકાંડ મામલે કોંગ્રેસના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી,પ્રદેશ અગ્રણીઓ લાલજી દેસાઈ,પાલ આંબલિયા સહિતના નેતાઓએ રાજકોટમાં એક મહિનો પડાવ નાખ્યા બાદ પીડિતોના પરિવારોને ન્યાય અપાવવા ત્રણ ત્રણ આંદોલનના સફળ પડાવ પ્રદેશ અને શહેર કોંગ્રેસના સંગઠનને સાથે રાખી પાર કર્યા બાદ ગાંધીનગર ઢાંકણીમા પાણી લઈને મુખ્યમંત્રી આવાસનો ઘેરાવનો કાર્યક્રમની જાહેરાત કરી છે.જો કે ઈતિહાસિક રીતે રાજકોટ બંધને સફળતા મળ્યા બાદ આ ત્રણેય નેતાઓ પોતાના ઘરે હજુ નથી પહોચ્યા ! સુરત,બરોડા,બોટાદમા દુર્ઘટનાઓના પીડિતોના પરિવારો સાથે મળ્યા બાદ ગઈકાલના મોરબીમા ઝૂલતાં પુલના પીડિતોના પરિવારોને મળીને સમગ્ર કેસની તાગ મેળવીને ચર્ચાઓ કરી આગામી સમયમા લડતોની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ અંગે કોંગ્રેસના પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે મોરબીના ઝૂલતા પુલના દુર્ઘટનામા




મૃત્યુ પામનારના પરિવારો સાથે આજે બે-ત્રણ કલાક સુધી ઊંડાણપૂર્વક ચર્ચાઓ કરીને સમગ્ર માહિતીનો તાગ મેળવીને કોર્ટમાં કેસની સ્થિતિ, પરિવારોની આર્થિક સ્થિતિ, તપાસમા અધિકારીઓની કેવી ભૂમિકાઓ જેવી બાબતોનો પણ પરામર્શ કર્યો હતો. આ દુર્ઘટનામા અનેક પીડિત પરિવ-ારોએ પોતાની વ્યથા રજૂ કરી હતી જેમા એક પિતાએ જણાવ્યુ હતુ કે મારો એકનો એક પુત્ર ગુમાવ્યા બાદ હજુ મને રાત્રે ઊંઘ નથી આવતી! બીજા એક દાદાએ પોતાના ત્રણ નાના કુમળા પ્રપૌત્ર ગુમાવ્યા હતા જે તેઓના ત્રણેય ફોટાઓ આગેવાનોને બતાવતાં સમયે તેઓનું હૃદયદ્રવી ઉઠતા દુખના આંસુ વહેવા લાગ્યા હતા અને જણાવ્યુ હતુ કે હજુ સુધી અમારી કોઈએ હાલચાલ પૂછ્યા નથી,અમારા પર શુ વીતતી હશે એ અમને જ ખબર જ છે ! અમારે સરકાર કે જયસુખ ગમે તેટલી સહાય આપે તેને શુ ધોયને પીવી ! આક્રોશ સાથે અનેક પીડિતોએ જણાવ્યું હતુ કે મુખ્ય આરોપી તો પૈસાના પાવરએ જેલમાંથી છૂટી ગયો છે પણ અમને હજુ અમારા પરિવારજનો શાંતિથી રહી નથી શકતા ! જે પીડિતોના મુખ્ય કમાનાર વ્યક્તિ ગુમાવ્યા છે તેઓના ઘરે એક વાર પણ જયસુખ પટેલે રાશન પણ નથી મોકલાવ્યું ! અમારા મોરબીના રાજવી ખુબ ભલા છે તેઓ વિદેશમાંથી અહી આવીને બધાના હાલચાલ પૂછે છે અને ૬-૬ મહિના સુધી જરૂરિયાતમંદ પીડિતોને તમામ રીતે મદદ કરીને રાશન મોકલાવ્યું હતું.


ગુજરાતની તમામ મોટી દુર્ઘટનાઓ કે જેમા સરકાર અને વહિવટીતંત્રની લાપરવાહીના કારણે બની છે તેમા હવે કોંગ્રેસ પીડિતોના પરિવારોને ન્યાય મળે તે અર્થે સરકારને સપૂર્ણપણે ઘેરીને તપાસ નોનકરપ્ટેડ અધિકારીઓ પાસે સોંપવીને પીડિતોની માંગણીઓ જે જે છે તે પૂર્ણ કરવા આંદોલનો છેડવાના છે.આ અંગે કોંગ્રેસના સૂત્રોએ જણાવાયું હતુ કે અમે આ અંગે ગાંધીનગરમા તમામ દુર્ઘટનાઓના પીડિતોને સાથે રાખીને ૧૫૦૦૦ લોકોની સાથે સમગ્ર ગુજરાત કોંગ્રેસ મુખ્યમંત્રી આવસનો ઘેરાવ કરવાના છે જેથી સૂતેલી સરકાર જાગે અને પીડિતોની માંગણીઓ સ્વીકારાય. ભાજપ સરકારના મોટા નેતાઓ અને વહિવટીતંત્રમા ભ્રષ્ટ અધિકારીઓની મિલિભગતથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓમા કોઇ નિર્દોષ લોકોનો ભોગના બને તે માટે અમારો પ્રયાસ છે.

આગામી સમયમા અમે તમામ દુર્ઘટનાઓના પીડિતોના પરિવારોને સાથે રાખી કોર્ટથી માંડી રસ્તાઓમા લડવા માટે તેઓના પડખે ઉભા રહી માનવતા ધર્મ નિભાવશું. તેમ જણાવ્યું છે.

---

### ડો.શ્યામાપ્રસાદ મુખરજીના બલિદાન દિવસ અંતર્ગત

# શહેર યુવા ભાજપ દ્વારા તમામ વોર્ડમાં રક્તદાન કેમ્પ યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું કે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી તેમજ પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડો. પ્રશાંતભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ રાજકોટના તમામ વોર્ડમાં શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશનભાઈ ટીલવાની આગેવાનીમાં ડો. શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસ નિમિતે રકતદાન કેમ્પનુ આયોજન શહેરના વિવિધ વોર્ડમાં તબકકાવાર મેગા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ રકતદાન કેમ્પો થકી ૮૦૦ થી વધુ રકત બોટલ એકત્ર કરવામાં આવેલ હતું. આ તકે આ રકતદાન કેમ્પમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, સાંસદ પરશોતમભાઈ રૂપાલા, કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ઉદય કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડો. પ્રશાંત કોરાટ, પૂર્વ પ્રમુખ કમલેશ મીરાણી, મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ મેયર ડો. પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહીતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્ય કરી રકતદાન કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો. આ કેમ્પમાં તમામ વોર્ડના કોર્પોરેટરો, તમામ શહેર ભાજપ મોરચાના પ્રમુખ, મહામંત્રી, વોર્ડના પ્રભારી, પ્રમુખ, મહામંત્રી, કારોબારી સભ્ય સહિત બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ રકતદાન કેમ્પને સફળ બનાવવા કિશન ટીલવાની આગેવાનીમાં મહામંત્રી મીલન લીબાશીયા, સહદેવ ડોડીયા, સહિતના યુવા મોરચાના હોદેદારો અને કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી. તેમ જણાવ્યું છે.

---

### પ્રાંત અધિકારી અને મદદનીશ કલેકટરની અધ્યક્ષતામાં

# બી.આર.સી.ભવન અંજાર ખાતે સમીક્ષા બેઠક યોજાઈ




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨

પ્રાંત અધિકારી અને મદદનીશ કલેકટર સુનિલની અધ્યક્ષતામાં બ્લોક રિસોર્સ સેન્ટર અંજાર ખાતે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું. જે અંતર્ગત બ્લોક રિસોર્સ સેન્ટર ખાતે કાર્યરત એમઆઈએસ, આઈઈડી, શાળા બહારના બાળકોનું શિક્ષણ, વોકેશનલ ટ્રેડ, ટ્રાન્સપોર્ટેશન જેવા સમગ્ર શિક્ષાના વિવિધ વિભાગોની જાણકારી મેળવવામાં આવી સાથે સાથે સ્કૂલ ઓફ એક્સલેન્સ, આરટીઈ, એસએમસી, શાળા કક્ષાએ મળતી ગ્રાન્ટોનો ઉપયોગ જેવા વિવિધ પ્રોજેક્ટની તલસ્પર્શી માહિતી મેળવવામાં આવી અને સંબંધિત બાબતો પરત્વે યોગ્ય માર્ગદર્શન અને દિશા નિર્દેશ આપવામાં આવ્યા.

પ્રાંત અધિકારી સુનિલ દ્વારા બીઆરસી ભવન કેમ્પસમાં આવેલ કેજીબીવી પરિસરની પણ મુલાકાત લેવામાં આવી.

હાલ ચાલતી ચોમાસાની ઋતુ દરમિયાન કેજીબીવીમાં પાણી ભરાવાથી દીકરીઓને રહેવા, જમવા અને દૈનિક પ્રવૃત્તિઓ તથા અભ્યાસમાં પડતી મુશ્કેલીઓની જાણકારી મેળવી અને દીકરીઓની સલામતીને ધ્યાનમાં લઈને તાત્કાલિક ધોરણે અન્ય સલામત સ્થળે શિફ્ટ કરવા બાબતે ચર્ચા કરવામાં આવી. સાથે સાથે કેજીબીવીના નવનિર્માણ માટે જમીન સંપાદનની પ્રક્રિયા અંગે પણ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું સાથે સાથે સંબંધિત અધિકારીઓને જરૂરી દિશા નિર્દેશ કરવામાં આવ્યા.

આ મિટિંગમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બી.આર. સી.કો.ઓ., ટી.આર.પી., સી.આર.સી.કો. ઓ.ઓ તેમજ બ્લોક સ્ટાફ તમામ ઉપસ્થિત રહ્યો હતો. તેમ જણાવ્યું છે.

---

# આજી ડેમ તથા તેની આજુબાજુના પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ દ્વારા અવરજવર ન કરવા મનપા દ્વારા તાકીદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨

મહાનગરપાલિકા દ્વારા સિંચાઈ વિભાગ હસ્તકના આજી-૧ જળાશયમાંથી રાજકોટ શહેરની જનતા માટે પીવાના હેતુથી દૈનિક પાણીનો ઉપાડ કરવામાં આવે છે. આજી-૧ જળાશયની હાલની સપાટી ૨૧.૨૯ ફૂટ છે. આ ડેમ પ્રતિબંધિત વિસ્તાર હોવાથી ડેમના સંપુર્ણ વિસ્તારમાં માછીમારી કરવી, વાહનો ધોવા તેમજ નાહવા પર મનાઈ છે તેમજ આ પ્રકારની પ્રવૃતીને લીધે દુર્ઘટના થવાની પણ શકયતા રહેલી છે. તેમજ આગામી સમયમાં હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી કરવામા આવેલ હોય, ડેમના સ્ત્રાવક્ષેત્રમાં આ પ્રકારની પ્રવૃતીને લીધે જાનહાનીની શકયતા રહેલી છે. જેથી લોકોની સુરક્ષાને ધ્યાને લઈને આજી ડેમ તથા તેની આજુબાજુના પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ દ્વારા અવરજવર ન કરવા તેમજ જાહેર જનતાએ પાણીમાં નહાવા કે કોઈપણ જાતની પ્રવૃતી માટે ન ઉતરવા આથી મહાનગરપાલિકા દ્વારા તાકીદ કરવામાં આવે છે. તેમ જણાવ્યું છે.

**વાચકોએ નોંધ લેવી**

કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

---

### રાજસ્થાન ગૌ સેવા પરિષદના સંયુક્ત ઉપક્રમે

# ગૌ સેવાના વિષયક સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨



ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ (GCCI) અને રાજસ્થાન ગૌ સેવા પરિષદ દ્વારા તા.૧ - જુલાઈ - ૨૦૨૪, સોમવારના રોજ ગૌ સેવાના વિષયો પર સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવેલ. જેમાં GCCI ના સ્થાપક અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો.વલ્લભભાઈ કથીરિયા, રાજસ્થાન સરકારના પૂર્વ મંત્રી દેવીસિંહ ભાટી,પ.પૂ.સ્વામી વિમર્શાનંદ ગીરી મહારાજ, રાજસ્થાન GCCIના વડા ડો.હેમંત દધીચ, રાજસ્થાન ગૌ સેવા પરિષદના પ્રમુખ હેમ શર્મા, અરવિંદ મિદ્ધા અને રાજસ્થાન GCCIના અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

GCCI ગૌસંસ્કૃતિની પુનઃ સ્થાપના હેતુ દેશભરમાં ગૌરક્ષા, ગૌપાલન, ગૌસંવર્ધન અને ગૌઆધારિત આર્થિક સામાજીક અને આધ્યાત્મિક વિકાસ અર્થે ગૌચેતના જગાવવાનું ભગીરથ કાર્ય કરી રહી છે. ગૌરક્ષા, ગૌપાલન અને ગૌસંવર્ધનને પ્રોત્સાહિત કરવા ખેડૂતો, ગામ લોકો અને ગૌપાલકો ગાયો પાળતા થાય તે જરૂરી છે. ગાય જો આર્થિક રીતે પરવડે તો જ ખેડૂતો, ગૌપાલકો ગાય સાચવશે.

રાજસ્થાન ગો સેવા પરિષદની રચના ૨૦૧૬ માં કરવામાં આવી હતી. ગૌપાલકોને ગાયના ગોબર અને ગૌમૂત્રની કિંમત મળે અને ગાયના ગોબરમાંથી ખાતર અને ગૌમૂત્રમાંથી લિકવીડ બાયો ફર્ટીલાઈઝર બનાવવામાં આવે. જેના માટે દેશભરમાં ગૌ સાહસિકતાના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓ એક મંચ પર આવે જે ઉદ્દેશ્યોને પરિપૂર્ણ કરવા માટે રાજસ્થાન ગો સેવા પરિષદ દ્વારા ૨૦૧૯ માં જયપુર ખાતે દેશભરમાંથી આવી સંસ્થાઓના પ્રતિનિધિઓની ત્રણ દિવસીય રાષ્ટ્રીય પરિષદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભરમાંથી ૧૨૫ જેટલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. રાજસ્થાન ગો સેવા પરિષદે ગૌ ઉદ્યોગસાહસિકતા તરફ સરકારોનું ધ્યાન આકર્ષિત કરવા માટે રાષ્ટ્રીય સ્તરના ગૌ સાહસિકતા પ્રોત્સાહન પુરસ્કારની શરૂઆત કરી છે. રાજસ્થાન ગો સેવા પરિષદે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે દેશભરમાં આ દિશામાં કામ કરતી સંસ્થાઓ સાથે સંકળાયેલી છે.

આ મીટીંગમાં GCCI ના સ્થાપક ડો. વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું હતું કે રાજસ્થાન ગૌ ઉદ્યોગ સાહસિકતા અને વિકાસના અનેક ક્ષેત્રોમાં દેશમાં મોખરે છે. રાજસ્થાનમાંથી ગાયના છાણ અને ગૌ મૂત્રની પણ નિકાસ કરવામાં આવી રહી છે. ગૌ સંરક્ષણ અને વિકાસનો અવાજ પણ રાજસ્થાનમાંથી જ ઉઠ્યો છે. GCCI સરકારી સંસ્થાઓ સાથે મળીને એક છત્ર તરીકે તમામ કામ કરશે. રાજ્ય અને જિલ્લા સ્તરે તેના એકમોની રચના કરવામાં આવશે. તેમણે GCCI ના સમગ્ર વિઝન અને મિશન વિશે માહિતી આપી હતી.

આ પ્રસંગે પ.પૂ. સ્વામી વિમર્શાનંદજીએ ગાયને પૃથ્વીનું સ્વરૂપ ગણાવીને તેને પ્રકૃતિ, બુદ્ધિ, લાગણીઓ વગેરે સાથે જોડીને સૂક્ષ્મ સમજણ આપી હતી. તે જ સમયે, ભૂતપૂર્વ સિંચાઈ મંત્રી દેવી સિંહ ભાટીએ ગાય, ચરાણ અને પરંપરાઓ વિશે વિગતવાર વાત કરી હતી. તેમણે ગૌ સંરક્ષણ મુદ્દે રાષ્ટ્રીય સ્તરે GCCI સાથે કામ કરવાની પ્રતિજ્ઞા લીધી. પ્રો.હેમંત દધીચે ગાયની સ્થિતિની સમીક્ષા કરી, GCCIને આજ ના સમયની જરૂરિયાત ગણાવી.

આ મીટીંગમાં હેમ શર્માએ GCCI વિશે જણાવ્યું કે ગાય આધારિત ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં રાજસ્થાન રાજ્ય સ્તરે ગૌ ઉત્પાદનોનું માર્કેટિંગ, ઉત્પાદન, ઉત્પાદનોની ગુણવત્તા, વિવિધ સ્તરે સંકલન, કુદરતી ખેતી, બાયો ગેસ, આરોગ્ય પોષણ, પંચગવ્ય ઉપચાર, ગૌ ઉત્પાદન નિકાસ, આપત્તિ વ્યવસ્થાપન, ગૌ સંરક્ષણ અને વિકાસ, ડેરી ઉત્પાદનો, ગૌ ઓલાદ સુધારણા, વગેરે વિષયોમાં રાજ્ય એકમની સક્રિયતા સુનિશ્ચિત કરીને રાજ્ય સ્તરે ગૌ ઉદ્યોગસાહસિકતાને મજબૂત બનાવવી પડશે.

ભારત જેવા દેશને ગૌ આધારિત સાહસિકતાનું નવું ક્ષેત્ર આપવામાં આવ્યું છે. ગૌ આધારિત સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે દરેક રાજ્યની GCCI ની રચના કરવામાં આવી છે. રાજસ્થાનમાં GCCI ટીમ દ્વારા કામની ૩૪ શ્રેણીઓ બનાવી છે. જેમાં વિવિધ ક્ષેત્રોનું કાર્યકારી આયોજન કરવામાં આવ્યું છે. GCCI રાષ્ટ્રીય ટીમ દ્વારા કુલ ૩૩ જુદા જુદા વિભાગો માટે એક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જે મુજબ રાજસ્થાન વિભાગ અને અન્ય રાજ્યની ટીમ કાર્ય કરશે. કુલ ૧૧ પ્રતિનિધિઓનો એક વિભાગ બનાવવામાં આવશે, જેમાં એક સંયોજક અને ૧૦ કો-ઓર્ડિનેટર નામાંકિત કરવામાં આવશે.

કાર્યક્રમનું સંચાલન કરતી વખતે સુમિત શર્માએ GCCI ના કોન્સેપ્ટ વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત રાજસ્થાન GCCIના સભ્યોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમ જણાવ્યું છે.

---

### રાજકોટ મનપા સંચાલીત લાઈબ્રેરીઓમાં

# સીનીયર સીટીઝન, દિવ્યાંગો, થેલેસેમીયાગ્રસ્તોને પુસ્તકનું સભ્યપદ ફ્રીમાં અપાશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨

મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સ્ટે કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ બજેટના અનુસંધાને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા ગત સપ્તાહે તમામ લગત શાખાધિકારીઓ સાથે બજેટમાં જાહેર થયેલ યોજનાઓની અમલવારીનાં સ્ટેટસ રીવ્યુ અંગે મીટીંગ કરવામાં આવેલી, જેના ભાગરૂપે લાયબ્રેરી વિભાગ અંગે સ્ટે.કમિટી ચેરમેન દ્વારા વિસ્તૃત માહિતી મેળવવામાં આવી હતી.

મહાનગરપાલિકા સંચાલિત શહેરનાં વિવિધ વિસ્તારોમાં પુસ્તકાલય તથા વાંચનાલય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. જેમાં, વોર્ડ નં.૭ માં કેનાલ રોડ સ્થિત પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય તથા ગાંધી મ્યુઝીયમમાં ગાંધી મ્યુઝીયમ લાઈબ્રેરી, વોર્ડ નં.૨ માં શ્રોફ રોડ સ્થિત દતોપંત ઠેંગડી પુસ્તકાલય, વોર્ડ નં.૮ માં નાનામવા સર્કલ પાસે મહિલા એક્ટીવીટી સેન્ટરમાં મહિલા વાંચનાલય, વોર્ડ નં.૯ માં રૈયા રોડ સ્થિત બાબુભાઈ વૈદ્ય લાઈબ્રેરી, વોર્ડ નં.૧૪ માં જિલ્લા ગાર્ડનમાં આવેલ ડો.બાબા સાહેબ આંબેડકર પુસ્તકાલય તથા વોર્ડ નં.-૬ મા ચાણક્ય પુસ્તકાલય, ગોવિંદબાગ શાક માર્કેટ પાસે અને બહેનો તથા બાળકો માટેનાં ફરતા પુસ્તકાલય યુનીટ નં.૧ યુનીટ નં.૨, હાલ કાર્યરત્ત છે. સાથે સાથે વોર્ડ વાઈઝ વિધાર્થિઓ માટે વાંચનાલયો પણ કાર્યરત છે. જેનાં દ્વારા વિવિધ લાઈબ્રેરી સેવાઓ જેવી કે વાંચનાલય ખંડ સેવા, મેગેઝીન કલબ સેવા, પુસ્તક આપ-લે સેવા, સંદર્ભ ગ્રંથ સેવા, વિદ્યાર્થીઓને વાંચનાલય ખંડ સેવા, સ્ટુડન્ટ સ્ટડી કોર્નર, મલ્ટી મીડીયા નેટ કલબ, ચિલ્ડ્રન ટોયઝ લાઈબ્રેરી, મીની થીએટર અંતર્ગત વિવિધ સેવાઓ, બાળસાહિત્ય સંગ્રહ, વાઈફાઈ સેવા, સાથે સાથે વ્યાખ્યાન, ગોષ્ઠી, પુસ્તક વાર્તાલાપ જેવા કાર્યક્રમો પણ આપવામાં આવી રહ્યા છે.

મહાનગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીઓમાં ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪ -૨૫ અંતર્ગત ઉપરોક્ત સંદર્ભ -૧ નો સ્ટે. કમિટીના ઠરાવ તથા સંદર્ભ -૨ જનરલ બોર્ડના ઠરાવથી બજેટમા મંજુર કરવામાં આવેલ અને જે અંતર્ગત ચેરમેન, સ્ટે. કમિટી, મહાનગરપાલિકા દ્વારા વયસ્ક નાગરીકો (સીનીયર સીટીઝન), દિવ્યાંગો, થેલેસેમિયા તથા જુવેનાઈલ ડાયાબીટીક નાગરીકોને મહાનગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીઓમા પુસ્તકનુ સભ્યપદ ફી (મફત) આપવાની જાહેરાત કરવામાં આવેલ હોય, જેના અનુસંધાને મહાનગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીઓમા સીનીયર સીટીઝન, દિવ્યાંગો, થેલેસેમીયાગ્રસ્ત, જુવેનાઈલ ડાયાબીટીસગ્રસ્તને લાઈબ્રેરીમાં પુસ્તકનુ સભ્યપદ ફ્રીમાં આપવાની પ્રથાનું અમલીકરણ તાત્કાલિક ધોરણે શરૂ કરાવવા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરે સબંધીત અધિકારીઓને આ મીટીંગમાં સુચનાઓ આપેલ.

આ અંગે વિગતવાર માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર એક યાદીમાં જણાવે છે, કે વયસ્ક નાગરીકો (સીનીયર સીટીઝન), દિવ્યાંગો, થેલેસેમિયા તથા જુવેનાઈલ ડાયાબીટીસગ્રસ્તને પુસ્તકના સભ્યપદ માટે ચુકવવા પાત્ર રકમમાં મુક્તિ આપવામાં આવશે, જેમાં સભ્ય થવાનાં અરજીપત્રક માટેની રકમ (પુસ્તક માટે)ની હાલની ફી રૂ.૫ માં મુક્તિ, દાખલ ફી (પુસ્તક માટે)ની હાલની ફી રૂ.૧૫ માં મુક્તિ, માસિક લવાજમ એક પુસ્તકની હાલની ફી રૂ.૮ માં મુક્તિ તેમજ માસિક લવાજમ બે પુસ્તકની હાલની ફી રૂ.૧૨ માં મુક્તિ આપવામાં આવશે. જેમાં હાલમાં પ્રવર્તમાન અનામત રકમ એક પુસ્તકનાં (રીફંડેબલ) રૂ.૫૦, અનામત રકમ બે પુસ્તકનાં (રીફંડેબલ) રૂ.૧૦૦, અતિદેય (પ્રતિ દિવસ-૧ પુસ્તક માટે લેઈટ ફી, નોન-રીફંડેબલ) રૂ.૧ મુજબ યથાવત રહેશે.

આ ઉપરાંત, નીચે મુજબની શરતો અને નિયમો મુજબ પુસ્તકનુ સભ્ય પદ મેળવવા માટે અરજી પત્રક, દાખલ ફી તથા વાર્ષિક લવાજમ સિવાયની અન્ય રકમ ચુકવવાની રહેશે. આ માટે જરૂરી આધાર પુરાવા સાથે નજીકની લાઈબ્રેરીનો રૂબરૂમાં સંપર્ક કરી મહત્તમ લાભ લેવા અપિલ કરવમાં આવે છે.

૧. ફકત રાજકોટ શહેરમાં વસતા સીનીયર સીટીઝન, દિવ્યાંગો, થેલેસેમીયાગ્રસ્ત, જુવેનાઈલ ડાયાબીટીસ ગ્રસ્તને જ લાઈબ્રેરીમાં પુસ્તકનુ સભ્યપદ ફ્રી આપવામાં આવશે. ૨. સીનીયર સીટીઝન નાગરીકોએ પુસ્તકનું ફ્રી સભ્યપદ મેળવવા માટે સક્ષમ ઓથોરીટી દ્વારા સીનીયર સીટીઝન અંગેનુ પ્રમાણ પત્ર રજુ કરવાનુ રહેશે. ૩. દિવ્યાંગ નાગરીકોએ પુસ્તકનુ ફ્રી સભ્યપદ મેળવવા માટે માન્ય સરકારી હોસ્પિટલના ડોક્ટરી પ્રમાણપત્ર મુજબ અંધજનને ૧૦૦% તથા અપંગ અને બહેરા-મુંગા દિવ્યાંગોને મીનીમમ ૪૦% નું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ૪. થેલેસેમીયા ગ્રસ્ત નાગરીકોએ પુસ્તકનુફ્રીસભ્યપદ મેળવવા માટે માન્ય સરકારી હોસ્પિટલના ડોક્ટરી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ૫. જુવેનાઈલ ડાયાબીટીક નાગરીકોએ પુસ્તકનુ સભ્યપદ મેળવવા માટે માન્ય સરકારી હોસ્પિટલના ડોક્ટરી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ૬. સીનીયર સીટીઝન,દિવ્યાંગો, થેલેસેમીયાગ્રસ્ત, જુવેનાઈલ ડાયાબીટીસ નાગરીકોએ આધારકાર્ડ-ઈલેક્શન કાર્ડ અથવા કોઈપણ એક રાજકોટ શહેરના રહેઠાણના પુરાવાની ઝેરોક્ષ નકલ રજુ કરવાની રહેશે.૭. આ સિવાય લાઇબ્રેરીનાં તમામ પ્રકારના સામાન્ય નીતિ અને નિયમો આ ચારેય કેટેગરીને લાગુ પડશે.

વિશેષમાં, સ્ટે.કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા આવનારા દિવસોમાં બજેટમાં મંજૂર થયેલ કામોની સમીક્ષા તથા બજેટમાં ઉમેરવામાં આવેલ નવી યોજનાઓના અમલીકરણ માટે લગત અધિકારીઓ સાથે સમયાંતરે બજેટ અન્વયે કરેલ કામગીરી અંગે બેઠક કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## તંત્રી લેખ

# નવીન પ્રવેશ પ્રણાલિકા

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મંજૂર થયાના લગભગ ચાર વર્ષ પછી, ૨૦૨૦માં વધુ સુધારાઓ શરૂ કરવામાં આવ્યા હતા. હવે તેમાં ફરી કેટલાક નવાં પરિવર્તન કરવામાં આવ્યાં છે. આ પરિવર્તન દેશના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્ર સાથે સંબંધિત છે, જેમાં ચાર કરોડ વિદ્યાર્થીઓ સંકળાયેલાં છે. દેશભરમાં ફેલાયેલી વિવિધ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં આશરે ૨૦ લાખ શિક્ષકો છે. નવીનતમ ફેરફાર અંડરગ્રેજ્યુએટ કક્ષાથી શરૂ કરીને વર્ષમાં બે વખત તમામ ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમોમાં પ્રવેશની પ્રણાલી સાથે સંબંધિત છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી)એ તાજેતરમાં યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને વર્ષમાં બે વાર પ્રવેશ આપવા માટે પરવાનગી આપી છે. એકવાર જુલાઈ-ઓગસ્ટમાં અને ફરી જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં. આ પગલું આવકાર્ય હોવું જોઈએ, કારણ કે તેનાથી એવા વિદ્યાર્થીઓને ફાયદો થશે કે જેઓ પરીક્ષાના પરિણામોમાં વિલંબ, સ્વાસ્થ્યનાં કારણો અથવા કોઈ પણ વ્યક્તિગત કારણોસર જુલાઈ-ઓગસ્ટમાં પ્રવેશ લઈ શકતા નથી.

હવે તેઓ એક વર્ષ રાહ જોયા વિના તેમના મનપસંદ કોર્સમાં છ મહિના વહેલાં પ્રવેશ મેળવી શકશે. યુજીસીને આશા છે કે આ મોડેલ અપનાવવાથી પ્રવેશ ગુણોત્તરમાં સુધારો થશે, એટલું જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સહયોગ અને વિદ્યાર્થીઓના વિનિમયમાં પણ સુધારો થશે, જેથી વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મકતામાં સુધારો થશે. આનાથી ભારતને આંતરરાષ્ટ્રીય શિક્ષણનાં ધોરણોની સમકક્ષ લાવવામાં મદદ મળશે. દુનિયાના અનેક દેશોના વિદ્યાર્થીઓ ભારત આવતા થયા છે. જે રીતે કેનેડા, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, રશિયા અને કેટલાક સ્કેન્ડિનેવિયન દેશો આ રેસમાં છે તેમાં ભારત પણ તબક્કાવાર જોડાવાની મહત્ત્વાકાંક્ષા રાખે છે. ઓલ ઈન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન મુજબ, ઈ.સ. ૨૦૨૧-૨૨માં ઉચ્ચ શિક્ષણમાં નોંધણીની અખિલ ભારતીય સરેરાશ ૨૮.૪ ટકા હતી, જે પાછલાં વર્ષો કરતાં વધુ સારી હતી અને જેમાં સતત સુધારો થઈ રહ્યો છે.

વર્ષમાં બે વખત પ્રવેશ આપવાની સિસ્ટમ ફરજિયાત બનાવવામાં આવી નથી અને તે યોગ્ય છે. યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ નક્કી કરવાનું છે કે તેઓ નવી સિસ્ટમ અપનાવવા ચાહે છે કે નહીં. કેટલીક યુનિવર્સિટીઓ વિશે એવા સમાચાર છે કે તેઓ તેને આગામી શૈક્ષણિક સત્રથી લાગુ કરવાનું વિચારી રહી છે. તે પસંદગીના અભ્યાસક્રમોમાં પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવશે. જોકે, નવી સિસ્ટમ અપનાવનાર ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે તેવી દહેશત પણ છે. ઉદાહરણ તરીકે, તે સ્પષ્ટ નથી કે શું આ વિદ્યાર્થીઓ સામાન્ય બેચ અને તેમના શૈક્ષણિક કેલેન્ડર સાથે સમાયોજિત કરી શકશે અથવા તેઓને તેમના શૈક્ષણિક કેલેન્ડર સાથે નવી શરૂઆત કરવાની તક મળશે કે કેમ. કદાચ સંસ્થાઓએ એક જ વર્ષના વિદ્યાર્થીઓ માટે બે અલગ-અલગ સેમેસ્ટર લેવા પડશે.

OM CATRERS
Best Food For All Occassion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શાળા પ્રવેશોત્સવનો સમાપન

## આજ રોજ છેલ્લા દિવસે કુલ ૧૫૨૧ બાળકો સાથો સાથ ૩ દિવ્યાંગ બાળકોને પ્રવેશ અપાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૨

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ આયોજીત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના ત્રિદિવસીય કાર્યક્રમના અંતિમ દિવસે રૂટ નં. ૧ થી ૧૧ માં ૯૬, ૧૫, ૭૨, ૪૯, ૨૩, ૭૮, ૫૮, ૯૬બી, ૯૯, ૯૫, ૯૪, ૬૪બી, ૬૩, ૬૫, ૫૧, ૬૨, ૯૨, ૬૪, ૮૩, ૮૨, ૮૧, ૧૯, શ્રી કોઠારીયા તાલુકા શાળા, શ્રી ગુલાબનગર પ્રા. શાળા, શ્રી કે.કે.કોટેચા તાલુકા શાળા, લક્ષ્મીનારાયણ પ્રા. શાળા, મુંજકા-૧, મુંજકા-૨ ખાતે શિક્ષણ સમિતિની કુલ : ૨૮ અને શહેરની અન્ય માધ્યમિક ૧૩ શાળાઓ સાથે જોડાયેલ. શાળાઓમાં ભૂલકાઓના રમત-ગમત સાથે ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં બાલવાટીકામાં ૬૭૦ ભૂલકાઓ, ધો. ૧, ના ૧૫૦ કુમાર અને ૧૩૬ કન્યાઓ મળી કુલ ૨૮૬ બાળકોને શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો. આંગણવાડીમાં ૨૬૯ કુમાર અને ૨૭૬ કન્યાઓ મળી કુલ ૫૬૫ બાળકોને પ્રવેશ કરાવવામાં આવ્યો. તેમજ સાથો સાથ ૧ (એક) કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડનું વિતરણ કરવામાં આવેલ.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમ પુજારા, વાઈસ ચેરમેન ડો. પ્રવીણકુમાર નિમાવત અને શાસનાધિકારી કિરિટસિંહ પરમારના વડપણ હેઠળ આ કાર્યક્રમોમાં મેયર નયનાબેન પેઢડીયા, મોહનભાઈ કુંડારિયા-પૂર્વ સાંસદ, ડો.દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા - ધારાસભ્ય, રાજકોટ શહેર, વિશાલ ગુપ્તા (IAS), એડી.રૂરલ ડેવલોપમેન્ટ કમિશનર, ગાંધીનગર, મહેન્દ્ર બગડિયા (IPS), જોઈન્ટ પોલીસ કમિશનર, સજ્જનસિંહ પરમાર (IPS), DCP ઝોન-૧, રાજકોટ શહેર, સ્વપનીલ ખરે (IAS), ડે.કમિશનર, રા.મ્યુ.કો., ડો. જે.એચ.ઓઢવાણી - જનરલ એડમિનિસ્ટ્રેશન સચિવાલય ગાંધીનગર, નરેન્દ્રસિંહ જાડેજા, ડે. મેયર, રા.મ્યુ.કો., લીલુબેન જાદવ - નેતા રા.મ્યુ.કો., મનીષભાઈ રાડીયા - દંડક રા.મ્યુ.કો., કમલેશભાઈ મિરાણી - પૂર્વ પ્રમુખ રાજકોટ શહેર ભાજપ, ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, પૂર્વ ધારાસભ્ય, ડો. પ્રદીપભાઈ ડવ, પૂર્વ મેયર, રા.મ્યુ.કો., પુષ્કરભાઈ પટેલ - પૂર્વ ચેરમેન સ્ટેન્ડીંગ કમિટી રા.મ્યુ.કો., વિનુભાઈ ઘવા, પૂર્વ નેતા, શાશક પક્ષ, રા.મ્યુ.કો., નરેન્દ્રસિંહ ઠાકુર, કિશોરભાઈ રાઠોડ, - પૂર્વ મહામંત્રી રાજકોટ શહેર ભાજપ, સુરેન્દ્રસિંહ વાળા, ચેરમેન, સમાજ કલ્યાણ સમિતિ, રા.મ્યુ.કો., ચેતનભાઈ નંદાણી વગેરે અધિકારીઓની પ્રવેશોત્સવની શાળાઓમાં પ્રેરણાદાયક ઉપસ્થિતિ રહી હતી.તેમ જણાવ્યુ છે.

# રેલવે સ્ટેશન નજીકથી ત્રણ ચોરાઉ બાઈક સાથે બે શખ્સો ઝડપાયા



રાજકોટ તા.૨

રેલવે સ્ટેશન નજીકથી ત્રણ ચોરાઉ બાઈક સાથે બે શખ્સોને પ્ર. નગર પોલીસે પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત વિગત મુજબ, પ્રદ્યુમનનગર પોલીસ મથકના પીએસઆઈ બી.વી.ચુડાસમા તથા સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન કોન્સ્ટેબલ ચાપરાજભાઈ ખવડ, તોફીકભાઈ મંધરાને મળેલ બાતમીનાં આધારે રેલ્વે સ્ટેશન મેઈન રોડ, ગુરૂદ્વારાથી આગળ આવેલ પોપટપરા નાલા પાસેથી ચોરાઉ બાઈક સાથે વિશાલ ભરત મેવાસિયા (રહે.શિવનગર શેરી નં-૨, ગ્રીનલેન્ડ ચોકડી પાસે), આનંદ શાંતીલાલ રાધુરિયા (રહે. રાજલક્ષ્મી સોસાયટી શેરી નં-૪) ને પકડી પાડયા હતા. આરોપીએ અન્ય બે બાઈક પણ ચોરી કર્યાનું કબુલાત આપી હતી. પોલીસે વધું ચોરીના ભેદ ઉકેલવા સઘન પૂછતાછ હાથ ધરી હતી.

# નવાગામમાં ચોરીનો ભેદ ઉકેલાયો : ચાર ઝડપાયા

રાજકોટ તા.૨

નવાગામમાં આવેલ મારૂતી એન્ટરપ્રાઈઝના શો રૂમમાંથી થયેલ રૂા. અઢી લાખના ટીવી અને હોમ થીયેટરની ચોરીનો ભેદ કુવાડવા રોડ પોલીસે ગણતરીની કલાકોમાં ઉકેલી નવાગામના જ ચાર શખ્સોને ઝડપી ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બનાવ અંગેની વિગત મુજબ નાનામવા રોડ પર જીવરાજ પાર્કમાં સ્પીડવેલ હાઈટ્સમાં રહેતા વિવેકભાઈ રજનીકાંતભાઈ ચનીયારા (ઉ.૨૯)એ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું હતું કે તેઓને નવાગામમાં મારૂતી એન્ટરપ્રાઈઝ નામનો શોરૂમ ધરાવે છે

જેમાં તેઓ ઈલેકટ્રોનીકસ વસ્તુઓનું વેચાણ કરે છે. ગઈ તા.૨૯ના તેઓ શોરૂમ બંધ કરી ઘરે ગયા બાદ બીજા દિવસે પરત ફરતા શોરૂમનું તાળુ તૂટેલુ હતું અને અંદરથી ૧૦ ટીવી બે હોમ થીયેટર, બે સાઉન્ડ બાર મળી કુલ રૂા.૨.૫૦



લાખનો મુદામાલ કોઈ અજાણ્યા શખ્સો ચોરી ગયાનું જાણવા મળતા ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ વી.આર. રાઠોડ અને ટીમે તપાસ હાથ ધરી હતી. દરમ્યાન પીએસઆઈ અજય નિમાવત અને ટીમને મળેલ ચોકકસ બાતમીના આધારે શોરૂમમાંથી ચોરી કરનાર હેમાંગ જગદીશ ઝીંઝુવાડીયા (ઉ.૧૯) સુનીલ રણછોડ મોરવાડીયા (ઉ.૨૦) દર્શન જાદવ ગોધાણી (ઉ.૨૧) અને ભાવીન વિનોદ મોરવાડીયા (ઉ.૧૯) રહે. તમામ નવાગામને ગણતરીની કલાકોમાં દબોચી ચોરીમાં ગયેલ તમામ રૂા.૨.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પૂછતાછ હાથ ધરી હતી. પૂછતાછમાં તસ્કરોએ જણાવ્યું હતું કે તેઓએ મોજશોખ માટે રૂપિયા ઘટતા ચોરી કરી હતી.

# આનંદનગર કવાર્ટરમાંથી રેઢો ૯૬ બોટલ દારૂ ઝડપાયો

## ક્રાઈમ બ્રાંચની ટીમે મુદ્દામાલ કબ્જે કરી બુટલેગરની શોધખોળ આદરી



રાજકોટ તા.૨

ક્રાઈમ બ્રાન્ચે કોઠારીયા મેઈન રોડ, આનંદનગર કોલોની કવાર્ટરની બાજુમા ઓરડીમાંથી દારૂની ૯૬ બોટલ કબ્જે કરી આરોપી સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ રાઠોડ, વિજયરાજસિંહ જાડેજા, સંજયભાઈ દાફડા તથા કોન્સ્ટેબલ વિજયભાઈ મેતા, કુલદિપસિંહ જાડેજા, દિપલબેન રાજેશભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન ખાનગી રાહે હકીકત મળેલ કે,વનરાજ દિપકભાઈ ઉર્ફે દલાભાઈ ડાવેરા નામનો ઈસમ કોઠારીયા મેઈન રોડ, આનંદનગર કોલોની કવાર્ટર બ્લોક નં. એચ-૮ ની દિવાલની બાજુમાં આવેલ ભાડાની ઓરડીમાં દારૂનો જથ્થો રાખેલ છે. જે બાતમીના આધારે દરોડો પાડી તે સ્થળેથી ઓરડીમાંથી દારૂની ૯૬ બોટલ કબ્જે કરી રૂ.૩૩,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે વનરાજ દિપકભાઈ ઉર્ફે દલાભાઈ ડાવેરા સામે ગુનો દાખલ કરી શોધખોળ હાથ ધરી છે.

# જસદણ ખેડૂત પર પિતા-પુત્રોનો હુમલો

## જસદણ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા



રાજકોટ. તા.૨

જસદણના ભડલી-મોઢુકા રોડ પર જઈ રહેલા નરેશભાઈ ખાચરની કાર આંતરી ખેડૂત અશોક ધાંધલ અને તેના બે પુત્રોએ માર-ામારી કરી કારમાં તોડફોડ કરી હતી. જે બાદ જમીનમાં પગ મુકીશ તો તને જીવતો નહી રહેવા દઈએ તેવી ધમકી આપતાં જસદણ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગે બાબરાના ખંભાળા ગામમાં રહેતાં નરેશભાઈ અમરાભાઈ ખાચર (ઉ.વ.૫૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અશોક ઉનડ ધાંધલ, ઉદય અશોક ધાંધલ, જયરાજ અશોક ધાંધલ (રહે. લાતી પ્લોટ, જસદણ) નું નામ આપતાં જસદણ પોલીસે બીએનએસ ૧૧૫(૨), ૩૨૪(૪), ૩૫૧(૩), ૩૫૨ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ખેતીકામ કરે છે. તેઓ બાબરાના ખંભાળા ગામની સીમમાં આવેલ ખેતીની જમીનની બાજુમાં જસદણના અશોકભાઈ ધાધલની ખેતીની જમીન આવેલ હોય, જમીન બાબતે અગાઉ ઝઘડા થયેલ હતો. દરમિયાન તેઓ ગઈકાલે સવારના સમયે મોટા ભાઈ ભુપતભાઈ તેમજ કૌટુંબિક ભાઈઓ સાથે કાર નં. જીજે-૧૪-બીડી-૬૨૪૪ લઈને સાયલાના સેજકપર ગામે તેમના દીકરા રાજદીપની સગાઇનું નક્કી કરવા માટે જવા નિકળેલ હતા. ભડલીથી મોઢુકા તરફ રોડ ઉપર જતા હતાં ત્યારે સોમલપર ગામની સીમમાં વનાળાના કાચા રસ્તે રોડ પહોંચતા અચાનક એક સફેદ બોલેરો ગાડી આગળ આવી ઉભી રહી ગઈ હતી.

બોલેરોમાંથી ઉદય ધાધલ તેના પિતા અશોક ધાધલ તથા તેનો ભાઇ જયરાજ ધાધલ લાકડાના ધોકા લઈ નીચે ઉતરેલ અને અશોકે તેઓની કારમાં લાકડાના ધોકા વડે ગાડીના આગળના કાચમાં ઘા મારેલ અને તેના બંને દીકરા ઉદય તથા જયરાજે ધોકા વડે ડ્રાઇવરની સાઇડના કાચ અને પાછળના કાચમાં ઘા મારી કાચ ફોડી નાખેલ હતાં.

બાદમાં તેઓ ગાડીમાંથી નીચે ઉતરતા ત્રણેય શખ્સોએ ગાળો આપી ઢીકાપાટુ મારવા લાગેલ અને કહેલ કે, ખંભાળાની તારી જમીનમાં પગ મુકીશ તો તને જીવતો નહી રહેવા દઈએ તેમ ધમકી આપી નાસી છૂટ્યા હતાં. બાદમાં તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી જસદણ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# ઘરેલુ હિંસાની ફરીયાદમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૨

ફરીયાદી દ્વારા તેમના પાટી તેમજ સાસુ-સસરા સામે રાજકોટ મહિલા પો.સ્ટેમા ફરીયાદ નોંધવામા આવેલ હતી અને જે સબબ પોલીસ દ્વારા આરોપી ની ધરપકડ કરવામા આવેલ હતી અને ચાર્જશીટ કરવામા આવેલ હતુ અને આ કામની ટ્રાયલ ચાલી જતા આરોપીઓને નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ રાજકોટની કોર્ટ દ્વારા ફરમાવામા આવેલ હતો.આ કેસની ફરીયાદમા જણાવ્યા મુજબની ટુકમા હકીકત એવી છે કે, ફરિયાદી પ્રીતિબેન જગદીશભાઈ ભલા કે જેઓ નવા પ્લોટ સરધાર મુકામે રહે છે તેમની ફરિયાદ હકીકત જોવામાં આવે તો આ ફરિયાદીના લગ્ન તેમની જ્ઞાતિના રીત રિવાજ મુજબ થયેલ હતા લગ્ન બાદ ફરિયાદી તેમની સાસરીયામાં ત્રણેક માસ તેમના પતિ અને સાસુ સસરા સાથે રોકાયેલા હતા અને પતિનો કામ ધંધો સારી રીતે ચાલતો ન હોય અને ફરિયાદી પોતાના માવતરનું એકનું એક સંતાન હોય જેથી તેઓ રાજી ખુશીથી પોતાના પતિને લઈ અને પોતાના માવતરે રહેવા ગયેલ હતા અને આ લગ્નજીવનથી તેમને સંતાનમાં બે બાળકો છે જે બંને બાળકો હાલ ફરિયાદી પાસે છે થોડો સમય પતિ પત્ની ફરીયાદીના માવતરમાં સારી રીતે રહેલ હતા. ત્યારબાદ લગ્ન જીવનથી દીકરીનો જન્મ થયા બાદથી ઘરકામ બાબતે ફરિયાદીને તેમના પતિ દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપવાનું ચાલુ કરેલું અને ફરિયાદીના પતિ કામ ધંધે જવાનું બંધ કરી દીધેલ અને ઘર ખર્ચના પૈસા પણ આપતા નહીં અને પૈસાની માંગણી કરતા ફરિયાદીના પિતાને આરોપી જેમ ફાવે એમ ગાળો આપી અપશબ્દ બોલતા અને ઢીકા પાટુનો માર મારતા જેથી આ વાત ફરિયાદી દ્વારા તેમના સાસુ રાણીબેન તથા સસરા કલ્યાણભાઈને કહેતા તેઓએ તેમના પતિ જગદીશભાઈ ને સમજાવવાને બદલે ઊલટાનો ફરિયાદીનો વાંક કાઢી ફરિયાદી સાથે ઝઘડો કરેલ અને ફરિયાદીના પતિને ફરિયાદી વિરુદ્ધ ચડામણી કરતા હતા જેથી ફરિયાદી અને તેમના પતિ વચ્ચે ઝઘડો થતો હતો જેથી ફરિયાદી દ્વારા તેમના પતિ જગદીશભાઈ કલ્યાણભાઈ ભલ્લા તેમજ સાસુ રાણીબેન કલ્યાણભાઈ ભલ્લા તેમજ સસરા કલ્યાણભાઈ ભલ્લા સામે વિગતવારની ફરિયાદ નોંધાવેલ હતી. જે સબબ પોલીસ દ્વારા ત્રણે આરોપીઓની અટક કરવામાં આવેલ હતી અને તેઓ વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ હતુ.

જરૂરી કાયદાકીય પ્રકિયાના ભાગ રૂપે હાલના કામે જરૂરી મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તપાસવામા આવેલ હતા અને આ કામે બચાવ પક્ષે આરોપી તરફેની જરૂરી રજુઆતો કરવામા આવેલ હતી તેમજ ફરીયાદ પક્ષનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો જોતા ફરીયાદી તથા સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેમજ એવી કોઈ ચોક્કસ હકીકત આવેલ ન હોય અને આરોપીઓ સામેની આક્ષેપીત હકીકત પુરવાર થતી ન હોય જેથી આરોપીઓને નીર્દોષ ઠરાવી છોડી મુકવા માંગણી કરેલ હતી.

ઉપરોક્ત તમામ હકીકતો તેમજ દલીલો ધ્યાને લઈ કોર્ટ મંતવ્ય ઉપર આવેલ કે ફરીયાદપક્ષ પોતાનો કેસ નીઃશંકપણે સાબીત કરી શકેલ ન હોય આરોપીઓને નીર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવેલ છે.

આ કેસમા ત્રણે આરોપીઓ વતી એડવોકેટ સાહિસ્તા એસ.ખોખર,રણજીતભાઈ એમ.પટગીર, દયા છાયાણી,નીમેશ જાદવ, રોકાયેલ હતા.

# ચેક રીર્ટનના કેસમાં આરોપીને બે વર્ષની સજા

## ચેક મુજબનું વળતર ૬% વ્યાજ સહી ચુકવવા હુકમ કરતી રાજકોટ કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૨

ફરિયાદી અનિલભાઈ હમીરભાઈ સોલંકીએ આરોપી ચુડાસમા વિરમભાઈ માલદેભાઈ વિરૂધ્ધ રાજકોટની કોર્ટમાં રૂા. ૩,૦૦,૦૦૦ ની ચેક રીર્ટનની ફરીયાદ સને ૨૦૨૧ માં દાખલ કરેલ હતી જે કેસ ચાલી જતા આરોપી દ્વારા સંપુર્ણ ટ્રાયલ ચલાવવામાં આવેલ હતી અને આરોપીને વોરંટના કામે ટ્રાયલ દરમ્યાન જેલમાં પણ મોકલવવામાં આવેલ હતા અને આરોપીએ રકમ લીધેલ હોવા છતા પરત ન કરતા સંપુર્ણ કેસ દરમ્યાન ફરીયાદીએ પુરાવાઓ રજુ કરી તેનો કેસ પુરવાર કરેલ હતો તેમજ ફરીયાદીના એડવોકેટ દ્વારા લેખીત દલીલ રજુ કરવામાં આવેલ હતી તેમજ બેંક સાક્ષી તપાસમાં આવેલ હતા અને સુપ્રીમ કોર્ટના જજમેન્ટો રજુ કરવામાં આવેલ હતા. જેથી કોર્ટે આરોપી ચુડાસમા વિરમભાઈ માલદેભાઈને ચેક રીર્ટનના કેસમાં બે વર્ષની સજાનો હુકમ કરેલ હતો તેમજ રૂા.૩,૦૦,૦૦૦ % વ્યાજ સહિત ફરીયાદીને ચુકવવા હુકમ કરેલ હતો અને જો તે રકમ ના ચુકવે તો ૫-માસની વધુ સજા ભોગવવા હુકમ કરેલ હતો.



ફરીયાદી તરફે ધારાશાસ્ત્રી મકવાણા હિતેશ ધીરજલાલ રોકાયેલ હતા.

# અમરેલી જીલ્લામાં મેઘાવી માહોલ : ગરમીમાં ઘટાડો

## અમરેલી જિલ્લામાં હળવાથી લઈને પાંચ ઈંચ વરસાદ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી મેઘાવી માહોલ જામેલ હોય. અમરેલી જિલ્લામાં છેલ્લા ૧૨ કલાક દરમિયાન અમરેલી, વડીયા, લાઠી, લીલીયા, સાવરકુંડલા, બાબરા, ખાંભા, બગસરા, જાફરાબાદ, રાજુલા સહિતના પંથકમાં હળવાથી લઈ ધોધમાર પાંચ ઈંચ વરસાદ પડયો હતો.

અમરેલી પંથકમાં ગત શુક્રવારથી શરૂ થયેલ વરસાદ ગઈકાલે ચોથા દિવસે મેઘાવી માહોલ જામતા અમરેલી શહેરમાં હળવાથી ભારે વરસાદી ઝાપટા પડતાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદથી પાણી ભરાયાં હતા. જયારે અમરેલીના ઉપરવાસમાં વરસાદ પડતાં અમરેલી નજીક આવેલ ઠેબી ડેમમાં નવા નીરની આવક થવા પામેલ છે. જયારે અમરેલી તાલુકાના લાલાવદર, લીલીયાનું ગોઢાવદર, શેઢાડા, સલડી ગામોમાં મેઘમહેર જોવા મળી હતી.

લાઠી શહેરમાં વહેલી ગઈકાલે સવાર બાદ ફરી એક વાર ધોધમાર વરસાદ શરૂ થયો હતો. જેને લઈ લાઠી શહેરની બજારમાં વરસાદી પાણી વહેતા થયા હતા.લાઠી શહેરમાં સારા વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જયારે લાઠીના શેખ પીપરીયામાં ૫ ઈંચ વરસાદથી શેખ પીપરીયા પાણી પાણી થઈ જવા પામેલ હતું. આમ ગામ અને પાદર વચ્ચે પાણી ભરાયાં હતા. જેને લઈ શેખ પીપરીયા ગામની મધ્યમાંથી વ્હેતી ગાગડીયો નદીમાં પૂર આવતાં શેખ પીપરીયાથી હરસુરપૂર દેવળીયા જવાનો માર્ગ બાધિત થવા પામેલ હતો. જેને પગલે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદની ગઈકાલે શરૂઆત થવા પામી છે.જેમાં સાવરકુંડલા તાલુકાના છાપરી, લીખાળા, ખડસલી, વિજપડી સહિતના ગામોમાં વરસાદ પડયો હતો. સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદથી ખેડૂતોમાં હરખની હેલી જોવા મળી હતી.

અમરેલી ફલડ કંટ્રોલરૂમ ખાતે ગઈકાલ સવારે ૬ વાગ્યાથી આજે સવારે ૬વાગ્યા વાગ્યા સુધીમાં વડિયામાં મી.મી., બાબરામાં ૨૫ મી.મી., લાઠીમાં ૨૫ મી.મી., લીલીયામાં ૪૯ મી.મી., અમરેલીમાં ૫૨ મી.મી., બગસરામાં ૧૨૦ મી.મી., ધારીમાં ૬૫ મી.મી., સાવરકુંડલામાં ૨૨ મી.મી. તથા ખાંભામાં ૧૦૯ મી.મી., જાફર-ાબાદમાં ૫૯ મી.મી. તથા રાજુલામાં ૧૩૯ મી.મી. વરસાદ નોંધાયો હતો.

બગસરા તાલુકાના હડાળા માવજીજવા બાલાપુર પીઠડીયા નવા-જુના વાઘણીયા ખારી ખીજડીયા ચારણ પીપળી નાના મુંજીયાસર મોટા મુંજીયાસર રફાળા આદપુર સહિત સમગ્ર વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસાદી પાણી ખેતરોમાં ભરાયા



ખેડૂતો દ્વારા વાવેતર કરેલ પાકને ફાયદાકારક સાબિત થશે હવામાન ખાતાએ આપેલ આગાહીના ભાગરૂપે પંથકમાં પણ સવારથી ધીમીધારે વરસાદ બાદ ધોધમાર વરસાદ પડયો બગસરાથી હડાળા શોડ પર ભારે વરસાદના કારણે વાહન વ્યવહારને પણ અવરજવરમાં પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

બાબરા પંથકમાં પાંચ ઈંચ વરસાદથી નદી ગાંડીતુર

બાબરામાં ચોમસાની સીઝનમાં સૌથી પહેલા સારો વરસાદ મધરાતે પડી જતા શહેર સહિત તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પાણી થઈ ગયું હતું. બાબરામાં મોડી રાતથી વ્હેલી સવાર સુધીમાં ચાર ઈંચ જેટલો વરસાદ પડતાં શહેરની કાળુભાર નદીમાં ઘોડાપુર આવ્યું હતું. ધોધમાર વરસાદ પડતાં લોકો બહાર નીકળી ગયા હતા અને પુરનું પાણી ઘરમાં અને દુકાનમાં ન ઘૂસી જાય અને કોઈ નુકસાન ન થાય તે માટે અહીં નદી કાંઠે દુકાન ધરાવતા લોકો તેમજ રાહદારીઓ સલામત સ્થળે સર સામાન મુકવા લાગ્યા હતા. વરસાદના કારણે કાળુભાર નદીનું પાણી નદી કાંઠે રહેતા લોકોનાંફળિયામાં તેમજ શિવાજી ચોક સુધી આવી ગયું હતું. જોકે અન્ય કોઈ નુકસાન નહિ માત્ર અહીંપાર્ક કરેલ ફોર વહીલમાં પાણી ઘૂસી જતા નુકસાન થયું હતું.

સારા વરસાદના કારણે બાબરામાં નીલકંઠ મહાદેવના મંદિરે આવેલ પંચકુંડ પણ ભરાય જતા અહીં દર્શને આવતા શ્રધ્ધાળુમાં હરખની લાગણી પ્રસરી ગઇ હતી.

બીજી તરફ તાલુકામાં પણ તમામ ગામમાં સારો વરસાદ પડતાં ગામની સ્થાનિક નદીઓમાં ઘોડાપુર આવ્યું હતું. અહીં વાંડળીયા, ફુલજર, ખાખરીયા, દરેડ, ચમારડી, ઘૂઘરાળા, રાણપર, નડાળા, મોટા દેવળીયા સહિત તાલુકાના તમામ ગામડાઓમાં ચાર ઈંચથી વધુ વરસાદ પડતાં ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રસરી ગઇ હતી. સોમવારે વ્હેલી સવાર બાદ દિવસ દરમિયાન પણ વરસાદનો માહોલ રહેતા એક થી દોઢ ઈંચ ફરી વરસાદ પડતાં દિવસ-રાતનો પાંચથી સાડા પાંચ ઈંચ વરસાદ પડી ગયો હતો અને કાળુભાર નદી સતત વહેતી રહી હતી.

હાલ સમગ્ર રાજયમાં વરસાદી માહોલ છવયો છે ત્યારે સૌરાષ્ટ્રમાં છેલ્લા બે દિવસથી મેઘરાજાનાં મંડાણ થયા છે. એમા પણ રવિવાર રાતથી અમરેલીના વડિયા વિસ્તારમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યો છે. આમ સોમવારે સાંજે ૫ વાગ્યા સુધીમાં ૫ ઈંચ વરસાદનોંધાયો છે. જયારે વરસાદ પહેલા વાવણી કરેલા કપાસિયા આગવના થોડા વરસાદથી ઉગ્યા બાદ વરસાદના અભાવે હતા. તે મુરજાતા પાકને જીવતદાન મળતા ચાતક નજરે રાહ જોતા જગતાતમાં હરખની હેલી જોવા મળી છે. તો બીજી વડિયા વિસ્તારના લોકોની જીવાદોરી સમાન ગણાતા સુરવો ડેમ પણ તળિયા ઝાટક હતો પણ તેમા ૬ ફૂટ! નવા નિરની આવક થઈ છે. તો વડિયાની ભાગોળે આવેલા સાંકરોળી ડેમમાં ૧૦ ફુટ નવા નિરની આવક થતા સમગ્ર પંથકમાં અવિરત મેંઘ સવારીથી લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે અને લાપસીનાં આંધણ મુકાતા જોવા મળી રહ્યા છે.

ખાંભા ગીરમાં ખેડુતોલાંબા સમયથી કાગ ડોળે વાવણી લાયક વરસાદની રાહ જોઈ બેઠા હતા ત્યારે સોમવારે બપોર બાદ સારો વરસાદ પડીયો હતો વાવણી લાયક વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી હતી અને અને ખાંભા ગીરના રસ્તા ઉપર પાણી ફરી વળ્યા અને માર્કેટિંગ યાર્ડ વાળા રસ્તા ઉપર નદી વહેતી હોય તેવા દ્રશ્ય સર્જાયા હતા ખાંભા શહેરમાં અઢી ઈંચ જેટલો વરસાદ ખાબકયો હતો પીપળવા તાતણીયા નાનુડી બોરાળા કંટાળા બાબરપરા ખડાધાર ડેડાણ સહિત ગામોમાં ધોધમાર વરસાદ પડીયો હતો ગીરના ગામડાઓમાં વાવણી લાયક વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહયો હતો.

# બાબરાનાં બળેલ પીપરીયામાં વીજળી ન મળતા ખેડૂતો રોષે ભરાયા



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨

અમરેલી જિલ્લામાં કૃષિપ્રધાન છે. જિલ્લાનું અર્થતંત્ર કૃષિ આધારિત છે અને છેલ્લા થોડા દિવસોથી વરસાદનું આગમન થતાં ખેડૂતોએ લાપસીનાં આંધણ મુકીને ખેતી કાર્ય શરૂ કર્યુ હોય અને ખેડૂતોને વીજળીની અતિ જરૂરિયાત હોય તેવા સમયે પીજીવીસીએલ ધ્વારા નિયમિત વીજળી અપતાની ન હોય ઠેકઠેકાણે ખેતીકાર્યમાં વિક્ષેપ ઉભો થઈ રહ્યો છે.

દરમિયાનમાં આજે બાબરાનાં બળેલ પીપરીયા ગામનાં ખેડૂતો અનિયમિત વીજળીથી કંટાળીને અમરેલી ખાતે આવેલ પીજીવીસીએલનાં અધિક્ષક ઈજનેરની કચેરીએ આવી પહોંચ્યા હતા અને રોષ વ્યકત કર્યો હતો.

ખેડૂતોએ જણાવ્યું કે,બળેલ પીપરીયા ખાતે છેલ્લા ૬ દિવસથી ખેતીવાડી માટે વીજળી મળતી નથી અને જયોથિગ્રામ યોજના હેઠળ રહેણાંક વિસ્તારમાં પણ કલાકો સુધી વીજળી બંધ રહે છે અને છેલ્લા ૫૦ વર્ષથી વીજ વાયરો બદલવામાં આવ્યા ન હોવાથી અવારનવાર વીજ સમસ્યા ઉભી થતી હોય તાકિદે વીજ સમસ્યા દૂર કરવાની માંગ કરી હતી.

# ISO પ્રમાણપત્ર મેળવવાનું ગૌરવ ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયને પ્રાપ્ત




અમદાવાદ,તા.૨

મુખ્યમંત્રી કાર્યાલયની ઉચ્ચકક્ષાની ગુણવત્તાયુક્ત, સમયબદ્ધ અને પ્રજાલક્ષી સુચારૂ કામગીરીને આંતરરાષ્ટ્રીય માપદંડ મુજબ પ્રમાણિત કરતાં આ ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન એનાયત કરવામાં આવ્યું છે.

વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી તરીકે રાજ્યની વહીવટી કાર્યસંસ્કૃતિમાં ગુણાત્મક પરિવર્તન લાવવાની પ્રતિ-બદ્ધતા સાથે ગુણવત્તા અને કાર્યસિદ્ધિના ઉદ્દેશ્યથી મુખ્યમંત્રી કાર્યાલયને ૨૦૦૯માં ISO બેન્ચમાર્કની ક્વોલિટી ઉપર મૂક્યું હતું.

રાજ્ય શાસનના સર્વોચ્ચ કેન્દ્ર એવા મુખ્યમંત્રી કાર્યાલયને જાહેર સેવાઓના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ અને સાતત્યપૂર્ણ સુધારાઓ સાથેના સમયબદ્ધ કાર્ય આયોજન માટે આ ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન પ્રથમવાર ૨૦૦૯માં એનાયત થયું હતું.

નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્થાપિત કરેલી ગુડ ગવર્નન્સની આ સીમાચિહ્નરૂપ કામગીરીને ગુજરાતની પ્રશાસનિક વ્યવસ્થાએ સતત જાળવી રાખી છે. ૨૦૦૯ થી ૨૦૨૩ સુધી સળંગ પાંચ ત્રિવાર્ષિક ISO સર્ટિફિકેશન મેળવનારા દેશના એકમાત્ર રાજ્ય તરીકે ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયે આ વિશેષ ગૌરવસિદ્ધિ પ્રાપ્ત કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં 'સ્વાગત' કાર્યક્રમ તથા ઈજ્યુ ઓડિટની પરંપરા પણ સફળતાપૂર્વક આગળ ધપી છે.

આ સફળતાને પગલે મુખ્યમંત્રી કાર્યાલયને હાલ ૨૦૨૪ થી ૨૦૨૬ સુધીના સમયગાળા માટેની છઠ્ઠી સાયકલ માટે આ ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન એનાયત કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ ISO સર્ટિફિકેશન ટેક્નોક્રેટ કન્સલ્ટન્ટના ડિરેક્ટર ભાવિન વોરા તથા સર્ટિફાઈગ એજન્સી-બ્યુરો વેરિટાસના અધિકારીઓ દ્વારા અર્પણ કરવામાં આવ્યું હતું.

આ ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન મુખ્યમંત્રી કાર્યાલયને સુનિશ્ચિત માપદંડ સાથે કાર્યસિદ્ધિ, ક્ષમતા અને અસરકારકતા તેમજ સમય-બદ્ધતા દ્વારા આમ જનતાની અપેક્ષાની પૂર્તિને હાંસલ કરવા સતત પ્રતિબદ્ધ રાખશે એવો વિશ્વાસ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દર્શાવ્યો હતો. રાજ્યના વહીવટી પ્રશાસન અંગેના વડાપ્રધાનના ચિંતન તેમજ ઉત્તમ જનસેવાના સંકલ્પને સાકાર કરવાના અવિરત પ્રયત્નોના ફળ સ્વરૂપે આ ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન CMOને મળ્યું છે તે માટે ટીમ CMOને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અભિનંદન પાઠવ્યા છે.

# જાફરાબાદમાં મૌસમનાં પ્રથમ વરસાદે પાલિકાની મોનસૂન કામગીરીની પોલ ખોલી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨

જાફરાબાદ પહેલા વરસાદમાં વિકાસ રોડ ઉપર ચડયો પ્રાથમિક સાગર શાળા સ્કૂલની બાજુમાં અને બંદચોક સુધી જતો માર્ગમાં વરસાદી પાણી ભરાયાં હતાં. અહીં નાના ભૂલકાઓ અભ્યાસ કરવા માટે આવતા હોય છે. આ પ્રાથમિક શાળાની બાજુમાં આંગણવાડી કેન્દ્ર પર હોય ત્યાં બે ત્રણ વર્ષનાં બાળકો પણ આવતા હોય છે. પરંતુ અહીં વરસાદી પાણી ભરાઈ જતાં બાળકોને આ પાણીમાંથી પસાર થવું પડતું હોય છે. અહીં બાજુમાં માર્કેટ પર આવેલી હોય અને મોટી સંખ્યામાં મહિલાઓ શાકભાજીની ખરીદી કરવા જતાં હોય અને તેની બાજુમાં પાણીની તલાવડી ભરાતાં મહિલાઓને પણ આ પાણીમાંથી પસાર થવું પડતું હોય છે. ઠેકઠેકાણે પાણી ભરાયાં નગરપાલિકાનાં વિકાસમાં રોડ ઉપર તલાવડી ઓ ભરાઇ હતી. તો બીજી બાજુ સામાકાંઠે આવેલ તલાવડી વિસ્તારમાં છલ્લા ઘણાં સમયથીખદબદતી ગંદકીની સાફસફાઈ કરવામાં આવતી નથી. અહીં પેહેલા વરસાદમાં ગંધાતા ગટરનાં પાણી રોડ ઉપર ચડયા હતા. આ ગંદવાડાનાં લીધે નાગરિકોનું સ્વસ્થ્યનાં જોખમાય તે પહેલાં ધ્યાન નગરપાલિકા આપે ચોમાસામાં આ ખડકાયેલા ઉકરડાનાં લીધે કોઈ મોટો રોગચાળો ફેલાયો તો જવાબદારી કોની ? કોલેરા જેવી મહામારી પગ પેસારો કરે તે પહેલાં સામાકાંઠા વિસ્તારમાં ઘણી ખરી જગ્યાએ ગંદવાડો ઊભો છે. આ બાબતે પાલિકા ધ્યાન ઉપર લઇ તાત્કાલિક ધોરણે સાફસફાઈ કરવામાં આવે તેવી અહીંના વિસ્તારમાં રહેતા નાગરિકોની માંગ ઉઠી છે. બીજી બાજુ બજારમાં પહેલા વરસાદનાં ઝાપટાંથી ગટરોનાં ગંદા પાણી રોડ ઉપર નદી જેમ વહેતું હોય ભૂગર્ભ ગટરોની સાફસફાઈ પુરતા પ્રમાણમાં કરવામાં ન આવતા ફક્તત ને ફક્તત વરસાદી ઝાપટું આવવાથી રોડ ઉપર નગરપાલિકાની વિકાસની પીપુડી વાગી રહી હતી, એને નગરપાલિકા ઝરમરિયામાં આ વિકાસ ફરી પીપુડી વગાડવા લાગ્યો અને ત્યાંથી પસાર થતાં મુસાફરો રાહદારીઓ માટે ત્રાહિમામ પોકરાવી દે એવી ગંધ કે માથું ફાટે આવું તો જાફરાબાદમાં અનેક જગ્યાએ જોવા મળી રહ્યું છે. બસ તસ્દી લેનાર કોઈ નથી ગટરના ગંદા પાણી રોડ ઉપર જાફરાબાદ નગરપાલિકા નો વિકાસ દર્શાવી રહ્યો હતો કે, ચોમાસા પહેલા જે ડ્રેનેજ , ચેમ્બરો,નાળા ગટરો સાફ સફાઈ કરવા જોઈએ.

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નંબર ૮ની મુલાકાત લેતા મ્યુ.કમિશ્નર

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ અવસરે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની બાલ્યાવસ્થાની લીલાભૂમિ રાજકોટના સદર વિસ્તારમાં આવેલી ૧૫૫-વર્ષ જૂની ઐતિહાસિક રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નંબર ૮ની મુલાકાત રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નર દેવાંગ દેસાઈ (આઈએએસ) તથા અધિક ગ્રામિણ કમિશ્નર વિશાલ ગુપ્તા (આઈએએસ)એ લીધી હતી. જ્યાંથી ૧૯૦૧માં ઝવેરચંદ મેઘાણીએ શાળા-શિક્ષણનો આરંભ કર્યો હતો તે રાજકોટ મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત તે



સમયની આ તાલુકા શાળાનો ગુજરાત સરકારના પ્રવાસન વિભાગના ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટ અંતર્ગત સુયોગ્ય રીતે જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણીએ મેઘાણીગાથા પુસ્તક અર્પણ કરીને ભાવભર્યું સ્વાગત કર્યું હતું. ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ, ભાજપ અગ્રણી મયુરભાઈ શાહ, કોર્પોરેટર દેવાંગભાઈ માંકડ અને જયશ્રીબેન ચાવડા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી કિરીટસિંહ પરમાર અને સદસ્ય અજયભાઈ પરમાર, શૈલેષભાઈ હાપલીયા, કૌશિકભાઈ ચાવડા, વિશાલભાઈ માંડલીયા, દિપકભાઈ પારેખ અને મયુરભાઈ હેરમા, સીઆરસી પ્રજ્ઞાબેન વ્યાસ અને પ્રકાશભાઈ ચાવડા, આચાર્યા પૂર્વીબેન ગાંધી અને પ્રતિભાબેન ઉનડકટ, નેશનલ યુથ પ્રોજેક્ટના રાજેશભાઈ ભાતેલીયા, નિયો ફાઉન્ડેશનના વિક્રમભાઈ સાંઘાણી અને મિતેશભાઈ શાહ, વાલજીભાઈ પિત્રોડા આ અવસરે ઉપસ્થિત રહ્યાં હતાં.

બન્ને સંનિષ્ઠ સનદી અધિકારીઓએ આ સ્મૃતિ-સ્થળમાં સ્થાપિત મેઘાણી-પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મેઘાણીગાથા પ્રદર્શન, મેઘાણી-સાહિત્ય કોર્નર અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી બાળ પુસ્તકાલયને રસપૂર્વક નિહાળ્યા હતા. શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સાથે સ્નેહભરી જ્ઞાન-ગોષ્ઠિ કરીને રાષ્ટ્ર-ભાવના અને જીવન-મૂલ્યોની પ્રેરણા પણ આપી હતી.

# ગરીબ પરિવાર સાથે જન્મદિવસની ઉજવણી કરતા મહેશ કસવાલા



સાવરકુંડલા,તા.૨

સાવરકુંડલા લીલીયા વિધાનસભાના લોકપ્રિય યુવાનોના આદર્શ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા પોતાના ૫૨ વર્ષ પૂર્ણ કરી ૫૩ મા વર્ષમા પ્રવેશ કરી રહા હોય ત્યારે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પોતાના જન્મ દિવસની સાવરકુંડલા શહેરમા ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ જેમા શિક્ષણથી વંચિત એવા બાળકો સાથે તેમને અભ્યાસમાં ઉપયોગી કીટ તેમજ મીઠાઈ અને નાસ્તો કરાવી સાથે સાથે વૃક્ષારોપણ કરીને અનોખી રીતે ઉજવણી કરી આ બાળકો માટે શિક્ષણ આપતી શિક્ષકટીમને ધારાસભ્યએ અભીનંદન પાઠવ્યા હતા. ઉલ્લેખનીય છે કે બાળકો અને વાલીઓ સાથે વાત કરતા કેટલાક બાળકો ના માતા પિતા મજૂરી કામે અલગ અલગ જગ્યા એ વસવાટ કરતા હોય, જરૂરી પુરાવા ન હોવાના કારણે બાળકો ને શાળા માં ભણાવી શકતા નથી. આવા બાળકો ને તાત્કાલિક રહેઠાણ માટે સર્ટિફિકેટ નગરપાલિકા અથવા તલાટી દ્વારા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી. મા બાપ ને બાળકો ને ભણાવવા અને રાજ્ય સરકારની નવી શિષ્યવૃત્તિની યોજનાનો લાભ લેવા પણ માર્ગદર્શન આપ્યું હતુ. આ કાર્યક્રમમા જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, નગરપાલીકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, મહામંત્રી ઓ રાજેશભાઈ નાગ્રેચા, વિજયસિંહ વાઘેલા, યુવા ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડ, નગરપાલિકા સદસ્યઓ અજયભાઈ ખુમાણ, કિશોરભાઈ બૂહા, હસુભાઈ ચાવડા, કેશવભાઈ બગડા, જિલ્લા ભાજપ અ.જા.મોરચા પ્રમુખ કેશુભાઈ વાઘેલા, જિલ્લા બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ ધર્મેન્દ્રભાઈ ચૌહાણ, શહેર ભાજપના અમીતભાઈ પંડયા, પ્રવિણભાઈ કોટીલા, ભાવેશભાઈ વિકમા, લલીતભાઈ મારુ, ગીરીશભાઈ નાંદોલીયા સહીત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એએસઆઈ પ્રભાતભાઈ ડાંગરનો વિદાઈ સમારંભ યોજાયો



વડિયા,તા.૨

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા એવા વડિયા પોલીસ માં એએસઆઈ તરીકે નોકરી કરતા ફરજનિષ્ઠ જમાદાર પ્રભાતભાઈ ડાંગર પોતાની પોલીસ સેવા માંથી વય નિવૃત થતા વડિયા પોલીસ પરિવાર દ્વારા તેમના વિદાય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા નિવૃત થતા એએસઆઈ ડાંગર ને શ્રીફળ,પળો આપી શાલ ઓઢાડી તેમને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા આ તકે વડિયા પોલીસ સ્ટેશનના પીએસઆઇ ગળચર સહીત સ્ટાફ અને નિવૃત થતા કર્મચારી દ્વારા પોતાની ફરજ દરમ્યાન ના સારા નરસા પ્રતિભાવ આપ્યા હતા સાથે પોલીસ પરિવાર આને સ્થાનિક સામાજિક અગ્રણીઓ એ હાજરી આપી આવનાર નિવૃત્તિ જીવન નિરોગી અને સુખમય રહે તેવી શુભકામના સાથે વિદાય માન અપાયું હતુ.

# સુરવો ડેમમાં નવા છ ફૂટ અને સાકરોળી ડેમમાં દસ ફુટ નવા નિરની આવક



વડિયા,તા.૨

સમગ્ર રાજ્યમાં હાલ વરસાદી માહોલ છવાયો છે ત્યારે સૌરાષ્ટ્ર માં છેલ્લા બે દિવસથી મેઘરાજાના મંડાણ થયા છે એમાં પણ રવિવાર રાત થી અમરેલી ના વડિયા વિસ્તાર માં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે ત્યારે છેલ્લા સોમવાર ના સાંજે પાંચ વાગ્યાં સુધીમાં પાંચ ઇંચ વરસાદ નોંધાયો છે ત્યારે વરસાદ પેહલા વાવણી કરેલા કપાસિયા અગાવના થોડા વરસાદ થી ઉગ્યા બાદ વરસાદના અભાવે હતા તે મુરજાતા પાક ને જીવત દાન મળતા ચાતક નજરે રાહ જોતા જગતાત માં હરખની હેલી જોવા મળી છે. તો બીજી બાજુ વડિયા વિસ્તારના લોકોની જીવાદોરી સમાન ગણાતા સુરવો ડેમ પણ તળિયા ઝાટક હતો તેમાં પણ છ ફૂટ નવા નિરની આવક થઇ છે તો વડિયા ની ભાગોળે આવેલા સાંકરોળી ડેમમાં દસ ફૂટ નવા નિરની આવક થતા સમગ્ર પંથક માં અવિરત મેંઘ સવારી થી ખુશીનો માહોલ છવાયો છે અને લાપસી ના આંધણ મુકાતા જોવા મળી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં ચાલતી ગેરકાનુની પ્રવૃતિઓ સામે મુખ્યમંત્રીને ફરીયાદ

## પૂર્વ માજી સાંસદ ઠુંમરે ગૃહમંત્રી તથા પોલીસ વડાને ફરીયાદ કરી



(નટવરલાલ ભાટીયા દ્વારા)

અમરેલી,તા.૨

અમરેલી શહેરની ટ્રાફીક સમસ્યાને વાહનચાલકોના નાના-મોટા થતા ઝગડાઓ અંગે ટ્રાફીક વિભાગે તાકીદે ધ્યાન આપવા વ્યાજખોરોથી પીડાતા સામાન્ય લોકોને પરેશાની માટે લોકદરબાર યોજો છે તેને આવકારું છું. સાથો-સાથ અમરેલીમાં દારૂ, જુગાર,આયુર્વેદિક પીણા, ડ્રગ્સ અને ગેરકાયદેસર રેતી ખનન પ્રવૃત્તિ દિન-પ્રતિદિન વધતી જાય છે તેનો ભોગ સામાન્ય લોકો અને ગરીબ પરીવાર બનતા જાય છે ના છુટકે આત્મવિલોપન કરવા અથવા ગેરકાયદેસર પ્રવૃત્તિ તરફ પ્રેરાઇ છે. તે બાબતે પણ સ્થાનિક પોલીસને કડક સુચના થવા રજુઆત છે. અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પોલીસ લખેલી ગાડીઓ વધારે પ્રમાણમાં જોવા મળે છે હકીકત પોલીસ છે કે કેમ? અને ન હોય, તો પોલીસના નામે ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઈસમોને જીણવટપુર્વક તપાસ કરી આવી થતી પ્રવૃત્તિ ઉપર રોક લગાવી જરૂરી છે ગાડી ઉપર ગેરકાયદેસર ખોટા બોર્ડ લગાવવા એ પણ ગુન્હાપાત્ર છે છતા પણ પોલીસની રોક-ટોક વગર આવી પ્રવૃતિ સતત વધતી રહે છે અને તેના કારણે કાયદા-વ્યવસ્થાની પરિસ્થિતિ ઉપર અસર થાય છે. તો આવી પ્રવૃતિમાં કોણ સંડોવાયેલ છે તેની પણ જીણવટપુર્વક તપાસ કરી આવી પ્રવૃત્તિ પર રોક લગાવી જરૂરી છે.અમરેલી શહેર અને ટાઉન પ્લેસમાં ટ્રાફીકની સમસ્યા ભારે મોટી છે તેનું મુળ કારણ હપ્તાખોરી, અમરેલી માણેકપરા શેરી નં.-૫ મોટી રસ્તો છે અમરેલી થી લીલીયા રોડ જોડતા મોટા રસ્તા ઉપર ખાસ કરીને લીલીયા ફાટક થી કેરીયા રોડ, સુખનાથ પરા મંદિર થી **HDFC** સ્ટેશન રોડને જોડતો મહત્વનો રસ્તો, સુખનાથ ચોક થી અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘ સુધીનો મેઈન રસ્તો, ખાદી ભંડાર અને દિલીપભાઇ સંઘાણી ટાઉન હોલ, ખેતી બેંક, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને જુના પોલીસ સ્ટેશન પોસ્ટ ઓફીસ પાછળથી કલેકટર ઓફીસ જવાનો મહત્વનો રસ્તો, સ્વામિનારાયણ મંદિર થી રેલ્વે સ્ટેશન સુધી સ્ટેશન રોડ ગણાતો અમરેલી શહેરનો મેઇન રસ્તો, નાગનાથ મંદિર થી એસ.ટી.ડેપો તરફ જતા જિલ્લા પંચાયત જુના માર્કેટ યાર્ડ પાછળનો રસ્તો, રાજકમલ ચોક થી સરદાર પટેલ ચોક તરફ જતો રસ્તો S.P. કચેરી જતો ચિત્તલ રોડ, મ્યુનિસિપલ ગર્લસ હાઈસ્કુલ થી સોમનાથ મંદિર જુની રૂપમ ટોકીઝ તરફ જતાં રસ્તા ઉપર આડેધડ પાર્કિંગ મોટા ટ્રકો નું પાર્કિંગ તેમજ નવા બાંધકામનાં રેતી, ઈંટો, બેલા તેના કારણે રસ્તા દબાઇ છે સામ-સામે આવતા નાના વાહનો પણ સાઇડ આપી શકતા નથી. આવી ટ્રાફીક સમસ્યાને કારણે લોકોને ઓફિસ કામ દરમ્યાન, કોર્ટ કચેરીના કામમાં સમયસર પહોંચવામાં ભારે અગવડ ઉભી થાય છે. ચોમાસાને કારણે ગંદકી વધતી જાય છે તે એક ચોમાસા દરમ્યાન વધારાનું ટ્રાફીકનું કારણ બને છે. પોલીસતંત્ર કડક અને નિયમ પ્રમાણે કાર્યવાહી કરાવે અથવા આ રસ્તા ઉપર વાહનચાલકોને મુશ્કેલી ન પડે તે માટે ધંધા-રોજગાર કરતા લોકોને જાગૃત કરવામાં આવે તો ટ્રાફીકની સમસ્યાઓથી સામાન્ય લોકોની હાલાકી દુર થઈ શકે તેમ છે. પાન-બીડી ગલ્લા ચલાવતા વેપારીઓને ત્યાં આડેધડ પાર્કિંગ પાન-માવા કે સીગારેટ પીવા ઉભા રહેતા લોકોને કારણે તેમજ તેમની આસપાસ થુંકવાને કારણે ગંદકી વધતી જાય છે તે પણ એક ટ્રાફીક સમસ્યાનું કારણ છે. પાન-બીડી ગલ્લા ધારકોને કડક સુચના આપવામાં આવે, અમદાવાદ, સુરત, મોટા કોર્પોરેશનમાં મ્યુનિસિપલ કમિશ્નર અને પોલીસ કમિશ્નર મારફત રોંગ સાઇડમાં ચાલતા અનેક લોકોને પકડીને ગુન્હા દાખલ કરેલ છે તો અમરેલીમાં કેમ નહી? આ બાબતે ગૃહ પ્રધાનના અવાર-નવાર પ્રેસનિવેદનો આવે છે પરંતુ અમરેલી તેમાંથી બાકાત છે તેથી અમરેલી ડો.જીવરાજ મહેતાના સપનાનું અમરેલી બને, રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી અમરેલીએ આપ્યા છે ત્યારે નમુનારૂપ અમરેલી બને, સંતો-મહંતોની ભુમીનું અમરેલી શહેર રમેશ પારેખનું અમરેલી પ્રખ્યાત કવિના નામ સાથે જોડાયેલું અમરેલી, અમરેલી શહેર મહત્વનું શહેર બને તે માટે પોલીસ તરફથી નિયમ પ્રમાણે કડક કાર્યવાહી અને ગેરકાયદેસર ચાલતી પ્રવૃતિમાં આપના વિભાગનાં કોઇ કોન્સ્ટેબલ કે હેડ કોન્સ્ટેબલ તેમજ સરકારી નોકરી કરતા અધિકારીઓ/કર્મચારીઓની મીલીભગત હોય તો પણ તેઓ પણ કાયદાથી પર નથી. કોઇ રાજકીય પદાધિકારી હોય તો તે પણ કાયદાથી પર નથી. તેમને સમજુતી આપવામાં આવે અથવા તેમના ઉપર પણ કડક કાર્યવાહી કરવામાં તેવી પત્રથી રજૂઆત છે.વધારામાં પોલીસ સ્ટેશન ઉપર જઈ અને કોઈને પણ અન્યાય થયો હોય તો **FIR** નોંધાવવા માટે પોલીસ સ્ટેશનમાં જાય છે તો પ્રથમ તેઓની અરજી લેવામાં આવે છે. અને પોલીસને લાગે કે નોંધવી છે તો **FIR** નોંધતા હોય છે. કોઇપણ જિલ્લા રાજય કે દેશનો નાગરીક પોલીસ સ્ટેશને ફર્સ્ટ ઇન્ફોર્મેશન આપવા આવે તો પોલીસે **FIR** નોંધવી ફરજીયાત છે અને કોઇ ખોટી **FIR** દાખલ કરે તો તે પણ ગુન્હા પાત્ર છે તે પ્રમાણે તમામ પોલીસને અવેરનેશ કરવામાં આવે તો ગુન્હાનું પ્રમાણ પણ ઘટી જશે અને પોલીસનો ડર લોકોમાં આવશે, તો નાની-મોટી ગેરકાયદેસર થતી પ્રવૃતિ ઉપર બેક આવશે અને તેનો ફાયદો અમરેલી જિલ્લાની જનતાને થશે.તેવું એક જાહેર જીવનનાં વ્યક્તિ તરીકે વર્ષોથી લોકો વચ્ચે કામગીરી કરી રહ્યો છું તેનો એક મહત્વના અનુભવના નીચોડ દ્વારા આ પત્રથી અમરેલી જિલ્લાની મુલાકાતે આપ આવ્યા છો ત્યારે મારી રજુઆતને ધ્યાન ઉપર લેશો તેવી પત્રથી આપને જાણ કરી રહ્યો છું.આ બાબતે અવાર-નવાર જિલ્લા પોલીસ વડાને પત્રથી રજુઆત કરી ચુક્યો છું. તેમ વિરજીભાઈ જણાવ્યું હતું અને વિભાગીય પોલીસ તેમજ ભુપેન્દ્રભાઇ પટેલ, મુખ્યમંત્રી, ગુજરાત રાજય, ગાંધીનગર હર્ષભાઇ સંઘવી, મંત્રી(ગૃહ) ગાંધીનગર કલેકટર, અમરેલી સહિત સબંધ કરતા વિભાગોને લેખિત રજૂઆત કરી હતી.

## અતિથિ દેવો ભવ ના સૂત્ર નો દામનગર રેલવે તંત્ર દ્વારા ઉલ્લાળિયો



(નટવરલાલ ભાટીયા દ્વારા)

દામનગર : શહેરના રેલવે સ્ટેશને ચાલતા નવા પ્લેટ ફોર્મ સહિત ના કામો ભલે થાય પણ મુસાફરો માટે બેસવાની શુ ઉભા રહેવા ની પણ સુવિધાનો અભાવ વિકાસ કામના નામે ભારે હાલાકી વેઠવા મજબુર મુસાફરોને રોડથી સ્ટેશન સુધીના રસ્તે જવા માટે કીચડ વાહન તો દૂર પણ ચાલી ને પણ જઈ ન શકાય તેવી સ્થિતિ રેલવે સલાહકાર સમિતિ શુ કરતી હશે ? રોડ થી ૧૦૦ મીટર દૂર રેલવે સ્ટેશન સુધી નો રસ્તો કાદવ કીચડ અને ગંદકી થી ખદબદે છે સ્ટેશન માં ખુલ્લા મેદાન માં બાંકડા વરસતા વરસાદ માં ક્યાં બેચવું કે ઉભા રહેવું ? સ્થાનિક કક્ષા એ બનાવેલ રેલવે સલાહકાર સમિતી કોને સલાહ આપતી હશે અને કેવી સલાહ આપતી હશે ? રેલવે સ્ટેશને વિકાસ ના નામે આટલી બધી અસુવિધા કેમ ? મહુવા - સુરત ટ્રેન ના મુસાફરો એ સોશ્યલ મીડિયા માં હૈયા વરાળ કાઢી પણ સ્થાનિક રેલવે સલાહકાર સમિતિ ને શુ ? સત્તાધારી પક્ષ ના કાર્યકરો ને વિવિધ સમિતિ બનાવી ફોટા પડવા સિવાય જમીની હકીકત ઉપર કામ કરવું જોઈ એ રેલવે સ્ટેશન ખાતે કામ કરતી એજન્સી એ વિકલ્પ રસ્તો શા માટે નથી બનાવ્યો ? રોડ થી સ્ટેશન સુધી જવા માટે નો રસ્તો કોની જવાબદારી માં આવે ? બેશર્મી ની હદ વટાવતાં તંત્ર ભલે કરોડો ના ખર્ચે વિકાસ કરે પણ પ્રાથમિક સુવિધા તો આપી મુસાફરો સાથે અતિથિ દેવો ભવ ની સલાહ નો અમલ ક્યારે ?

## મન કી બાત કાર્યક્રમના ૧૧૧માં એપિસોડ નિહાળતુ રાજકોટ જીલ્લા ભાજપ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એનડીએની સરકારમાં ઐતિહાસિક ત્રીજી વખત સત્તારૂઢ થયા બાદ મન કી બાત કાર્યક્રમમાં ૩૦મી જૂને ૧૧૧મી વખત રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. મોદીએ કહ્યું કે, મેં તમને ત્રણ મહિના પહેલા કહ્યું હતું કે હું ફરી મળીશ. પીએમ મોદીએ કહ્યું કે આ વર્ષે પર્યાવરણ દિવસ પર દરેક દેશવાસીએ પોતાની માતાના નામ પર વૃક્ષારોપણ કરવું જોઈએ અને પૃથ્વી માતાને બચાવવી જોઈએ.

પીએમ મોદીએ કહ્યું કે આપણે ક્યારેય આપણી માતાનું ઋણ ચૂકવી શકતા નથી. દરેક વ્યક્તિના જીવનમાં માતાનું મહત્વ છે. તો ચાલો આ વખતે એક નવી શરૂઆત કરીએ. તમારી માતાના નામે એક વૃક્ષ વાવો અને મને ફોટો મોકલો. હું મારા દેશવાસીઓને અપીલ કરું છું કે દરેક દેશવાસીએ પોતાની માતાના નામ પર એક વૃક્ષ વાવી પૃથ્વી માતાની રક્ષા કરવી જોઈએ.

પીએમ નરેન્દ્ર મોદીએ આગામી ઓલિમ્પિક માટે ભારતીય ટુકડીને શુભેચ્છા પાઠવી હતી. તેણે કહ્યું કે હું ટૂંક સમયમાં ભારતીય ટીમને મળવાનો છું. તમે પણ તમારી રીતે ભારતીય ટીમને શુભકામનાઓ મોકલો. તમારી આશા ફળશે અને અમે રમતમાં આગળ વધવાનું ચાલુ રાખીશું. આ સિવાય ટીમ ઈન્ડિયાને વર્લ્ડ કપ માટે ઘણી બધી શુભકામનાઓ.

મન કી બાત કાર્યક્રમના ૧૧૧માં એપિસોડ સંદર્ભે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ, સંગઠન મહામંત્રી રત્નાકરજી, સૌરાષ્ટ્ર ઝોન મહામંત્રી વિનોદભાઈ ચાવડા, જીલ્લા સંગઠન પ્રભારી ધવલભાઈ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા રાજકોટ જીલ્લા ભાજપ ટીમના માઈક્રો પ્લાનિંગ મેનેજમેન્ટના આધારે કાર્યક્રમો યોજી જીલ્લાના મહત્તમ સ્થાનો ઉપર મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો હતો.

ઉપરોક્ત કામગીરીને સફળ બનાવવા રાજકોટ જીલ્લા ભાજપ ટીમ, બુથ સમિતિ, પેજ સમિતિ, શક્તિકેન્દ્ર ઇન્ચાર્જ/સહ-ઇન્ચાર્જ, જીલ્લા મોરચાના પદાધિકારી અને કારોબારી સભ્ય, સાંસદ, ધારાસભ્ય, જીલ્લા અને મંડલના સેલના સભ્ય, જીલ્લા તેમજ મંડલના ઇન્ચાર્જ અને સહ-ઇન્ચાર્જ, મંડલના પ્રમુખ-મહામંત્રીઓ, મંડલ પક્ષના પદાધિકારી, જીલ્લા તેમજ મંડલના મોરચાના પદાધિકારી, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના ચુટાયેલા સભ્યઓ, જીલ્લા સ્તરની સહકારી સંસ્થાના પ્રમુખ, ઉપપ્રમુખ, ડિરેક્ટરો, તાલુકાની સહકારી સંસ્થાના પ્રમુખ, ઉપપ્રમુખ, ડીરેકટરો, મંડલના કારોબારી સભ્ય અને મોરચાના કારોબારી સભ્ય, પ્રેસ-મીડિયા, આઈ.ટી.સોશ્યલ મીડિયાના ઇન્ચાર્જ,સહ-ઇન્ચાર્જ, જીલ્લાના સક્રિય સભ્યઓ સહીતનાઓએ અનેરો ઉત્સાહ દાખવી કાર્યક્રમને ખુબ જ સફળ અને પ્રશંસનીય કામગીરી કરેલ. તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયાના ઇન્ચાર્જ, સહ-ઇન્ચાર્જ યાદીમાં જણાવે છે.

## ભુરખિયા હનુમાનજી મંદિર ખાતે સતસંગ યોજાયો



(નટવરલાલ ભાટીયા દ્વારા)

દામનગર,તા.૨

દામનગર સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી ભુરખિયા હનુમાનજીના સાનિધ્યમાં શિવકુંજ આશ્રમના પૂજ્ય સીતારામબાપુ એવમ સતી રત્નો પૂજ્ય રામેશ્વરાનંદીજી પૂજ્ય પૂજ્ય વરૂણાનંદીનીજીના શ્રી મુખે દિવ્ય સતસંગ યોજાયો સુપ્રસિદ્ધ યાત્રાધામ ભુરખિયા હનુમાનજી ના સાનિધ્ય માં શિવકુંજ આશ્રમના પૂજ્ય સીતારામબાપુ સતી રત્નો પૂજ્ય રામેશ્વરાનંદીજી પૂજ્ય પૂજ્ય વરૂણાનંદીનીજીના મુખે યોજાયેલ દિવ્ય સતસંગમાં અસંખ્ય શ્રધ્ધાળુ ભાવિકોએ સ્થિર પ્રજ્ઞ બની માણ્યો સતસંગ ભુરખિયા હનુમાનજી ના સાનિધ્ય માં ચાલીશા પઠન એવમ સુંદર કાંડ પાઠ માં અસંખ્ય શ્રધ્ધાળુ ભાવિકોની ઉપસ્થિતિમાં સતી રત્નો પૂજ્ય રામેશ્વરાનંદીજી અને પૂજ્ય વરૂણાનંદીનીજી દ્વારા ભાવાત્મક સતસંગ શિવકુંજ આશ્રમ અધેવાડા આશ્રમથી પધારેલ પૂજ્ય સીતાર-ામબાપુના અસંખ્ય સેવક સમુદાયની પૂજ્ય બાપુના દર્શન માટે હાજરી દામનગર શહેરી સહિત આ ક્ષેત્રના ગ્રામ્ય વિસ્તારોમાં દૂરસદુર થી સીતારામબાપુ સેવક સમુદાય ભુરખિયા હનુમાનજીના મંદિરે પધાર્યા પૂજન અર્ચન દર્શન કરી ધન્યતા વ્યક્ત કરી હતી પૂજ્ય સંતો ની ઉપસ્થિતિ માં રામ નામ ની આહલેક જગાવતા દિવ્ય સતસંગ નો ધર્મ લાભ હજારો શ્રધ્ધાળુ ભાવિકોએ ભજન ભોજનનો લ્હાવો મેળવ્યો હતો.

## અનુસંધાન પહેલા પાનાનું

### ટીપીઓ સા'ગઠિયા'નો ખજાનો ખુલ્યો

મનસુખભાઈ ધનાભાઇ સાગઠીયા, વિરૂધ્ધ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા અપ્રમાણસર મિલકતની તા.૧/૪/૨૦૧૨થી તા.૩૧/૫/૨૦૨૪ ના સમયગાળાના ચેક પિરીયડ દરમ્યાન તેઓ દ્વારા વસાવવામાં આવેલ મિલકતોની તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

તપાસ દરમ્યાન મેળવવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ તથા બેંક ખાતાઓની વિગતો અને વિવિધ સરકારી કચેરીઓમાંથી મેળવેલ દસ્તાવેજી માહિતી તથા તેમના નાણાંકીય વ્યવહારોની માહિતી એકત્રીત કરવામાં આવેલ હતી. તપાસના અંતે મળેલ તમામ વિગતોનું એ.સી.બી. ના નાણાંકીય સલાહકાર દ્વારા વિશ્લેષણ કરવામાં આવેલ.

આક્ષેપીતે પોતાની કાયદેસરની ફરજ દરમ્યાન પોતાના જાહેર સેવક તરીકેના હોદાનો દુરૂપયોગ કરી, ઈરાદાપૂર્વક ગેરકાયદેસર રીતે પોતે ધનવાન થવા માટે, વિવિધ ભ્રષ્ટ રીત રસમો અપનાવી, ભ્રષ્ટાચારથી નાણા મેળવી, તે નાણાંનો ઉપયોગ કરી પોતાના તથા આશ્રીતોના નામે મિલકતમાં રોકાણ કરેલાનું પ્રાથમિક દ્રષ્ટીએ ફલિત થયું છે.

સાગઠિયાએ પોતાની કાયદેસરની આવક ૨ કરોડ ૫૭ લાખ ૧૭ હજાર ૩૫૯ના પ્રમાણમાં પોતાના તથા પોતાના પરિવારજનોનાં નામે કુલ રોકાણ અને ખર્ચ ૧૩ કરોડ ૨૩ લાખ ૩૩ હજાર ૩૨૩ કરેલાનું તપાસ દરમ્યાન ફલિત થયેલ છે. આમ, સાગઠિયાએ પોતાની કાયદેસરની આવકના પ્રમાણમાં રૂ.૧૦ કરોડ ૫૫ લાખ ૩૭ હજાર ૩૫૫ની ની વધુ સંપતિ વસાવેલાનું જણાઈ આવેલ છે.

જે તેઓની આવકના પ્રમાણમાં ૪૧૦.૩૭ ટકાથી વધુ અપ્રમાણસર મિલકતો છે.આ કામે સમગ્ર પ્રાથમિક તપાસ કરનાર અધિકારી રાજકોટ એસીબી પીઆઈ જે.એમ.આલએ સરકાર તરફે ફરિયાદી તરીકે રાજકોટ શહેર એ.સી.બી. પોલીસ સ્ટેશનમાંમાં ટીપીઓ સાગઠિયા વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ (સુધારા- ૨૦૧૮)ની કલમ-૧૩(૧)બી, ૧૩(૨) મુજબનો ગુનો નોંધાવેલ છે. આ ગુનાની આગળની તપાસ રાજકોટ એકમના મદદનીશ નિયામક કે.એચ.ગોહિલના સુપરવિઝન હેઠળ સુરેન્દ્રનગર એ.સી.બી.ના પીઆઈ એમ.એમ.લાલીવાલાને સોંપવામાં આવેલ છે.ટીપીઓ સાગઠિયા ટીઆરપી અગ્નિકાંડના ગુનામાં આરોપી છે. એ પછી તપાસ વખતે પોલીસ સમક્ષ ખોટી મિનિટ્સ નોટ રજૂ કરતા તે અંગે અલગથી ગુનો દાખલ થયો હતો.

બંને ગુનામાં ધરપકડ બાદ ક્રાઈમ બ્રાંચે સાગઠિયાને રિમાન્ડ પર લીધો હતો.

રિમાન્ડ પૂર્ણ થતાં સાગઠિયાને કોર્ટ સમક્ષ રજૂ કરતા તેને જેલ હવાલે કરાયો હતો. એસીબી પીઆઈ એમ.એમ.લાલીવાલાએ અપ્રમાણસર મિલકતના કેસમાં સાગઠિયાનો જેલમાંથી કબ્જો લેવા કોર્ટમાં માંગણી કરી હતી કોર્ટે મંજૂરી આપતા ગઈકાલે એસીબીએ સાગઠિયાનો જેલમાંથી કબ્જો લીધો હતો.

જે પછી ગઈકાલે મોડી રાત્રે એસીબી ટીમ સાગઠિયાને લઈ તેની ઓફિસે પહોંચી હતી. અહીં ઓફિસમાં રહેલા દસ્તાવેજો અને તિજોરીમાં રહેલા રોકડ, સોનુ, દસ્તાવેજ કબ્જે કર્યા હતા. ઉલ્લેખનીય છેકે, એસીબીએ કેટલો મુદ્દામાલ કબ્જે કર્યો? તે અંગે કોઈ જ સ્પષ્ટતા કરી નથી. પણ સૂત્રોએ જણાવ્યું કે, સાગઠિયાની ઓફિસમાંથી આશરે ૫ કરોડની રોકડ અને ૧૫ કિલો સોનુ મળ્યું છે. જે એસીબીએ કબ્જે કરેલ છે. આગળ એસીબી સત્તાવાર શું વિગતો જાહેર કરે છે તેના પર સૌની નજર છે.

### સાગઠિયા આઠ દેશોમાં મોજથી ફર્યા, પેટ્રોલ પંપ સહિતની મિલકતો

ખેતીની જમીન છે, (૭). ગોંડલના ચોરડી ખાતે ખેતીની જમીન છે, (૮). શાપર વેરાવળમાં ઉર્જા ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ગેસ ગોડાઉન, (૯). પડધરી નજીક મોવૈયામાં બાલાજી ગ્રીનપાર્કમાં પ્લોટ, (૧૦). રાજકોટ યુનિ.રોડ પર અનામીકા સોસાયટીમાં બંગલો (બાંધકામ ચાલુ છે), (૧૧). રાજકોટના માધાપર નજીક આસ્થા સોસાયટીમાં ટેર્નામેન્ટ, (૧૨). અમદાવાદની અદાણી શાંતિગ્રામ ટાઉનશીપમાં ફલેટ, (૧૩). અમદાવાદની અદાણી શાંતિગ્રામ ટાઉનશીપમાં લા મરીનાયાં ફલેટ, (૧૪). હોન્ડા સિટી ૨ કાર સહિત જુદા-જુદા ૬ વાહનો છે.

### આસામમાં હાલત ખરાબઃ ૧૬ રાજયોમાં વરસાદનું એલર્ટ

થયું છે. પૂર્વ કામેંગમાં આવેલી કામેંગ નદીમાં અનેક ઘરો ધોવાઈ ગયા હતા.હવામાન વિભાગના અનુસાર ગત ૨૪ કલાકમાં ઉત્તરાખંડ, હરિયાણા, ગુજરાત, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ત્રિપુરા, મેઘાલયમાં પણ મૂશળાધાર વરસાદ ખાબક્યો છે. ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, કોંકણ અને ગોવા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, બિહાર, કેરલ અને કર્ણાટક સહિત અનેક વિસ્તારોમાં વરસાદ ખાબક્યો છે.

તો બીજી તરફ રાજસ્થાનમાં સોમવારે સવારે ૮.૩૦ વાગ્યા પહેલાંના ૨૪ કલાક દરમિયાન સૌથી વધુ વરસાદ બાંસવાડાના ઘાટોલમાં ૭૬ મીમી તથા જાલોરના રાણીવાડામાં ૭૧ મીમી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગના ડાયરેક્ટર મૃત્યુંજય મહાપાત્રએ જણાવ્યું કે ૨૮ જૂને દિલ્હીમાં ખાબકેલા મૂશળાધાર વરસાદના લીધે વાદળ ફાટ્યું ન હતું. તે દિવસે સવારે પાંચ થી છ વાગ્યા સુધી એક કલાકમાં સફદરજંગમાં ૯૧ મીમી વરસાદ નોંધાયો હતો.

### વિશ્વની સૌથી યુવા CA બની ૧૯ વર્ષની યુવતી

વર્લ્ડ રેકોર્ડ વિજેતા તેની સ્કૂલમાં આવ્યો હતો અને ત્યારથી જ તેણે CA એકઝામ આપીને રેકોર્ડ બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું હતું. બારમા ધોરણ બાદ તેને એપ્રેન્ટિસશિપ મેળવવા માટે બહુ મહેનત કરવી પડી, કેમ કે કોઈ કંપની તેને ૧૬ વર્ષની ઉંમરે હાયર કરવા માગતી નહોતી. તેના પિતા ટેક્સ પ્રેક્ટિશનર અને માતા ગૃહિણી છે. રસપ્રદ વાત એ છે કે નંદિની અને તેના ૨૧ વર્ષના ભાઈએ ૨૦૧૭માં સાથે જ ધો.૧૨મું પાસ કર્યું હતું, કેમ કે નંદિનીએ શાળામાં બે ધોરણ આગળ અભ્યાસ કર્યો હતો.

## 'એક ભારત શ્રેષ્ઠ ભારત' સેમિનારને સંબોધિત કરતા આચાર્ય લોકેશ




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨

'અહિંસા વિશ્વ ભારતી' અને 'વિશ્વ શાંતિ કેન્દ્ર'ના સ્થાપક જૈન આચાર્ય લોકેશજીએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' આંતરરાષ્ટ્રીય પરિસંવાદ અંતર્ગત સર્વ ધર્મ પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, ભારતમાં તમામ ધર્મો, સંપ્રદાયો અને સંપ્રદાયોને સંપૂર્ણ સ્વતંત્રતા છે. ધાર્મિક સ્વતંત્રતા પર અમેરિકાના રિપોર્ટમાં ભારત વિશેની માહિતીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આ રિપોર્ટ તથ્યોથી પર છે, અહીં તમામ ધર્મના અનુયાયીઓને તેમના ધર્મનું પાલન કરવાનો, પૂજાની પદ્ધતિ અપનાવવાની અને ધાર્મિક સ્થળોની જાળવણી કરવાનો અધિકાર છે.

સંમેલનમાં ઉપસ્થિત તમામ ધર્મો, હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, બૌદ્ધ, શીખ, જૈન, બહાઈના સંતોએ એક અવાજે જણાવ્યું હતું કે, ભારતમાં સંપૂર્ણ ધાર્મિક સ્વતંત્રતા છે, અહીંની લઘુમતી સુખી, સ્વતંત્ર અને સમૃદ્ધ છે. કોન્ફરન્સમાં ઉપસ્થિત વિશાળ જનમેદની સામે હાથ ઉંચા કરીને તેઓએ ભારતમાં ધાર્મિક એકતા, સ્વતંત્રતા અને આંતર-ધર્મ સમરસતા દર્શાવી હતી.

સુભારતી ગ્રૂપના સ્થાપક ડો. અતુલ કૃષ્ણ અને સ્વામી વિવેકાનંદ સુભારતી યુનિવર્સિટી ગવર્નિંગ કાઉન્સિલના સભ્ય ડો. હીરો હિતોએ જણાવ્યું હતું કે, આ ત્રણ દિવસીય કાર્યક્રમનો ઉદ્દેશ્ય પરંપરાગત ગ્રંથો અને સાંસ્કૃતિક પ્રથાઓમાં પ્રતિબિંબિત ઉપદેશો અને વારસાની ચર્ચા કરવાનો છે તેમજ યુવાનોને શિક્ષિત કરવાનો છે. તમામ ધર્મના સંતોની ભાગીદારીથી કાર્યક્રમનું શૈક્ષણિક અને સાંસ્કૃતિક મૂલ્ય વધશે.

વિવેકાનંદ સુભારતી યુનિવર્સિટીના પ્રાંગણમાં આયોજિત 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના સંદર્ભમાં વિવિધ ધર્મના બૌદ્ધિકો દ્વારા ચર્ચામાં જૈન આચાર્ય લોકેશજી, હિન્દુ ધર્મના સ્વામી દીપાંકરજી, મુસ્લિમ ધર્મના મુફ્તી શાહ આલમ, ખ્રિસ્તી ધર્મના બહેન, બૌદ્ધ ધર્મના ભંતે ધમ્મપિયા, શીખ ધર્મના ડો. કર્મેન્દ્ર સિંહ, બહાઈ ધર્મના એ.કે. મર્ચન્ટ, બ્રહ્મા કુમારી બહેન અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ વિશે ચર્ચા કરી હતી.તેમ જણાવ્યું છે.

## અનુસંધાન છેલ્લા પાનાનું

### પુત્ર અને પત્નીએ દાંતરડાના ઘા અને હથોડીના ઘા મારી પતિની હત્યા

હતા અને અવાજ આવતા હું રૂમમાં ગયેલ અને બન્નેને ઝગડો નહી કરવાનું કહેતા મારા પિતા મારી સામે બોલાચાલી કરવા લાગેલ જેથી ગુસ્સો આવતા મે મારા પિતાને હાથથી પકડી રાખેલ અને મારી માતાને મારવા કહેતા રૂમમાં નાનુ લોખંડનું ધારીયુ હોય તે લઈ માતાએ પિતાના માથામાં અને શરીરે આડેધડ ધારીયાના ૩૫ ઘા ઝીંક્યા બાદ ધારીયુ નીચે મુકી દીધેલ હતું. બાદમાં માતાએ રૂમમાં હથોડી પડેલ હોય તે લઈ તે પિતાને શરીરે આડેધડ મારમારી હત્યા નિપજાવી હતી. બાદમાં મને ભય લાગતાં મારી પત્નીને બાઇકમાં બેસાડી સસરાના ઘરે રાજકોટ આવતાં રહેલ હતાં. બાદમાં તેનો તે રાજકોટથી પરત અવેલ હતો અને મૃતક વલ્લભભાઈની પત્ની ભાનુબેન પોલીસ મથકે પહોંચી ગઈ હતી. બાદમાં જસદણ પોલીસ મથકના પીઆઈ તપન જાની અને ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહ પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બાદમાં પોલીસે હત્યારા માતા-પુત્રની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### સૌરાષ્ટ્રમાં મેઘરાજા વરસ્યાઃ ૧ થી ૧૪ ઈંચ વરસાદ

વરસાદ નોંધાયો છે જેમાં મોરબી તાલુકામાં સાડા પાંચ ઈંચ, ટંકારા તાલુકામાં ત્રણ ઈંચ, હળવદ તાલુકામાં અઢી ઈંચ અને વાંકાનેર તથા માળિયા તાલુકામાં અડધો-અડધો ઈંચ જેટલો વરસાદ નોંધાયેલ છે.

મોરબી શહેરની અંદર સાંજના છ થી આઠ અને રાત્રિના ૧૧ થી ૧ સુધીના સમયગાળામાં સાડા પાંચ જેટલો વરસાદ વરસી ગયો હતો જેથી કરીને મોરબીના વર્ષો જૂના જે વરસાદી પાણીના નિકાલ છે તેને પાલિકાની ટીમ ખુલ્લા કરાવી શકી નથી જેથી લોકોને હાલાકી નો સામનો કરવો પડ્યો હતો. મોરબીના સનાળા રોડ, નગર દરવાજા ચોક, લાતી પ્લોટ, મહેન્દ્રપરા, માધાપરા, અરુણોદય નગર, લોહાનપરા વિસ્તાર સહિતના અને એવા વિસ્તારો કે જ્યાં દર વર્ષે ચોમાસામાં બે થી ત્રણ ઈંચ વરસાદ પડે એટલે સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ જતો હોય છે અને લોકોના ઘર અને દુકાનમાં પણ વરસાદી પાણી ઘૂસી જતા હોય છે આવી જ રીતે ગઈકાલે સાંજના છ થી રાતના એક વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન પડેલા સાડા પાંચ જેટલા વરસાદના કારણે લોકોના ઘરની અંદર વરસાદી પાણી ઘૂસી ગયા હતા. જેથી કરીને તેઓની ઘરવખરીમાં પણ નુકસાની થઈ હતી જોકે રાત્રિ દરમિયાન ત્રણ જેટલો વરસાદ પડ્યો હોવાથી કેટલાક વિસ્તારોમાં વેપારીઓની દુકાનમાં પાણી ભરાયા હતા જેથી વેપારીઓની દુકાનમાં પણ નાના મોટી નુકસાની હોવાની માહિતીઓ સામે આવી રહી છે.

# સ્વ.હસમુખભાઈ સેદાણીનું અવસાન થતા પરિવાર દ્વારા ચક્ષુદાન કરી બે દ્રષ્ટિહીન બાંધવોને દૃષ્ટિ અપાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨

રાજકોટનિવાસી રઘુવંશી સમાજના સ્વ.હસમુખભાઈ ભીખાભાઈ સેદાણીનું દુઃખદ અવસાન થતા તેઓના પુત્રો નીપુલભાઈ અને મયુરભાઈએ સેવાભાવી યુવા અગ્રણી અમરીશભાઈ ગાદેશાની પ્રેરણાથી તેઓના પરિવારજનો એ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે વિવેકાનંદ યુથ કલબનાં માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને કન્વીનર અનુપમભાઈ દોશી અને જૈન સોશિયલ ગ્રુપની આશ્રય કમિટી ચેરમેન, આઇ ડોનેશન ડ્રાઇવનાં ઉપેનભાઈ મોદી દ્વારા ચક્ષુદાન કરાવવામાં આવેલ. સેદાણી પરિવારે માનવતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડેલ છે. ડો.ધર્મેશ શાહ દ્વારા ચક્ષુનો સ્વીકાર કરેલ. બન્ને સંસ્થાઓનું ૧૧૩ મુ ચક્ષુદાન છે.

શહેરીજનોને પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન વેળાએ ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ. તેમ જણાવ્યું છે.

# યાત્રાધામના અનેક વિસ્તારોમાં લો વોલ્ટેજની સમસ્યાઓનું નિરાકરણ કરતા જે.જે.રાવલ

(કિશનસિંહ મોરબીયા દ્વારા)
વિરપુર,તા.૨

સૌરાષ્ટ્રનું સુપ્રસિદ્ધ યાત્રાધામ વિરપુર કે જ્યાં વીજળીને લગતી અનેક સમસ્યાઓ હતી, વીરપુર પીજીવીસીએલના કોલ સેન્ટરમાં વિરપુર ટાઉન તેમજ સિમ વિસ્તારમાં પણ ખેડૂતોની વીજળી સમસ્યાઓની અનેક ફરિયાદો આવતી પરંતુ છેલ્લા ચાર થી પાંચ માસમાં જ પીજીવીસીએલ ગોંડલ ગ્રામ્ય પેટા વિભાગ-૨ કચેરીમાં નાયબ ઈજનેરની પોસ્ટ પર ફરજ તરીકે જયકુમાર રાવલની નિમણૂક થતા આ બાહોશ અધિકારીએ યાત્રાધામ વીરપુરમાં છાસવારે ઉઠતી વીજળીની સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવા માટે પોતાની આગવી સૂઝબૂઝથી કામગીરી હાથ ધરી જેમાં કાર્યપાલક ઈજનેર તેમજ એચ.બી.ઘડૂક ડિવિઝન ઓફિસની સૂચના મુજબ વિરપુર એક યાત્રાધામ હોય જેમને લઈને અન્ડર ગ્રાઉન્ડ સ્કીમ હેઠળ ઈલેવન કે.વી.લાઇન એક કિમિ જેટલી અન્ડર ગ્રાઉન્ડ કરી વિરપુર આવતા યાત્રાળુંઓની તેમજ લોકોની સલામતી અને સેફટી માટે ખૂબ જ પ્રશનિય કામગીરી કરી તેમજ વિરપુરના ગંગાનગર, નવદિપ પાર્ક,ચાવડી પરા સહીતના અનેક વિસ્તારોમાં છેલ્લા બે વર્ષથી લો અને હાઈ વોલ્ટેજની સમસ્યાઓ સર્જાતી હતી જેમને લઈને ત્યાં રહેતા લોકોને વાંરવાર વીજ સમસ્યાઓ રહેતી ત્યારે જયકુમાર રાવલે પીજીવીસીએલના હેલ્પરોની ટિમ સાથે રહીને અનેક વિસ્તારોમાં સત્વરે નવા ટ્રાન્સફોર્મર (ટીસી) ઉભા લો વોલ્ટેજની સમસ્યાઓનું નિરાકરણ કર્યું, જ્યારે વિરપુરના કેટલાક વિસ્તારોમાં કે જ્યાં લોકોની અવજાવ વધારે રહેતી હોય એની સતત લોકોનો ટ્રાફિક રહેતો હોય ત્યાં એલટી લાઇનના ખુલ્લા વાયરોમાં એબીસી કેબલિંગનું કામ કરાવીને ખુલ્લાં વાયરોને દૂર કરીને કોઈ અકસ્માતનો ભય ન રહે તેવી કામગીરી કરવામાં આવી હતી, તો બીજી તરફ રેલ્વે સ્ટેશન રોડ ઉપર ૧૦ મીટરના પોલ ઉભા કરી લાઈન અને જમીન વચ્ચેની ઉચ્ચાઈ વધારેલ અને જુના લોખંડના પોલ હટાવેલ જેથી કરીને અકસ્માતનો કોઈ ભય ન રહે તેવી કામગીરી કરાઈ જ્યારે વીરપુર ગ્રામ પંચાયત હેઠળ આવતી સ્ટ્રીટ લાઈટોના પ્રશ્નને પણ વાચા આપી કાર્યહવાહી કરવામાં આવી હતી તેમજ યાત્રાધામમાં સરકારની સ્કીમ હેઠળ એમ.વી.સી.સી કન્ડકટર પણ લગાવવામાં આવશે.

હાલ ચોમાસાની શરૂઆત થઈ છે ત્યારે પ્રીમોન્સૂનની કામગીરી હેઠળ વિરપુર ગામના વિસ્તારોમા તમામ જુના ટ્રાન્સફોર્મર બદલી નવા ટ્રાન્સફોર્મર લગાવવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે આમ જગ વિખ્યાત યાત્રાધામ વિરપુરના લોકોના અનેક વીજ પ્રશ્નોના સત્વરે નિરાકરણ લાવી પીજીવીસીએલના નાયબ ઈજનેર જયકુમાર રાવલે પોતાની કર્મનિષ્ઠ કામગીરીથી લોકોના અનેક વીજ પ્રશ્નોના સુખદ નિરાકરણ લાવી જે બદલ યાત્રાધામ વિરપુરના ગ્રામજનોએ કર્મનિષ્ઠ જયકુમાર રાવલ તેમજ સાથી કર્મચારીઓની સરાહનીય કામગીરી બદલ તેમનો આભાર વ્યકત કર્યો હતો. તેમ જણાવ્યું છે.



# રાજુલામાં વરસાદને પગલે જુની પ્રાથમિક શાળા ધરાશાય



(ધર્મેશ મહેતા દ્વારા)

રાજુલા,તા.૨ઃ રાજુલા તાલુકાના ખાંખબાઇ ગામના બસ સ્ટેન્ડ પાસે આવેલ જુની પ્રાથમિક શાળા ધરાશાય થઇ હતી. આ જુની પ્રાથમિક શાળા જર્જરીત હોવાને કારણે બંધ હાલતમા હતી. ત્યારે અવિરત વરસાદને પગલે શાળા ધરાશાય થઇ હતી. આ શાળા ધરાશાય થતાં એક આંખલો ફસાયો હતો. આ ઘટના પગલે ગ્રામજનો દોડી ગયા હતાં. અને ક્રેન મારફતે ફસાયેલ આંખલાને બહાર કઢાયો હતો. થોડીવાર માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે કોઇ જાનહાની થયેલ નથી.

# જાગૃત થવું એટલે શું?

હમણાં જે લોકસભાની ચૂંટણી થઈ ત્યારે બન્ને પક્ષ તરફથી જાગૃત થવાની વાતો સામે આવી, એક પક્ષ આપણને વિધર્મીઓ આપણી સંપત્તિ છીનવી લેશે ઓફકોર્સ વિપક્ષ સત્તા પર આવશે તો એવી બૂમો પાડતો હતો, સોશિયલ મીડિયા પર આપણાં બાળકો હિન્દુત્વની ભીખ માંગશે, તલવાર, સલવાર જેવું કંઈ કેટલુંય ચાલ્યું, દોડ્યું, ઉછળ્યું, નફરત ફેલાવનારી પોસ્ટનો રાફડો ફાટયો તો સામે પક્ષે સંવિધાન બદલાઈ જશેની બૂમાબૂમ, આ સાથે કંઈ કેટલાય પ્રલોભનો, અનાજ, રોજગાર અને ખટાખટ પણ ચૂંટણી પરિણામો એ સાબિત કર્યું કે ના તો હિંદુસ્તાનની પ્રજા ડરીને કોઈ એક પક્ષની સોડમાં લપાવા માંગે છે, ના કોઈને ખટાખટ પૈસા જોઈએ છે.

'માહોલ ક્યાં હૈ?' જો એવું જ વિશ્લેષણ સાચાં અર્થમાં કરવું હોય તો પ્રજાને શાંતિથી પોતાનાં પગભર જીવવું છે.



મમતા પટેલ

હિન્દુ સુરક્ષાના નામે મત માંગતા લોકો નુપુર શર્માને છુપાવવા મજબૂર કેમ છે? જે પોતાના પક્ષની પ્રવક્તાનું માનભેર રક્ષણ નથી કરી શકતાં એ પ્રજાનું કરી શકશે? રાજસ્થાનમાં 'સર તન સે જૂદા' યોજના હેઠળ કનૈયાલાલ દરજીની હત્યા કરનારાને ત્યારની રાજસ્થાનની રાજ્ય સરકારે ગીરફતાર તો કર્યા હતાં તો ફાંસી કેમ નથી અપાઈ? હવે તો ત્યાં જ મહિનાથી ડબલ. એન્જીનની સરકાર છે, કસાબને જમાઈ બનાવીને રાખ્યો હતો એવી બૂમો પાડતી સરકાર શા માટે આ લોકોને અને ઉત્તર પ્રદેશમાં હિન્દુ બાળકોને મારનાર, મારીને ભાગનાર અને પછી પકડાઈ જનાર પેલાં આરોપીને ફાંસી આપવામાં વિલંબ કેમ કરે છે? જો આ લોકોને ચૂંટણી પહેલાં જાહેરમાં ફાંસી આપવાનો દમ બતાવ્યો હોત તો ભાજપ ચોક્કસપણે ૪૦૦ પાર થયું હોત. આ સિવાય પુલવામા હુમલામાં સંડોવાયેલા લોકોનાં નામ સુધ્ધા બહાર નથી આવ્યાં. જેમાં RDX હતું એ ટેમ્પોનો માલિક, એમાં RDX રાખનાર, કોઈક તો હશે ને સરહદની આ પાર જે આપણા ફૌજીઓના મોત માટે જવાબદાર હશે કે પછી સરહદની પેલે પાર એક સર્જીકલ સ્ટ્રાઈક કરીને બધું જ પતાવી દીધું?

જાગૃત થવું એટલે શું એક જ પક્ષની સરકારને વારંવાર સત્તા આપવી ?

એ સત્તા પર હોય ત્યારે જે પણ કંઈક ખોટું થાય એને નજર અંદાજ કરવું? એ લોકોનો આત્મવિશ્વાસ અહંકારમાં પલટાઈ જાય એ હદે મોકળું મેદાન આપવું?

એક ઉદાહરણ જોઈએ, પિતાને પોતાની પુત્રીના રક્ષણની ચીંતા રહેતી એટલે એને પરણાવીને એ નિશ્ચિત બની જતાં, હવે એનો પતિ એનું ધ્યાન રાખશે જેમ આપણે એક જ પક્ષની સરકારને સત્તાનો તાજ પહેરાવીને નિશ્ચિત બનવા માંગીએ છીએ પણ શું દરેક પતિ પોતાની પત્નીનું રક્ષણ કરી શકે છે? શું એવાં કેસ આપણે નથી જોતાં કે એ પતિ જ પત્નીના દુઃખનું (ક્યારેક મોતનું પણ) કારણ બન્યો હોય એ જ રીતે ભ્રષ્ટાચારને કારણે (ઈલકટોરલ બોન્ડ, વેક્સિન, રાજકોટ અગ્નિ કાંડ, નવા જ બનેલા બ્રીજ, રસ્તા, મંદિર, સ્ટેશન અને એરપોર્ટ) પ્રજા જે ભોગવી રહી છે એ વિશે ચૂપ રહેવાનું? રેલવે અકસ્માત અને મણીપુર (હા, આ સતત ગાજી રહેલો મુદ્દો છે જેનાં વિશે મોહન ભાગવત જી એ પણ સત્તા પક્ષનું ધ્યાન દોર્યું છે) આ બધાં જ મુદ્દે ચુપકીદી સાધી લેતી સરકારને સહી લેવાની?

હમણાં એક બહું ચર્ચીત ફિલ્મમાં એક ડાયલોગ છે કે આ દેશમાં ધર્મને નામે કોઈ પણ વ્યક્તિ પાસે કંઈ પણ કરાવી શકાય છે. કોઈ ધર્મ ઘર સુધી સિમિત રહે ત્યાં સુધી જ પુજનીય છે,એ ચોરાહા પર ટોળું બનીને આવે ત્યારે એને લે-વેચ કરનારાં અનેક વેપારીઓ મળી જાય છે અને આખરે એ આતંકિત બની જાય છે.

આપણે ધર્મને ચોરાહા પર જ નથી લાવ્યા, તમાશાનું સાધન બનાવ્યો છે.

હમણાં બહું જ ગાજેલો મુદ્દો પેપર લીકનો છે, તમે કહેશો આવું તો કોંગ્રેસ કાળમાં પણ થતું હતું, સિત્તેર વર્ષમાં ૧૭ અને દસ વર્ષમાં ૧૦ એવો મામલો છે.

ઘણાં લોકો વર્તમાન સરકારની ગેરરીતિઓ પર ચુપ્પી સાધે છે એટલું જ નહીં, ચુપ્પી સાધવાની સલાહ પણ આપે છે ફક્ત એટલાં માટે કે એ પક્ષ પોતાને બહુમતી તરફી કહે છે.

સ્ત્રી પિતા કે પતિ પાછળ લપાઈ રહે એટલે જાગૃત થઈ ગઈ એવું? જાગૃત તો ત્યારે થઈ કહેવાય જ્યારે એ પિતા કે પતિ કોઈનું પણ સહન કર્યા વગર પોતાનું આત્મસન્માન જાળવતા શીખે, પોતાના પગ પર ઉભી રહે, ઓશિયાળી ના બને (પાંચ કિલો અનાજ અને ખટાખટ બન્ને ભૂલવું પડે) પ્રજાને ભિખારી સમજી બેઠેલા આ રાજકારણીઓને સમજાવવું પડે એ કોઈ દાતા કે દાનવીર નથી અમારાં જ પૈસે કામ કરતાં સેવક છે.

સંસદનાં સત્રમાં નીટ વિશે ચર્ચા ના કરો, ગાંધીનગરમાં ટીંગાટોળી કરાયેલા શિક્ષકો વિશે ચર્ચા ના કરો, રદ થયેલી પરીક્ષા વિશે ચર્ચા ના કરો, લદાખની સરહદ હોય કે કિસાનોની માંગણી હોય, ચર્ચા ના કરો

તો ચર્ચા શેની કરવાની? પડોશીએ લીધેલાં નવા ટીવીની?

ધોરણ બારના પાઠ્ય પુસ્તકમાંથી ૧૯૯૨ માં થયેલ બાબરી ધ્વંસની વિગતો સંક્ષિપ્ત કરી નાખી, બાળકોને (ધોરણ બારમાં ભણતાં લોકો યુવાન હોય,બાળક નહીં પણ આ લોકોને કોણ સમજાવે?) નકારાત્મકતા નથી ભણાવવી પણ સંસદમાં ૧૯૭૭ ની ઈમરજન્સી ગાજતી રાખવી છે, એ નકારાત્મકતાને નથી ભૂલવી, નથી ભૂલવા દેવી જ્યારે જે વ્યક્તિ ઈમરજન્સી માટે જવાબદાર હતી એમને ફક્ત ત્રણ વર્ષમાં જ પ્રજાએ એ ફરી સત્તા પર બિરાજમાન કરી હતી અને એમનાં મૃત્યુ પછી પણ એ પક્ષ છેક ૨૦૧૪ સુધી સતત સત્તા પર રહ્યો છતાં જાણે ઈમરજન્સી પછી પ્રજાએ એ વ્યક્તિ કે પક્ષને માફ ના કર્યો હોય એમ એ ઘાને સતત લીલો રાખવાની તજવીજ કરાય છે.

સામે પક્ષે સંવિધાન બચાવો એ સ્લોગનની આંગળી પકડીને આગળ આવેલો વિપક્ષ હવે એ ભૂતને સતત ધૂણતુ રાખવા માંગે છે અને આ વાતો સંસદમાં ચાલતી હોય ત્યારે વિપક્ષનાં માઈક બંધ કરીને સત્તા પક્ષ જાણે એમની વાતોને સાબિતી પણ આપે છે. માઈક બંધ થઈ શકે, અવાજ નહીં એ ધ્યાનમાં રાખવું પડે.

જેમ ઈમરજન્સી યાદ રખાય છે એમ સામે પક્ષે ગાંધી હત્યા યાદ કરાય તો?

ગાંધી હત્યા પરથી યાદ આવ્યું કે ગાંધીની હત્યાને વ્યાજબી ગણાવતા લોકો કંગનાની થપ્પડને ગેરવ્યાજબી ગણાવતાં હતાં, ગજબ કહેવાય નહીં?

અત્યારે પોતપોતાના અસ્તિત્વ માટે લડતાં કે લડી મરતાં દરેક પક્ષ માટે આપણે પ્રજા તરીકે કેટલાં મહત્વના છીએ એ પણ વિચારવું પડે.

એ લોકો દરેક મુદ્દે પ્રજાને બલીનો બકરો બનાવીને પોતાના જ લાભ જુએ છે. એક પક્ષે ૬૫ વર્ષ સુધી લઘુમતીની લાગણીઓ પંપાળીને રાજ કર્યું હવે બીજો પક્ષ બહુમતીની લાગણીઓ પંપાળીને સત્તાને હાંસિલ કરે છે. વિચારવાનું પ્રજાએ છે કે આપણે કેમ પંપાળવાનું સાધન બની રહ્યા છીએ?

જે વ્યક્તિ મોદીને નથી માનતી, ભાજપને નથી માનતી, RSSની સભ્ય નથી એ હિન્દુ નથી?

૨૦૧૪ પહેલા આપણે કોઈ હિન્દુ નહોતાં?

વાત ઘણી લાંબી છે, થતી જ રહેશે, સમય ખરાખરીનો છે, સમજવું પણ પડશે જ અને એટલે જ આત્મમંથન પણ ચાલું રહેશે જ , રાખવું પડશે જ.

ફરી પેલી બહુચર્ચિત ફિલ્મ યાદ આવી, સોચનેવાલો કી દુનિયા દુનિયા કી સોચ સે બહુત અલગ હોતી હૈ

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત

# ''એક વૃક્ષ માતાને નામ'' અભિયાનમાં સહભાગી થતા કુંવરજી બાવળીયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિતે દિલ્હી ખાતે પીપળાનો છોડ વાવીને 'એક વૃક્ષ માતાને નામ' અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. વડાપ્રધાનના આ દેશવ્યાપી અભિયાનને વધુ બળ આપવા પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળીયા દ્વારા વિંછીયા તાલુકામાં આવેલા તેમના વતન અમરાપુર ખાતે ઘરના પ્રાંગણમાં તેમના માતૃશ્રી સ્વ. મણીબેન મોહનભાઈ બાવળીયાના સ્મરણાર્થે 'રામફળ'નો છોડ વાવીને તેને ઉછેરવાની નેમ લીધી હતી.

''એક વૃક્ષ માતાને નામ'' અભિયાન અંતર્ગત મંત્રીએ કહ્યું હતું કે, દેશના સર્વાંગી વિકાસની સાથેસાથે પર્યાવરણનું જતન પણ એટલું જ જરૂરી છે. છોડનું વાવેતર કરીને તેનું જતન-દેખરેખ રાખવાની જવાબદારી પણ વૃક્ષ વાવનારે લેવી જોઈએ તો જ સાચા અર્થમાં વૃક્ષારોપણ અભિયાન સફળ થશે તેવો મંત્રીએ સૌને અનુરોધ પણ કર્યો હતો.

મંત્રીના વતનમાં યોજાયેલા 'એક વૃક્ષ માતાને નામ' અભિયાનમાં બાળકો સહિત પરિવારના સભ્યો ઉત્સાહભેર સહભાગી થયા હતા.

# ઓલપાડ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ સંપન્ન

(વિજય પટેલ દ્વારા)
ઓલપાડ,તા.૨

રાજ્યનાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા છેલ્લાં ૨૦ વર્ષથી અમલી બનાવેલ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ સુરત જિલ્લાનાં ઓલપાડ તાલુકામાં સફળતાપૂર્વક સંપન્ન થયેલ છે. તારીખ ૨૬ થી ૨૮ જૂન દરમિયાન યોજાયેલ આ કાર્યક્રમ અંતર્ગત તાલુકાની પ્રાથમિક શાળાઓ, આશ્રમશાળાઓ તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ૧૨ રૂટમાં વહેંચી દેવામાં આવી હતી. સરકાર દ્વારા નિયુક્ત અધિકારીઓ, પદાધિકારીઓ તથા તેમની સમગ્ર ટીમે નિયત શાળાઓમાં ઉપસ્થિત રહીને ધોરણ-૧, ધોરણ-૯, ધોરણ-૧૧, બાલવાટિકા તથા આંગણવાડીમાં પ્રવેશપાત્ર બાળકોને વિધિવત પ્રવેશ કરાવ્યો હતો. તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ઓલપાડનાં ધારાસભ્ય અને ગુજરાત સરકારનાં રાજ્ય કક્ષાનાં મંત્રી મુકેશભાઈ પટેલ (વન અને પર્યાવરણ, પાણી પુરવઠા, ક્લાઈમેટ ચેન્જ) હિતેશ કોયા આઈ.એ.એસ. ડેવલપમેન્ટ કમિશ્નર, ગાંધીનગર), શિવાંગિનીકુમારી ચૌધરી (યુ.એસ. જનરલ એડ્મિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ, ગાંધીનગર) સહિત તાલુકાકક્ષા તથા જિલ્લા કક્ષાનાં અધિકારી-પદાધિકારીઓએ પ્રવેશ પામેલ બાળકોને આશીર્વચન પાઠવ્યા હતાં

આ ત્રિદિવસીય કાર્યક્રમમાં અધિકારી તથા પદાધિકારીઓનાં હસ્તે શ્રેષ્ઠ વિધાર્થીઓનું સન્માન, પાઠ્યપુસ્તક વિતરણ, દાતાઓનું સન્માન તથા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પ્રવેશ પામેલ દરેક બાળકને દાતાઓ તરફથી દફતર તેમજ શૈક્ષણિક કીટ ઉપરાંત યુનિફોર્મ, ભૌતિક સુવિધાનાં સાધનો અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન તાલુકાની ૧૦૫ પ્રાથમિક શાળાઓ, ૧૪ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ૨ આશ્રમ શાળાઓમાં ધોરણ-૧ માં ૬૩ કુમાર અને ૬૯ કન્યાઓ મળી કુલ ૧૪૨ બાળકો, બાલવાટિકામાં ૪૫૪ કુમાર અને ૪૪૪ કન્યાઓ મળી કુલ ૮૯૮ બાળકો જયારે આંગણવાડીમાં ૧૪૪ કુમાર અને ૧૫૦ કન્યાઓ મળી કુલ ૨૯૪ બાળકોને વિધિવત પ્રવેશ આપવામાં આવ્યો હતો. જ્યારે ધોરણ-૯ માં ૯૦૮ કુમાર અને ૮૦૧ કન્યાઓ મળી કુલ ૧૭૦૯ વિદ્યાર્થીઓ તેમજ ધોરણ-૧૧ માં ૪૭૬ કુમાર અને ૪૯૭ કન્યાઓ મળી કુલ ૯૭૩ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. અંદાજીત ૧૪ લાખ જેટલી માતબર રકમ વસ્તુ સ્વરૂપે દાતાઓ તરફથી મળવા પામી હતી.



સદર કાર્યક્રમને સફળ બનાવવા બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ, બી.આર.સી. ભવન સ્ટાફગણ, લાયઝન ઓફિસર્સ, તમામ મુખ્યશિક્ષકો, સ્ટાફગણ તથા શાળા વ્યવસ્થાપન સમિતિ સહિત જે તે માધ્યમિક શાળાઓનાં સંચાલકમંડળે ભારે જહેમત ઉઠાવી હતી. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક યાદીમાં જણાવે છે.

# રેશનકાર્ડની ઓનલાઈન સેવાઓ ૨થી ૬ જુલાઈ બંધ રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨

રેશનકાર્ડને લગતા ડેટાબેઝ અન્ય સર્વર પર માઈગ્રેટ કરવાનો હોવાથી તા. ૨થી ૬ જુલાઈ સુધીના સમયગાળા દરમિયાન રેશનકાર્ડને લગતી ઓનલાઈન સેવાઓ બંધ રહેશે તેમ જિલ્લા પૂરવઠા અધિકારીની યાદીમાં જણાવાયું છે.

આ યાદીમાં જણાવાયા મુજબ, રેશનકાર્ડ ધારકોને હાલાકીનો સામનો ના કરવો પડે તે હેતુથી સર્વર પર ડેટાબેઝ અપડેટ કરવા અંગે નાયબ નિયામક અન્ન અને નાગરિક પૂરવઠા કચેરી-ગાંધીનગર તરફથી સૂચના આવી છે કે, હાલમાં રેશનકાર્ડને લગતો જૂનો ડેટાબેઝ સર્વર પર રહેલો છે. જેનો સમયગાળો ખૂબ વધારે થઈ ગયો હોવાથી માઈક્રોસોફ્ટ દ્વારા તેના પર સપોર્ટ બંધ કરાયો છે. જેના લીધે સર્વર ધીમું હોવા બાબતે જિલ્લા-તાલુકા કક્ષાએ હાલાકીનો સામનો કરવાના પ્રશ્ન ઊભા થાય છે. જેથી તા.૨ થી ૬ જુલાઈ સુધીના સમયગાળામાં રેશનકાર્ડને લગતી સિસ્ટમ માઈગ્રેટ-મેઈન્ટેનન્સ હેઠળ હોવાથી, આ સમયગાળામાં રેશનકાર્ડને લગતી ઓનલાઈન સેવાઓ બંધ રહેશે. આ બાબતની નોંધ તમામ વ્યાજબીભાવની દુકાનના સંચાલકો તથા રેશનકાર્ડ ધારકોને લેવા જણાવાયું છે.

## રાજકોટ જિલ્લાના ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા

# યુવક-યુવતીઓ માટે સ્વબચાવ તાલીમનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨

યુવાનોમાં સાહસિકતાના ગુણનો વિકાસ થાય અને આકસ્મિક આવી પડેલી પૂર, વાવાઝોડું, આગ, ભૂકંપ જેવી કુદરતી / કૃત્રિમ આપદાઓના સમયમાં યુવાનો સ્વબચાવ સાથે અન્યોને પણ મદદ કરી શકે તે માટે ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિભાગના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર કચેરી દ્વારા વિશિષ્ટ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, રાજકોટ દ્વારા સૌરાષ્ટ્ર ઝોનના ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓ માટે શારીરિક ક્ષમતા વર્ધન અને તેઓનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવાના હેતુથી સ્વબચાવ તાલિમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ભાગ લેનાર શિબિરાર્થીઓને રહેવા,જમવા અને પ્રવાસભાડું સરકાર દ્વારા આપવામાં આવશે. આ શિબિર પાંચ દિવસની નિવાસી શિબિર રહેશે. આ તાલિમ શિબિરમાં એન.સી.સી., એન.એસ.એસ., રમત ગમત, સાહસિક પ્રવૃત્તિઓ અથવા અન્ય એડવેન્ચર પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ શિબિરાર્થીઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

ભાગ લેવા ઇચ્છુક યુવક-યુવતીઓએ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ૫/૫, બહુમાળી ભવન રેસકોર્ષ રોડ, રાજકોટ ખાતેથી અરજી ફોર્મ મેળવી સાથે જરૂરી આધાર પુરાવા સ્વ-પ્રમાણિત કરી તા.૧૦/૭ સુધીમાં અરજી ફોર્મ કચેરી સમય દરમ્યાન મોકલી આપવાનું રહેશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી એચ.એસ.દિહોરાની યાદીમાં જણાવાયું છે.

# સ્વામિનારાયણ ગુરૂકુલ દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને ડ્રેસ અને કીટનું વિતરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના સંસ્થાપક પૂ. શાસ્ત્રીજી મહારાજ ધર્મજીવનદાસ સ્વામીની ૧૨૩મી જન્મ જયંતી અષાઢી બીજ રથયાત્રાના દિવસે આવતી હોય તેમના સામાજિક કાર્યોની સ્મૃતિમાં રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુલ સંસ્થાન દ્વારા અનેરી સામાજિક સેવા કરી શાસ્ત્રીજી મહારાજને ભાવાંજલી અર્પવાનો સંકલ્પ કરાયેલ..



પૂ. શાસ્ત્રીજી મહારાજ જ્યારે ઊના વિસ્તારમાં મંદિર બંધાવતા હતા ત્યારે એક વેપારી હરિભક્ત સંતો માટે ઘીનો ડબ્બો અને સારા પ્રકારનો ખજુર દઈ ગયા. એ સમય દરમિયાન મંદિર બાંધવા માટે બેલા, પથ્થરની ખાણમાંથી આવતા હતા. શાસ્ત્રીજી મહારાજને આ ખાણમાં કામ કરતા ગરીબો પ્રત્યે અનુકંપા જાગી અને બધા મજુરોને ભેગા કરી પંગતમાં બેસાડી ઘી-ખજુર ખવડાવ્યો. શાસ્ત્રીજી મહારાજ બીજા સંતોને કહે કે, 'આ બિચારાઓને ઘી-ખજુર ક્યારે ખાવા મળે? પછી બધા મજુરોને સંબોધી કહ્યું કે આપણે હિન્દુ છીએ, આપણે જીવડા (માંસાહાર) મારીને ખવાય. ભગવાને ખાવા માટે ઘઉં, બાજરો ઘણું આપ્યું છે. માટે આજથી તમો બધા હિંસા અને માંસાહાર છોડી શાકાહારી બની ભગવાનનું ભજન કરજો.'

પૂ. શાસ્ત્રીજી મહારાજના આવા ઘણા પ્રસંગો છે જે ગરીબો પ્રત્યે અનુકંપા રૂપે મદદ કરી હોય. જ્યારે પણ દુષ્કાળ હોય તો અનાજ વિતરણ માટે પહોંચી જાય, પૂર-હોનારત હોય તો ઘરવખરી અને કપડાં પહોંચાડે, ભૂકંપ હોય તો ઘરની બધી સામગ્રી પહોંચતી કરે.

પૂ. ગુરુદેવના આવા ઉમદા કાર્યોની પરંપરા ચાલુ રાખી આ વર્ષે ગુરુકુલના સંતો દ્વારા આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સ્કૂલ ડ્રેસ, સ્પોર્ટ્સ ડ્રેસ, સ્કૂલ બેગ, બૂટ, ફૂલ સ્કેપ ચોપડા, સ્ટેશનરી કીટ વિતરણ કરી ગરીબ બાળકો પ્રત્યે લાગણી દર્શાવી હતી.

પૂ. ગુરુ મહારાજ દેવકૃષ્ણદાસ સ્વામી અને મહંત સ્વામી દેવપ્રસાદદાસ સ્વામીની પ્રેરણાથી સંતો અને હરિભક્તો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીના સહયોગથી રાજકોટમાં સરકારી સ્કૂલો શાળા નં. ૮૮, ૬૯, ૬૫, ૫૧, ૨૮, ૮, ૨૦ વગેરેમાં અભ્યાસ કરતા ઝૂંપડપટ્ટીના બાળકો તથા ગરીબ ઘરના બધા જ બાળકોને ઉપરોક્ત વસ્તુ સંતોના હસ્તે વિતરીત કરવામાં આવી. આ ઉપરાંત રાજકોટની આજુબાજુના ગામડાઓ જેવા કે ગુંદાસરા, નોંઘણચોરા, ચાંદલી વગેરે ગામોની સ્કૂલમાં સ્કૂલબેગ, સ્પોર્ટ્સ ડ્રેસ, બૂટ, સ્ટેશનરી કીટ આપી બાળકોને સદાચારના પાઠો શીખવ્યા હતા.

આ અભિયાનમાં શ્રી સંતવલ્લભ સ્વામી, કૃષ્ણસ્વરૂપ સ્વામી, જ્ઞાનજીવન સ્વામી,આનંદસ્વરૂપ સ્વામી વગેરે સંતો અને આશિષભાઈ સાકરિયા, દિલીપભાઈ સોરઠિયા, નિમિષભાઈ મુંગરા વગેરે હરિભક્તોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# કેશોદ તાલુકામાં મૌસમનો કુલ સાડા સાત ઈંચ વરસાદ




કેશોદ,તા.૨

કેશોદ તાલુકામાં ચોમાસાની શરૂઆતમાં મેઘરાજાના આગમનના એંધાણ જોવા મળતા ન હતા પચ્ચીસ જુનથી છુટા છવાયા છાંપટાથી ખેડુતો નિરાશ થયા હતા ગત વર્ષે ચોમાસાના પ્રારંભે જ દશ ઈંચ વરસાદ થયો હતો જ્યારે આગામી વર્ષે મેઘરાજાએ કયાક કયાક અમી છાંટણાં કર્યા હતા હાલના વર્ષે ત્રણ તબક્કામાં વાવણીના શ્રીગણેશ થયા હતા હાલના વર્ષે દર વર્ષની સરખામણીએ ચાર ગણી આગોતરી મગફળીનું વાવેતર ઓછુ થયુ હતુ વાવણી લાયક વરસાદ ન થતા છુટો છવાયો વરસાદ થતાં હાલના વર્ષે વાવણીમાં પણ છુટો છવાયો વરસાદ થયા બાદ ગત રાત્રીથી મેઘરાજાનું સર્વત્ર આગમન થતાં કેશોદ તાલુકામાં ગત રાત્રીથી અત્યાર સુધીમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ થયોછે જ્યારે મૌસમનો કુલ સાડા સાત ઈંચ વરસાદ થયોછે છેલ્લા એક દિવસથી મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીથ એખેડુતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યોછે મેઘસવારીથી ખેતરોમાં રસ્તાઓમાં પાણી પાણી જોવા મળી રહ્યુછે કેશોદ તાલુકામાં મોટા ભાગનું વાવણી કાર્ય પુર્ણ થયુછે જ્યારે થોડા ખેડુતોને વાવણી કાર્ય બાકી હોય ત્યારે મેઘરાજાની અવિરત મેઘસવારીથી ખેડુતોમા ખૂશીનો માહોલ જોવા મળી રહ્યો છે. તેમ જણાવ્યું છે.

# બાબુ માટીયાનો આજે જન્મદિવસ



રાજકોટ શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી બાબુભાઈ માટીયાનો આજે જન્મદિવસ છે ત્યારે ઠેર-ઠેરથી શુભેચ્છાઓ મળી રહી છે. ત્યારે બાબુભાઈ માટીયા યુવાવયથી ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારાથી પ્રેરાઈને ભારતીય જનતા પાર્ટીમાં અનેકવિધ જવાબદારીઓનું વહન કરતા આવ્યા છે. બાબુભાઈ માટીયાએ રાજકોટ શહેર ભાજપમાં કારોબારી સદસ્ય તરીકે સતત બે ટર્મ જવાબદારી સંભાળેલ છે, તેમજ સામાજીક રીતે આર્યનગર સોસાયટીના પ્રમુખ તરીકે પણ જવાબદારીનું વહન કરી રહયા છે તેમજ પોતાના વિસ્તારમાં યોજાતા રક્તદાન કેમ્પ, સમુહલગ્ન, છાશ વિતરણ, ચોપડા વિતરણ જેવી સેવાકીય-સામાજિક પ્રવૃતિઓમાં પણ હંમેશા અગ્રેસર રહયા છે ત્યારે પોતાના સરળ, હસમુખા અને મિલનસાર સ્વભાવને કારણે બહોળુ મિત્રવર્તૃળ ધરાવતા બાબુભાઈ માટીયાને આજે તેમના જન્મદિવસે ભાજપ અગ્રણીઓ, પરિવારજનો, મિત્રવર્તૃળ, સ્નેહીઓ, શુભેચ્છકો તરફથી તેમના મોબાઈલ નં. ૯૬૩૮૦૦૦૨૦૦ ઉપર શુભેચ્છાઓ મળી રહી છે. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી બાબુ માટીયાને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...

# રાજકોટ ડિવિઝનના ૪ કર્મચારીઓને સન્માનિત કરતા ડીઆરએમ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨

રેલવે સેફ્ટીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ રાજકોટ ડીવીઝનના ૪ કર્મચારીઓનું આજે રાજકોટ ડીવીઝનના ડીવીઝનલ રેલવે મેનેજર અશ્વનીકુમાર દ્વારા ડીઆરએમ ઓફિસ રાજકોટના કોન્ફરન્સ રૂમમાં પ્રમાણ પત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ રાજકોટ ડિવિઝનના સેફ્ટી, ટ્રાફિક અને ટ્રેક્શન વિભાગના કર્મચારીઓને માર્ચ અને એપ્રિલ, ૨૦૨૪માં રેલવે સેફ્ટીમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ આપવામાં આવ્યો છે. એવોર્ડ મેળવનાર કર્મચારીઓમાં દિનેશ જાદવ (લોકો પાયલોટ ગુડ્સ-રાજકોટ), મુકેશ કુમાર સિંઘ (સેફ્ટી કૌન્સિલર ટ્રાફિક-રાજકોટ), અનિલ જી (લોકો પાયલોટ મેઈલ એક્સપ્રેસ-રાજકોટ) અને દિનેશ દિનકર (ટ્રેન મેનેજર-હાપા) નો સમાવેશ થાય નો સમાવેશ થાય છે. ટ્રેકની બાજુમાં આગ લાગવાની સૂચના આપવી, ટ્રેકમાં લપસી પડવાનો અહેસાસ, ટ્રેનમાં કપલિંગ પીન તૂટવી વગેરે ઘટનાઓ માં ઉપરોક્ત રેલવે કર્મચારીઓ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. આ રેલવે કર્મચારીઓની સતર્કતા અને તકેદારીએ સંભવિત રેલવે અકસ્માતોને રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર આર.સી.મીણા, સિનિયર ડિવિઝનલ ઑપરેશન મેનેજર સુનિલકુમાર ગુપ્તા અને સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (ટ્રેક્શન) મીઠાલાલ મીણા ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું છે.

# ઉપલેટા પંથકમાં વરસાદમાં ફસાયેલા પરીક્ષાર્થીઓની વ્હારે આવ્યું વહીવટી તંત્ર




(આશિષ લાલકિયા દ્વારા)

ઉપલેટા,તા.૨

ઉપલેટા તાલુકા તથા આજુબાજુ વિસ્તારોમાં તારીખ ૩૦મી જૂન રવિવાર રાત્રે ધોધમાર વરસાદ વરસતાં ઉપલેટા તાલુકાના લાઠ તથા ભીમોરા ગામે જવાના રસ્તા પર બેઠા પુલ પર પૂરના પાણી ફરી વળ્યા હતા. આથી આ ગામો તાલુકા મથકથી સંપર્ક વિહોણા બન્યા હતા. જેના પગલે કોલેજના પરીક્ષાર્થીઓ ભીમોરામાં ફસાતાં, તાલુકા વહીવટી તંત્રએ તેમને સલામત રીતે ભારે વાહનમાં પુલ પાર કરાવીને પરીક્ષા કેન્દ્ર પર પહોંચાડ્યા હતા. આમ આપદા પ્રબંધન સાથે વહીવટી સજાગતા અને સંવેદનશીલતાનું ઉદાહરણ જિલ્લા વહીવટી તંત્રે પૂરું પાડ્યું હતું.

રવિવારે રાત્રે ઉપલેટા તાલુકામાં ભારે વરસાદથી લાઠ તથા ભીમોરા ગામનો સંપર્ક-વાહન વ્યવહાર પૂરના પાણીથી કપાયો હતો. સોમવારે સવારે આ અંગેની જાણ થતાં જ તાલુકા વહીવટી તંત્રે સ્થાનિક આગેવાનો સાથે ટેલિફોનીક સંપર્ક કર્યો અને ગામની સ્થિતિ જાણી હતી. જેમાં લાઠ-ભીમોરા ગામમાં વરસાદી પાણીથી રસ્તો બંધ થતાં ગામેથી તાલુકા મથકે કોલેજમાં પરીક્ષા માટે જવા માગતા કોલેજીયન છાત્રો અટવાયા હોવાની માહિતી સામે આવી હતી.

આ અંગેની માહિતીઓ ઉપલેટા મામલતદાર એમ.ટી. ધનવાણીને મળતાં જ તેમણે રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી તથા ધોરાજી પ્રાંત અધિકારી જે.એન. લિખિયાનો સંપર્ક કરી ઉપરોકત વિગતોથી અવગત કર્યા હતા ત્યારબાદ આ પરિસ્થિતિની ગંભીરતા ધ્યાને લઈને વિદ્યાર્થીઓ પરીક્ષાથી વંચિત ન રહે તથા તેમનું ભવિષ્ય બગડે નહીં તેવા હેતુથી રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન મુજબ, ધોરાજી પ્રાંત અધિકારીએ ધોરાજી ખાતે સ્ટેન્ડ બાય સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસ.ડી.આર.એફ.)ને તાત્કાલિક ઉપલેટા તાલુકાના લાઠ-ભીમોરા ગામે રવાના કરાવી હતી.

આ સૂચના અને રવાનગી બાદ એસ.ડી.આર.એફ.ની ટીમ સ્થળ પર પહોંચી હતી અને તાલુકા વહીવટી તંત્રની સાથે રહીને ભીમોરા ગામમાં રહેતા (૧) ચુડાસમા મીતરાજસિંહ ધર્મેન્દ્રસિંહ (૨) ચુડાસમા ક્ષત્રપાલ સિંહ ધર્મેન્દ્રસિંહ (૩) ભુકતા કાર્તિક દિલીપભાઈ (૪) વડગામા જતીન ચમનભાઈ (૫) જાડેજા સહદેવસિંહ અભેસંગ (૬) ભલાણી પૂજન શાંતિભાઈને ભારે વાહનમાં પૂરના પાણી પાર કરાવીને પરીક્ષા કેન્દ્ર પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. આ ઉપરાંત ઉપરાંત સવારના સમયે લાઠ ગામના ત્રણ વિદ્યાર્થી (૧) સોલંકી રાજન સંજયભાઈ (૨) ચુડાસમા ઉર્વશીબા જુવાનસિંહ (૩) ચુડાસમા વૈશાલીબા મહિપતસિંહ વરસાદી પાણીના કારણે પરીક્ષાથી વંચિત રહ્યાની જાણ થતાં, રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી તથા ધોરાજી પ્રાંત અધિકારી જે.એન. લિખિયાએ આ છાત્રોનું ભવિષ્ય બગડે નહીં તે માટે આગામી ૧૫ દિવસ પછી પૂરક પરીક્ષા લેવડાવવાની વ્યવસ્થા કરાવી હતી આમ રાજકોટ જિલ્લા વહીવટી તંત્રએ માનવતાવાદી અભિગમ સાથે વહીવટી સજગતા અને સંવેદનશીલતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમ જણાવ્યું છે.

# સંવેદના ગૃપ દ્વારા કોબા પ્રાથમિક શાળાનાં બાળકોને નોટબુક તથા દફતર કીટનું વિતરણ કરાયું



સંવેદના ગૃપનાં લીડર પ્રતિકભાઈ દેસાઈ સહિત પરેશભાઈ, મોન્ટુભાઇ, કૃણાલભાઈ દેસાઈ, પ્રવિણભાઈ નકુમ, વિનોદભાઈ તથા તેમની ટીમ દ્વારા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત ઓલપાડ તાલુકાની કોબા પ્રાથમિક શાળાનાં તમામ બાળકોને નોટબુક તથા દફતર કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઓલપાડનાં ધારાસભ્ય અને ગુજરાત સરકારનાં રાજ્યકક્ષાનાં મંત્રી મુકેશભાઈ પટેલની પ્રેરણાથી સ્થાપિત આ સેવાભાવી સંવેદના ગૃપનો મુખ્ય હેતુ ઓલપાડ તાલુકાની વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતાં ગરીબ બાળકોને. અભ્યાસિક સહાય કરવાનો છે. ગૃપની આ ઉમદા સખાવતને બિરદાવી શાળાનાં આચાર્ય ડો. ધર્મેશ પટેલ તથા ગામનાં સરપંચ દિલીપ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો. તેમ જણાવ્યું છે.

## ગુજરાતના આર્થિક નબળા વર્ગના લોકોને સહાયભૂત થવા

# માનવ કલ્યાણ યોજના હેઠળ સાધન સહાય યોજના શરૂ : વિજય કોરાટ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨

દેશમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કુશળ સંગઠન અને પેઈઝ સમિતિના પ્રણેતા ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ ગુજરાતે વિકાસની હરણફાળ ભરીને સૌનો સાથ - સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કર્યો છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે અનેક વિવીધ કૃષિલક્ષી અને માનવ કલ્યાણ લક્ષી નિર્ણયો લઈને રાજ્યના ખેડૂતો અને છેવાડાના માનવીના ઉત્થાન માટે યોગ્ય પગલા લઈને ગુજરાતના આર્થિક રીતે નબળા લોકો અને કિસાનોને સમૃદ્ધ બનાવ્યા છે.

વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં ખેડૂતોને બાગાયત ખેતીમાં વાવેતરમાં સહાય યોજના તેમજ વાવેતર બાદ ઉત્પાદન પછી વેલ્યુ એડીશન માટે હાલ ઘણી યોજનાઓ અમલમાં છે. જેમાં આંબા, કમલમ ફળ (ડ્રેગન) ફ્રુટ, નાળીયેરી, ટીસ્યુકલ્ચર ખારેક, લીંબુ, કેળ પાક, પપૈયા, દાડમ, જામફળ, ચીકુ, આમળા, સ્ટ્રોબેરી, અંજીર, બોર ફળપાક, મોસંબી, કાજુ, સીતાફળ, જાંબુ, બિલા ફળપાક, કરમદા ફળપાક, ફાલસા, ફણસ ફળપાક, આંબલી, ઓઈલપામ જેવા વિવિધ ફળ અને પાકો ઉપર સહાય યોજના દ્વારા ખેડૂત આત્મનિર્ભર બની રહ્યો છે. વધુમાં, રાજ્યની ગૌશાળાઓ, પાંજરાપોળ અને ગ્રામ પંચાયતોને અનુલક્ષીને સરકારના ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ દ્વારા વિવિધ સરકારી સહાયકારી યોજનાઓ માટે તા.૧-૭ થી ૩૦-૭ સુધી ઓનલાઇન અરજી કરી શકાશે.

વધુમાં વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના લોકોને સહાયભૂત થવા ગુજરાતની ભાજપા સરકાર દ્વારા માનવ કલ્યાણ યોજના હેઠળ તા.૩-૭ થી સાધન સહાય યોજના શરૂ કરવામાં આવનાર છે. જેમાં વિવિધ કામો જેવા કે, કડિયા કામ, સેન્ટીંગ કામ, મોચીકામ, દરજીકામ, ભરતકામ, કુંભારીકામ, પ્લમ્બર, બ્યુટીપાર્લર, સુથારી કામ, ધોબીકામ, વિવિધ પ્રકારની ફેરી, ફ્લોર મિલ, મસાલા મિલ, રૂની દિવેટ બનાવવા જેવા કામો માટે સાધન સહાય યોજના માટે તા.૩-૭ થી ઓનલાઈન અરજી કરી શકશે.

ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકાર, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ સી.આર.પાટીલનો આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.

## બાન લેબ્સના મૌલેશભાઈ ઉકાણીના સહયોગથી

# ‘દીકરાનુંઘર’ વૃદ્ધાશ્રમ દ્વારા થેલેસેમિયા પીડિત ૧૩૦ બાળકોને સાયકલ અપાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાયાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨

રાજકોટ શહેરથી ૧૪ કિલોમીટર દૂર ઢોલરા ગામમાં છેલ્લા ૨૭ વર્ષથી દેશ-વિદેશમાં જાણીતું સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રૂક્ષ્મણીબેન દીપચંદભાઈ ગારડી વૃદ્ધાશ્રમ ‘‘દીકરાનુંઘર કાર્યરત છે. સંસ્થા દ્વારા વડીલોની સેવા પ્રવૃત્તિ ઉપરાંત સમાજના સહયોગથી પ્રતિવર્ષ ૨૨ માં-બાપ વગરની દીકરીઓના લગ્ન વહાલુડીના વિવાહ, ગારડી એવોર્ડ, અનાજ-દવા સહાય, રક્તદાન, ચક્ષુદાન, દેહદાન, થેલેસેમિયા જનજાગૃતિ અભિયાન, સાહિત્યિક પ્રવૃત્તિઓ, વૃક્ષારોપણ સહિતની અનેકવિધ પ્રવૃતિઓ થઇ રહી છે. જે અંતર્ગત ૧૩૦ થેલેસેમિયા પીડિત બાળકોનો સાયકલ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

થેલેસેમિયા લોહીનો વારસાગત રોગ છે. તમામ ધર્મ અને જ્ઞાતિમાં આ રોગ જોવા મળે છે. થેલેસેમિયા જીવલેણ રોગ છે અને સારવાર અતિ ખર્ચાળ છે અને મોંઘી છે. થેલેસેમિયાગ્રસ્ત બાળકોને મહિનામાં બેવાર નિયમિત લોહી ચડાવવું પડે છે, ઈન્જેક્શન-દવા લેવાના હોય છે. થેલેસેમિયા પીડિત બાળકોનું આયુષ્ય અલ્પ હોય છે થેલેસેમીક બાળકોનો સમગ્ર પરિવાર આર્થિક, સામાજીક, માનસિક રીતે ભાંગી ગયેલ હોય છે. રાજકોટ શહેર અને જીલ્લામાં ૮૦૦ થી વધુ થેલેસેમીક બાળકો છે, કુદરતે પણ જેમની સાથે અન્યાય કરેલ છે અને રક્ત જેમનો ખોરાક છે તેવા લોહીના વારસાગતરોગ થેલેસેમિનો ભોગ બનેલા થેલેસેમીક બાળકોના જીવનમાં આનંદનો ઉજાસ પાથરવાના શુભાશયથી શહેરના સફળ ઉદ્યોગપતિ બાન લેબ્સના ચેરમેન, ભગવાન દ્વારકાધીશની જેમના પર અસીમ કૃપા છે તેમજ શહેરની અસંખ્ય સંસ્થાઓ સાથે જોડાયેલા જાણીતા દાતા મૌલેશભાઈ પટેલના સંપૂર્ણ આર્થિક સહયોગથી રૂપિયા પાંચ લાખના ખર્ચે બાળરાજાઓ રાજીના રેડ થઇ જાય તેવી સરસમજાની નવીસાયકલો ૧૩૦થેલેસેમિયા પીડિત બાળકોને સમાજ જીવનના વિવિધ ક્ષેત્રના મહાનુભાવોની ઉપસ્થિતિમાં તારીખ ૩/૭ બુધવારના રોજ સાંજના પાંચ વાગે શહેરના કાલાવડ રોડ પર આવેલ સૌરાષ્ટ્ર હાઈસ્કુલમાં યોજવામાં આવેલ સાયકલ વિતરણ કાર્યક્રમમાં બાળકોને અર્પણ કરવામાં આવશે. ૧૩૦ થેલેસેમીક બાળકોને શહેરના સમાજ જીવનના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ બાન લેબ્સના ચેરમેન મૌલેશભાઈ પટેલ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, જાણીતા ઉદ્યોગપતિ મનસુખભાઈ પાણ, જાણીતા બિલ્ડર જગદીશભાઈ ડોબરીયા, બિલ્ડર ગુણવંતભાઈ ભાદાણી, જૈન અગ્રણી જયેશભાઈ શાહ સોનમ ક્વાર્ટઝ, જલારામ હોસ્પિટલના ટ્રસ્ટી શૈલેષભાઈ પાબારી, જાણીતા બિલ્ડર જોલીભાઈ હાલાણી, સફળ ઉદ્યોગપતિ દર્શનભાઈ નંદાણી, યુવા ઉદ્યોગપતિ સુમંગલ કાસ્ટિંગના પ્રમીતભાઈ પટેલ, સાગર બાયોકેરના સંચાલક વિમલભાઈ પટેલ, બ્રહ્મસમાજના અગ્રણી બંકિમભાઈ મહેતા, રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિના અગ્રણી સંજયભાઈ દવે, ગોલ્ડન સુપર માર્કેટના મહેન્દ્રભાઈ સોજીત્રા, સહિતના મહાનુભાવોના વરદ હસ્તે સાયકલ વિતરણ કરવામાં આવશે.

સંસ્થા દ્વારા તમામ ૧૩૦ બાળકોને સાયકલ વિતરણ કાર્યક્રમની ટેલીફોનીક જાણ કરવામાં આવતા થેલેસેમિયા રોગનો ભોગ બનેલા નિર્દોષ બાળકો રાજીના રેડ થઈ ગયેલા તેમજ સંસ્થાની ઈશ્વરના દૂત સમા થેલેસેમીક બાળકોને નવી સાયકલ લઇ આપવાના આ ઉમદા અને પ્રેરણાદાયી કાર્યને બિરદાવી થેલેસેમિક બાળકોનું જીવન નિરામય બની રહે વેદના હળવી થાય તેવા આશીર્વાદ વિવિધ સંપ્રદાયના સાધુ-સંતો તેમજ ધર્માચાર્યોએ પાઠવેલ છે.

અત્રે ઉલેખનીય છે કે દીકરાનુંઘર વૃદ્ધાશ્રમ દ્વારા આઠ વર્ષ પહેલા ૧૦૦ થેલેસેમિક બાળકોને સાયકલ ભેટ આપવામાં આવેલ, તેમજ ૨૦૧૬ નું વર્ષ થેલેસેમીયા જનજાગૃતિ અભિયાન તરીકે ઉજવવામાં આવેલ. રક્ત જેમનો ખોરાક છે તેવા આ બાળકો માટે રક્તદાન શિબિર યોજવામાં આવે છે તેમજ ગુજરાત સરકારમાં સફળ રજૂઆત કરીને રાજ્યભરના થેલેસેમીક બાળકોને એસ.ટી. બસમાં વિના મુલ્યે મુસાફરીની સુવિધા ઉપલબ્ધ કરાવેલ તેમજ ભવિષ્યમાં નવા થેલેસેમિક બાળકો જન્મે નહિ તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં કોલેજમાં એડમિશન લેતા તમામ છાત્રોના થેલેસેમિયા ટેસ્ટ ફરજીયાત કરવામાં આવે તેવી સફળ રજૂઆત પણ સંસ્થા દ્વારા કરવામાં આવેલ.

આ ગરિમા પૂર્ણ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીઓ શિવલાલભાઈ આદ્રોજા, પ્રતાપભાઈ પટેલ, નીદતભાઈ બારોટ, વલ્લભભાઈ સતાણી, ધીરૂભાઈ રોકડ, વસંતભાઈ ગદેશા, કીરીટભાઈ પટેલ, હરેશભાઈ પરસાણા, સુનિલભાઈ મહેતા, ઉપેનભાઈ મોદી, હરદેવસિંહ જાડેજા, રાકેશભાઈ ભાલાળા, હરેનભાઈ મહેતા, ગૌરાંગભાઈ ઠક્કર, અશ્વિનભાઈ પટેલ, પ્રવીણભાઈ હાપલીયા, દીપકભાઈ જલુ, ઘનશ્યામભાઈ રાચ્છ, જયેશભાઈ સોરઠીયા, ધર્મેશભાઈ જીવાણી, ડો. મયંકભાઈ ઠક્કર, પ્રગ્નેશભાઈ પટેલ, ડો. શૈલેષભાઈ જાની વગેરે ઉપસ્થિત રહેશે. સમગ્ર આયોજનની સફળતા માટે સંસ્થાના સ્થાપક અને શહેર ભા.જ.પ ના અધ્યક્ષ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ અનુપમ દોશી, સુનિલ વોરા, કિરીટ આદ્રોજા, નલિન તન્ના, હસુભાઈ રાચ્છ, પંકજ રૂપારેલીયા, હસુભાઈ શાહ, દોલતભાઈ ગદેશા, જયેન્દ્રભાઈ મહેતા, પરિમલભાઈ જોષી, જીતુભાઈ ગાંધી, શૈલેષ દવે, જીજ્ઞેશ પુરોહિત, દક્ષીણભાઈ જોષી, નૈષધભાઈ વોરા, વિપુલભાઈ ભટ્ટ, પારસ મોદી, કામેબ માજી, મિહિર ગોંડલીયા વગેરે કાર્યરત છે. તેમ જણાવ્યું છે.

# મોરબી ચોમાસા દરમિયાન અવિરત વીજ પુરવઠો મળી રહે તે બાબતે સમિક્ષા બેઠક યોજાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)


રાજકોટ,તા.૨

પીજીવીસીએલનાં મેનેજિંગ ડિરેક્ટર પ્રીતિ શર્મા દ્વારા મોરબી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન સાથે રૂબરૂ મોરબી ખાતે ખાસ બેઠક રાખવામાં આવેલ સાથોસાથ મોરબી ખાતે સાતત્યપૂર્ણ વીજપ્રવાહ તેમજ ત્યાંનાં સ્થાનિક પ્રશ્નોના સમાધાન તેમજ માર્ગદર્શન પૂરું પાડવા મુલાકાત કરી. ચર્ચા દરમિયાન નીચે મુજબના સૂચનો અને તાત્કાલિક કામગીરી હાથ ધરાયેલ.

મોરબીમાં ખૂબ જ મોટો ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર આવતો હોય ત્યાનાં ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનની સાથે ખાસ બેઠક કરી અને તેમના પ્રશ્નોનાં નિવારણ માટે ખાત્રી આપી. મોરબી વિસ્તારના તમામ ઔદ્યોગિક ફીડરનું સ્થિતિવાર વિશ્લેષણ કરી, પરિસ્થિતી અનુસાર કામગીરી કરવા જણાવેલ. મોરબી ખાતે ૩૬૦ કિમી મીડિયમ વોલ્ટેજ કવર્ડ કંડક્ટર (MVCC) લગાડવાની કામગીરી ઝડપી પૂરી કરવા જણાવેલ. ઔદ્યોગિક, GIDC, શહેરી, JGY ફીડર માટે વધારાના સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ (SI) તેમજ મીડિયમ વોલ્ટેજ કવર્ડ કંડક્ટર (MVCC) લગાડવાની વિગતવાર નોંધ બુધવાર સુધીમાં સબમિટ કરી આપવા સૂચના પાઠવી. આગામી ૧૫ દિવસ સુધી મોરબીમાં માસ મેઈનટેનન્સ હાથ ધરવામાં આવશે. મોરબીના અધિક્ષક ઈજનેર તેમજ ઔદ્યોગિક એસોસિએશન બંનેને દર મહિને સંકલનમાં રહેવા ભાર મૂકવામાં આવેલ.

રીઅલ ટાઈમ કોમ્યુનિકેશન સુનિશ્ચિત કરવા માટે દરેક ફીડર ગ્રૂપનું વોટ્સએપ ગ્રૂપ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. ચોમાસા દરમિયાન પરિસ્થિતિને પહોંચી વળવા મેઈનટેનન્સ ટીમ અને વાહનો વધારવામાં આવશે બધા જમ્પર બાઈન્ડિંગ્સ વેજ કનેક્ટર્સ સાથે હોવા જોઈએ તે અંગે ઘટતું કરવા સૂચના આપી. એચ.ટી. વીજજોડાણોની પેન્ડન્સી અને તે સંબંધિત સામગ્રીની જરૂરિયાતની સમીક્ષા કરી વર્તુળ કચેરી સ્તરેથી ઘટતી કાર્યવાહી કરવા સૂચિત કરવામાં આવ્યા. તેમ જણાવ્યું છે.

# કેનેડાના વિનીપેગની બોનીફેસ હોસ્પિટલના બોર્ડ ઓફ ડાયરેક્ટર તરીકે હેમંત શાહની નિમણુંક



કેનેડાના વિનીપેગની ૧૫૦ વર્ષ જૂની સેન્ટ બોનીફેસ હોસ્પિટલના બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં પ્રથમ ગુજરાતી બિઝનેસમેન હેમંતભાઈ શાહની વરણી કરવામાં આવી છે, તેમ કેનેડા ભારતના ટ્રેડમાં પાંચ દાયકાથી યોગદાન આપનારા ગુજરાતી બિઝનેસમેન હેમંતભાઈ શાહ જણાવે છે કે, આ નિમણુંક થવી એ મારા માટે ગર્વની વાત છે આ હોસ્પિટલ મારા માટે દિલથી નજીક એટલે છે કે ત્રણ વર્ષ પહેલા આ હોસ્પિટલમાં મને નવો જન્મ મળ્યો અને પછી ૩૦ દિવસ હોસ્પિટલમાં સારવાર માટે રહ્યો હતો,પછી ત્યાં જોયું હોસ્પિટલને શું જરૂર છે. સાજા થયા બાદ મેં વોલેન્ટિયર તરીકેને પે-બેક કરવાની દિશામાં કાર્યવાહી ચાલુ કરી અને મેં હોસ્પિટલ મેનેજમેન્ટ, હેલ્થકેર વર્કર, ડોક્ટરને શું તકલીફ પડે છે, પેશન્ટને શું તકલીફ પડે છે તે જોતો ગયો અને એક વોલન્ટિયર તરીકે સુધારા અંગે ધ્યાન દોરતો હતો. અને હવે કેનેડાના વિનીપેગની બોનીફેસ હોસ્પિટલના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં આવ્યા પછી મારું ફોકસ એ જ રહેશે કે, કેવી રીતે પેશન્ટ ડોક્ટર અને હેલ્થ કેર ટીમની આત્મીયતા વધે, હોસ્પિટલને નવા ઈક્વિપમેન્ટ ટેકનોલોજીની શું જરૂર છે તેની ડોનેશન ડ્રાઈવ કરીશું. કેનેડામાં આપણા ભારતીય ડોક્ટરોની ટીમ ઘણી છે, આપની જાણ ખાતર મને ત્રણ વર્ષ પહેલા જીવતદાન મળ્યું, કેનેડામાં મારા પર હાર્ટ ઓપરેશન કરનારા ડોક્ટર મુંબઈના મહારાષ્ટ્રીયન હતા. આ સર્જન ડોક્ટરે ચેલેન્જ લઈને સારવાર આપી. ગુજરાતમાં ઘણા નિષ્ણાત ડોક્ટર છે, તો કેનેડાના વિનીપેગની બોન ફાઇસ હોસ્પિટલ અને ભારત, ગુજરાતની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ સાથે જોડાણ કે સહયોગ કરે. ટેકનોલોજી અને રીસર્ચ અહીં કેનેડામાં છે અને ભારતમાં પણ છે તેનું અરસપરસ આદાન-પ્રદાન કરે. માતૃભૂમિને ફાયદો થાય અને કર્મભૂમિને પણ ફાયદો થાય એ બાબત પર હું ધ્યાન કેન્દ્રિત કરીશ. વેસ્ટર્ન ઈન્ડિયા એટલે કે મુંબઈ-ગુજરાતને જોડતી પ્રાઈવેટ હોસ્પિટલો અને કેનેડામાં સેન્ટ બોનીફેસ હોસ્પિટલ જોડે લીન્કેજનો મારો પ્રયાસ રહેશે. મારા માટે ગર્વની વાત છે કે જે હોસ્પિટલમાં મને જીવતદાન મળ્યું છે તેમાં મને બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં સ્થાન મળ્યું છે આમ મોટી પોઝિશન પર નિમણૂક કરાઈ છે અને બીજી ૧૦ થી ૧૨ હેલ્થ કેર ફેસીલીટીઝમાં સ્થાન મળ્યું છે તે એક ગુજરાતી માટે ગર્વની વાત છે.

# મેઘરાજાની સટાસટીઃ વંથલીમાં ૧૫ ઇંચઃ જિલ્લામાં શાળા-કોલેજો બંધ

## વિસાવદર ૧૪, જુનાગઢ શહેર-ગ્રામ્ય ૧૨, કેશોદ ૧૦, માણાવદર ૯, મેંદરડા ૮, ભેંસાણ-માળીયા હાટીના ૭ ઇંચ વરસાદ વરસ્યોઃ માણાવદર-કુતિયાણાના ૧૫ ગામો સંપર્કવિહોણા થયા



જુનાગઢ, તા.૨

છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ વંથલીમાં ૧૫ ઇંચ ખાબકતા જળબંબાકાર થઇ જવા પામતા ખેતરો પાણીમાં ગરકાવ થઇ જવા પામ્યા છે.

ઓઝત, ઉબેણ, મધુવંતી છલકાય જવા પામ્યા છે. બારે મેઘ ખાંગા હોય તેમ ૨૪ કલાકમાં મેઘરાજાએ સટાસટી બોલાવી દીધી છે. વિસાવદર અને જંગલ વિસ્તારમાં આભ ફાટયું હોય તેમ ૨૪ કલાકમાં બીજા ક્રમે ૧૪ ઇંચ વરસાદ ખાબકયો છે. વિસાવદરની ઓઝત નદીમાં ઘોડાપુર આવતા એક ઝાટકે પાણીનો પ્રશ્ન હલ થઇ જવા પામ્યો છે.

માણાવદરમાં ગઇકાલ સવારના ૮થી સવારના ૮ દરમ્યાન ૯ ઇંચ વરસાદ નોંધાયો છે જેમાં બાંટવા ખારા ડેમ, માણાવદરનો રસાલા ડેમ છલકાયો છે. બાંટવા ખારા ડેમના ગઇકાલે ૬ દરવાજા ખોલી નાખવામાં આવતા ભલગામ, કોડવાવ, રેવદ્રા સહિતના ગામડાઓ પુરના પાણીમાં વિખુટા પડી જવા પામ્યા હતા. ગઇકાલે આખો દિવસ પોરબંદર હાઇવે જુનાગઢનો બંધ થઇ જવા પામ્યો હતો.

ઉપરવાસ ભાદર નદીમાં ઓછા વરસાદના કારણે આ વખતે સરાડીયા સ્ટેટ હાઇવેની દુકાનોમાં પાણી અંદર ઘુસ્યા ન હતા જેથી રાહતનો શ્વાસ લીધો છે. સાંબલીયા, ઘેડ પંથકના બાંટવા, મૈયારી, પાદરડી, અમીપુર, બગસરા સહિતના ઘેડ પંથકમાં જળબંબાકાર થઇ જતા વાહન વ્યવહાર બંધ થઇ જવા પામેલ હતો.

સરાડીયાથી આગળ મરમઢ, દેશીગાથી આગળ રત્નાગર નદી બે કાંઠે વહી રહી છે જેના કારણે ઘેડ પંથકના રસ્તાના ગામડાઓનો સંપર્ક આજે બીજા દિવસે પણ તુટી જવા પામ્યો છે. જુનાગઢ બાંટવા, સમેગાની એસ.ટી. બસ સમેગા ખાતે અટવાઇ જવા પામી છે. ભારે વરસાદના કારણે બાંટવા ખારા ડેમના દરવાજા ખોલતા સમેગા ગામ કોડવાવ ચોતરફથી દરિયામાં ફેરવાઇ જતા એસ.ટી. બસ સમેગા ખાતે ગઇકાલે અટવાઇ જવા પામી છે.

બાંટવા, મોડદરનો રોડ પણ આજે બીજજા દિવસે પણ બંધ પડયો છે. ગરેજ, બળેજના રોડ પર પાણી ફરી વળતા આ રોડ પર વાહન વ્યવહાર બંધ થઇ જવા પામ્યો છે.

જુનાગઢનો વિલિંગ્ડન ડેમ બે કાંઠે વહી રહ્યો છે. સોનરખ નદી, કાળવો બે કાંઠે વહી જતા કાળવાના પાણી ફરી લક્ષ્મીનગર, આલ્ફા સ્કુલ સહિતના વિસ્તારોમાં પાણી ફરી વળતા લોકો ગત વર્ષની યાદ તાજી થવા પામી હતી.

નરસિંહ મહેતા સરોવર અને દામોદર કુંડમાં નવા નીર સીઝનના પ્રથમવાર આવવા પામ્યા છે. નરસિંહ મહેતા સરોવરનું રિનોવેશન બે વર્ષથી ચાલુ હોય આ વર્ષે પ્રથમવાર નરસિંહ મહેતા સરોવરમાં પાણી ભરાયું છે.

ઘેડ પંથકમાં ઉપરાંત ઓઝત નદીના કાંઠાના વિસ્તારોમાં માટીના પારાનું ધોવાણ થવા પામ્યાનું જાણવા મળી રહ્યું છે. મધુવંતી નદીમાં ભારે પુરના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણીમાં ગરકાઇ થઇ જવા પામ્યા છે.

વંથલીમાં ભારે વરસાદના કારણે સાંતલપુર, મેઘપુર, નાવડા, પીપલાણા સહિતના ગામડાઓ ઉપરાંત ટીકર ગામડાઓ બેટમાં ફેરવાઇ જવા પામ્યા છે. આજે સવારથી મેઘરાજાએ વિરામ લીધો છે.

ભારે વરસાદને પગલે જુનાગઢ જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આજ ૨ જુલાઇએ જાહેર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. સાથે જ સ્ટાફને હેડ કવાર્ટર ન છોડવાના આદેશ પણ આપવામાં આવ્યા છે.

# પુત્ર અને પત્નિએ દાંતરડાના ઘા અને હથોડીના ઘા મારી પતિની કરી હત્યા

### જસદણના નાની લાખાવડ ગામનો ઘટનામાં મોટો ખુલાસોઃ અન્ય સ્ત્રી સાથેના સબંધના કારણે મોડી રાતે ખેલાયો ખૂની ખેલ



જસદણ, તા.૨

જસદણના નાની લાખાવડ ગામમાં મોડિરાતે ખેલાયેલા ખૂની ખેલમાં મોટો ખુલાસો થયો હતો. ખેડૂત વલ્લભભાઈને તેના પુત્રએ પકડી રાખી પત્નીએ દાંતરડાના ૩૫ ઘા અને હાથોડીના ૨૦ ઘા ઝીંકી હત્યા નિપજાવી હતી. અન્ય સ્ત્રી સાથેના સબંધના કારણે ખૂની ખેલ ખેલાયનું ખુલ્યું હતું. જસદણ પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી માતા-પુત્રની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે જસદણના નાની લાખાવડ ગામે હનુમાનપરામાં રહેતાં વસંતભાઇ અરજણભાઇ બાવળીયા (ઉ.વ.૫૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ભાનુબેન વલ્લભ બાવળીયા અને તેના પુત્ર જયેશ વલ્લભ બાવળીયા (રહે. બંને નાની લાખાવડ, જસદણ) નું નામ આપતાં જસદણ પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી બંને માતા-પુત્રની ધરપકડ કરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ખેતી કામ કરે છે. તેઓ પરીવારમાં ચાર ભાઇઓ છે. જેમાં મોટાભાઈ સુખાભાઈ, વલ્લભભાઈ અને વિઠ્ઠલભાઈ છે. ગઈકાલે સવારના સાત વાગ્યાની આસપાસ તેઓ ઘરે સૂતાં હતાં ત્યારે તેમના પત્નીએ વાત કરેલ કે, વલ્લભભાઈના દીકરા જયેશના સસરા લાખાભાઈ ઘરે આવીને વાત કરેલ કે વલ્લભભાઈ અને તેની પત્ની ભાનુ અને દીકરો જયેશ રાત્રિના ઝગડેલ છે. જેથી તેઓ તેમની ઘરે ગયેલ અને ત્યાં જતાં વલ્લભ તેના રૂમમાં ખાટલા ઉપર લોહી લુહાણ હાલતમાં ઉંધા માથે સુતેલ હાલતમાં પડેલ હતો અને તેના માથાના ભાગે મોટા કાપા પડી ગયેલ હતો અને તેમાથી લોહી નીચે પડતુ હતુ. આખા શરીરે ઈજાના નીશાન હતા અને તે હલન ચલણ કરતો ન હતો અને મરણ ગયેલ હતો.

ઘટનાસ્થળે મૃતક વલ્લભભાઈનો પુત્ર જયેશ ઘરે હોય તેમને વાત કરેલ કે, રાત્રિના એક વાગ્યે મારા પિતાને કોઇ અન્ય મહીલા સાથે આડા સબંધની ઘણા સમયથી મારી માતાને શંકા હોઈ જેથી અવારનવાર ઝગડતા હતા. રાત્રે પણ બંને તે બાબતે ઝગડતા (જુઓ.પાનું.૫)

# સૌરાષ્ટ્રના ૪૪ ડેમોમાં ૧થી ૨૨ ફુટ જેટલા નવા નીરની આવક

## રાજકોટ જિલ્લાના ભાદર, ન્યારી સહિત ૧૧ ડેમોમાં ૦.૫ થી ૧૬ ફુટ તેમજ મોરબીના મચ્છુ-૨, ડેમી સહિત પાંચ ડેમોમાં ૦.૫ થી ૧૬ ફુટ આવક

રાજકોટ,તા.૨

છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન રાજકોટ જીલ્લાના ૧૧, મોરબીના ૫, જામનગરના ૧૭ અને દ્વારકા જીલ્લાના ૧૦ ડેમોમાં ૧થી૨૨ ફુટ જેટલી નવા નીરની ધીંગી આવક થવા પામી છે.

આ અંગેની રાજકોટ સિંચાઈ વિભાગના ફલડ સેલમાંથી પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ જીલ્લાના જે ૧૧ ડેમોમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન નવા નીર આવ્યા છે તેમાં ભાદર-૧માં પોણો ફુટ, મોજમાં ૪.૨૦ ફુટ, ફોફળમાં અઢી ફુટ, વેણુ-૨માં ૭.૩૫ ફુટ, આજી-૩માં ૩.૪૧, સોડવદરમાં ૫.૫૮, સુરવોમાં ૧૬ ફુટ, ન્યારી-૨માં ૦.૩૩ ફુટ, ફાડદંગબેટીમાં ૧.૮૦ ફુટ, ખોડાપીપરમાં દોઢ ફુટ તથા ભાદર-૨માં ૧૫.૨૬ ફુટ નવા નીરની આવક થવા પામી છે.



આ સાથે આજની સ્થિતિમાં રાજકોટ જીલ્લાના ૨૭ ડેમોમાં ૨૫.૪૫ ટકા જળસંગ્રહ થઈ ગયો છે. આ ઉપરાંત મોરબી જીલ્લાના ૧૦ ડેમો પૈકી પાંચ ડેમોમાં ૦.૫ થી ૬ ફુટ જેટલુ નવુ પાણી આવ્યુ છે જેમાં મચ્છુ-૨માં પોણો ફુટ, ડેમી-૨માં ૬.૨૩ ફુટ, ઘોડાધ્રોઈમાં ૩.૪૪ ફુટ, બંગાવાડીમાં પોણો ફુટ અને બ્રાહ્મણી ડેમમાં ૦.૫ ફુટ તથા બ્રાહ્મણી-૨માં ૧ ફુટ નવુ પાણી આવ્યુ છે.

જયારે જામનગર જીલ્લાના ૨૧ પૈકી ૧૭ ડેમોમા નવા નીરની આવક થવા પામી છે. જેમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૧થી૧૫ ફુટ જેટલુ નવુ પાણી ૧૭ ડેમોમાં ઠલવાયુ છે.

પ્રાપ્ત વધુ વિગતો મુજબ જામનગર જિલ્લાના સસોઈમાં ૧.૯૭, પન્નામાં ૧.૧૮, ફુલઝરમાં ૧૫.૨૬, સપડામાં ૬.૭૪, વિજરખીમાં ૨.૫ ફુટ, ડાઈમીણસરમાં ૨.૧૭ ફુટ, ફોફડમાં ૨ ફુટ, ઉંડ-૩માં ૦.૭૫ ફુટ, આજી-૪માં ૬.૩૦, ઉંડ-૧માં દોઢ ફુટ તેમજ વાડીસંગમાં ૧૧.૫૫ ફુટ, ફુલઝર (કોબા)માં ૧૩.૨૯ ફુટ, રૂપાવટીમાં ૩.૬૧, રૂપારેલમાં ૪, ઉમીયાસાગરમાં ૧૨.૬૩, સસોઈમાં ૪.૫૯ અને વગડીયામાં ૧૬.૫૭ ફુટ નવા નીરની આવક થઈ છે.

દરમ્યાન વધુમાં મળતી વિગતો મુજબ દ્વારકા જીલ્લાના ૧૨ પૈકી ૧૦ ડેમોમાં પણ નવા નીરની ૧થી ૨૨ ફુટ જેટલી આવક થઈ છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન દ્વારકા જીલ્લાના ઘી ડેમમાં ૩.૨૮ ફુટ, વર્તુ-૧માં ૧૧.૪૮, ગઢકીમાં ૧૫.૨૬, વર્તુ-૨માં ૪.૯૨, સોનમતીમાં ૧૦.૧૭, સેઢાભાડથરીમાં ૧૩.૯૪, વેરાડી-૧માં ૪.૧૩, સીંધણીમાં ૨૨, કાબરકામાં ૧.૧૫, વેરાડી-૨માં ૨.૯૫ અને મીણસાર (વાનાવડ)માં ૧૩.૭૬ ફુટ નવા નીરની આવક થવા પામી છે. તેમજ સુરેન્દ્રનગરના મોરસલ ડેમમાં પણ ૬.૫૬ ફુટ જેટલુ નવુ પાણી છેલ્લા ૨૪ કલાકમાં ઠલવાયુ હતું.

# સૌરાષ્ટ્રમાં મેઘરાજા વરસ્યાઃ ૧ થી ૧૪ ઈંચ વરસાદ





## રાજકોટ જીલ્લાનાં ધોરાજીમાં-૬, દ્વારકા-ખંભાળીયામાં ૪ થી ૯.૫ ઈંચ, ગીર-સોમનાથમાં પણ ૧ થી ૧.૫ ઈંચ વરસાદ

રાજકોટ, તા.૨

ખંભાલીયામાં ૧૦, માધવપુર ઘેડમાં ૭, અમરેલી જીલ્લામાં ૧ થી ૫, ગિર સોમનાથ જીલ્લામાં ૧ થી ૪.૫ ઈંચ, મોરબી જીલ્લામાં ૦!! થી ૫.૫ ઈંચ, ભાવનગર જીલ્લામાં ૦!! થી ૪ ઈંચ, જેટલો વરસાદ નોંધાયો છે.

તેમજ વિસાવદરમાં સૌથી વધુ ૧૩ ઈંચ, જૂનાગઢમાં સાડા ૧૧ ઈંચ, જૂનાગઢ શહેરમાં સાડા ૧૧ ઈંચ, કેશોદમાં ૧૦ ઈંચ, ખંભાળિયામાં સવા નવ ઈંચ, માણાવદરમાં સાડા પોણા નવ ઈંચ, ૨૨ કલાકમાં કલ્યાણપુરમાં આઠ ઈંચ, ૨૨ કલાકમાં મેંદરડામાં સાડા સાત ઈંચ, ૨૨ કલાકમાં જલાલપોરમાં સાત ઈંચ.

રાજકોટના ધોરાજીમાં સાડા છ ઈંચ અને માળિયા હાટીના તાલુકામાં સાડા છ ઈંચ, ભેસાણ, મહુવામાં છ ઈંચ, મહુવા, મોરબીમાં છ ઈંચ, રાજુલા, તાલાલામાં સાડા પાંચ ઈંચ, તાલાલા, ગીર ગઢડામાં સાડા પાંચ ઈંચ, કુતિયાણા, માંગરોળમાં સાડા પાંચ ઈંચ, કોડીનાર સાડા પાંચ ઈંચ, ઉનામાં, મહુવામાં સાડા ચાર ઈંચ, દ્વારકા, બગસરામાં સાડા ચાર ઈંચ,ખાંભામાં સાડા ચાર ઈંચ, જામજોધપુર, ભાણવડમાં ચાર ઈંચ પડયો હતો.

માધવપુર માં ગત રાત્રિ દરમ્યાન મેઘરાજા ની ધમાકેદાર એન્ટ્રી થતાં ૭ ઈંચ વરસાદ પડયો હતો. મોસમ નો પેહલા વરસાદ માં જ ધમાકેદાર એન્ટ્રી થતાં લોકો અને ખેડુતો માખુશી છવાય છે. નીચાણ વાળા વિસ્તારમાં પાણી ભરાયાં હતા. ઘેડના પાતા ચીગરિયા મડેર કડછ શહીત ના ગામોમાં વરસાદ વરસતા ખુશીનો માહોલ ધવાયો હતો.

વડિયામાં સમગ્ર રાજ્યમાં હાલ વરસાદી માહોલ છવાયો છે ત્યારે સૌરાષ્ટ્ર માં છેલ્લા બે દિવસથી મેઘરાજાના મંડાણ થયા છે એમાં પણ રવિવાર રાત થી અમરેલી ના વડિયા વિસ્તાર માં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે ત્યારે છેલ્લા સોમવાર ના સાંજે પાંચ વાગ્યાં સુધીમાં પાંચ ઇંચ વરસાદ નોંધાયો છે. વડિયા વિસ્તારના લોકોની જીવાદોરી સમાન ગણાતા સુરવો ડેમ પણ તળિયા ઝાટક હતો તેમાં પણ છ ફૂટ નવા નિરની આવક થઇ છે તો વડિયા ની ભાગોળે આવેલા સાંકરોળી ડેમમાં દસ ફૂટ નવા નિરની આવક થતા સમગ્ર પંથક માં અવિરત મેંઘ સવારી થી ખુશીનો માહોલ છવાયો છે અને લાપસી ના આંધણ મુકાતા જોવા મળી રહ્યા છે.

ગીર સોમનાથ જીલ્લાના છએય તાલુકાઓમાં આજે સવારથી જ મેઘરાજાએ ગાજવીજ સાથે ધમાકેદાર એન્ટ્રી કરી હતી. સવારના પહોરમાં સુત્રાપાડા, કોડીનાર, ગીરગઢડા અને ઉના તાલુકાઓમાં ધોધમાર હેત વરસાવ્યા બાદ બપોર પછી વેરાવળ અને તાલાલા ગીર પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના પગલે હિરણ સહિતની અનેક નદી- નાળાઓમાં વરસાદી પાણી વહેતા જોવા મળ્યા હતા. આજે મેઘરાજાએ વરસાવેલ હેતના પગલે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી છે. જીલ્લામાં સવાર ૬ થી રાત્રે ૮ સુધીમાં કોડીનારમાં ૪.૫ ઇંચ, સુત્રાપાડામાં ૩ ઈંચ, વેરાવળ સોમનાથમાં ૧.૫, તાલાલામાં ૩ ઈંચ, ઉનામાં ૨ ઈંચ અને ગીરગઢડામાં ૩ ઈંચ વરસાદ વરસ્યો છે.

બગસરા તાલુકાના હડાળા માવજીજવા બાલાપુર પીઠડીયા નવા- જુના વાઘણીયા ખારી ખીજડીયા ચારણ પીપળી નાના મુંજીયાસર મોટા મુંજીયાસર રફાળા આદપુર સહિત સમગ્ર વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસાદી પાણી ખેતરોમાં ભરાયા ખેડૂતો દ્વારા વાવેતર કરેલ પાકને ફાયદાકારક સાબિત થશે હવામાન ખાતાએ આપેલ આગાહીના ભાગરૂપે બગસરા પંથકમાં પણ સવારથી ધીમીધારે વરસાદ બાદ ધોધમાર વરસાદ પડ્યો બગસરાથી હડાળા રોડ પર ભારે વરસાદના કારણે વાહન વ્યવહારને પણ અવરજવરમાં પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યોહતો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં ગત રાત્રિ થીજ ભારે પવન સાથે ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો. જે કોડીનાર શહેર તેમજ આસપાસ નાં ગામો માં આજે સવાર થી વધી બપોરે સુધીમાં ચોવીસ કલાકમાં ચાર ઈંચ વરસાદ વર્ષયો છે.જેને લઈને કોડીનાર શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે.આમ છતાં વાહન વ્યવહાર પૂર્વવત છે.કોડીનારના પાણી દરવાજા મુખ્ય રોડ,બસ સ્ટેન્ડ વિસ્તાર સુગર ફેકટરી રોડ,હરિ ૐ ચોક સહિતના વિસ્તારમાં પાણી ભરાયા છે.

ઉપલેટા શહેરમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૧૦૦ (૪ ઈંચ) મી.મી. નોંધાયેલ છે. મોસમનો કુલ વરસાદ ૧૫૦ મી.મી. નોંધાયેલ છે. જયારે તાલુકાના ગામડાઓમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૬ થી ૮ ઈંધ વરસદા વરસ્યો હોવાના સમાચાર મળી રહયા છે. તાલુકાના મોજ ડેમ ઉપર પણ વરસાદી વાતાવરણ સાથે હળવો વરસાદ હોવાનું જાણવા મળેલ છે. ડેમ ની કુલ સપાટી ૪૪ ફુટની છે જે અત્યારે સમયે ૩૦.૮૦ ફુટનું (લેવલ) બતાવી રહી છે. તથા તાલુકાનો બીજો ડેમ વેણુ-૨ ડેમ આજનો વરસાદ ૩૫ મી.મી. મોસમનો કુલ વરસાદ ૧૨૫ મી.મી. ડેમ સપાટી ટોટલ ૫૪.૧૬ ફુટ છે. તેમાથી હાલની પરિસ્થિતી ૩૮. ૭૫ થઈ ચુકી છે. આ જોતા આગામી ૧૫ દિવસમાં જો વરસાદી માહોલ જળવાઈ રહેશે તો બન્ને ડેમ ઓવરફલો થશે પછી ની બાદ કરતાં અઢી મહીનાની હાલત શું થશે એ બાબત નોધનીય છે.

ગીર ગઢડા પંથકમાં ૨ ઈંચ, નાઘેર પંથક માં ગત રાત્રી થી મેઘરાજા એ મુકામ કર્યો હોય અને ગતરાત્રીના ધીમીધારે વરસાદ શરૂ રહ્યા બાદ આજ સવાર થી મેઘાવી માહોલ વચ્ચે સાંજ સુધી માં ઉના ગીરગઢડા સહિત નાં ગ્રામ્ય વિસ્તાર જેવાકે દેલવાડા, સનખડા, ગાંગડા, મોઠા, આમોદ્રા, અંજાર સહિત તાલુકા માં ૨ ઈંચ જેટલો વરસાદ પડયો હતો.

મોરબી સહિત જિલ્લાના પાંચ તાલુકામાં છેલ્લી ૨૪ કલાકમાં ખૂબ સારો વરસાદ થયો છે અને જિલ્લાના પાંચ પૈકીના ચાર તાલુકામાં અડધાથી લઈને સાડા પાંચ જેટલો વરસાદ નોંધાતા અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. રાતના ૧૧ થી ૧ વાગ્યાના સમયગાળા દરમિયાન મોરબી શહેરમાં ત્રણ જેટલો વરસાદ પડ્યો હતો જેથી કરીને અમુક વિસ્તારોમાં તો લોકોના ઘરની અંદર પણ વરસાદી પાણી ઘૂસી ગયા હતા. મોરબી જિલ્લા કંટ્રોલ રૂમમાંથી જાણવા મળતી પ્રમાણે મોરબી જિલ્લાના પાંચ પૈકીના ચાર તાલુકામાં છેલ્લી ૨૪ કલાકમાં ખૂબ સારો (જુઓ.પાનું.૫)

# રાજકોટ સહિત રાજયનાં ૩૦ મામલતદારોની બદલી

### મહેસુલ વિભાગ દ્વારા બદલીના ઓર્ડરો ઈશ્યુ કરાયા




ગાંધીનગર, તા.૨

રાજ્યમાં જુદા જુદા તાલુકા અને કચેરીઓમાં ફરજ બજાવતા મામલતદારની બદલીઓના આદેશ કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારે ૩૦ મામલતદારની બદલીઓના આદેશ કર્યા છે.રાજકોટ,ખેડા, દેવભૂમિ દ્વારકા, દાહોદ, મોરબી, રાજકોટ, વડોદરા સહિતના અનેક જિલ્લાના મામલતદારોની બદલી કરવામાં આવી છે.

અહી બે ઉલ્લેખનીય છે કે અઠવાડિયા પહેલા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ખેડા મામલતદાર કચેરીની ઓચિંતી મુલાકાત કરી હતી. આ બાદ શુક્રવારે જિલ્લા સમાહર્તા અમિત પ્રકાશ યાદવે મહુધા મામલતદાર કચેરીની ઓચિંતી મુલાકાત કરી હતી. જે બાદ રવિવાર રજાનો દિવસ હોવા છતાં ગયા અઠવાડિયે જિલ્લાના ૮૦ નાયબ મામલતદારની આંતરિક બદલી કરવામાં આવી હતી. જેમાં મહેસુલ, પુરવઠા , ઇ - ધરા સહિતના નાયબ મામલતદારની બદલી કરવામાં આવી છે.

ત્યારે લોકસભાની ચૂંટણીમાં જોડાયેલા નાયબ મામલતદારો સિવાયના તમામ નાયબ મામલતદાર કલેકટર દ્વારા તાત્કાલિક બદલીની જગ્યાએ હાજર થવા સૂચન કરવામાં આવ્યું હતું.હવે વધુ ૩૦ મામલતદારોની બદલી કરવામાં આવી છે. જેમાં રાજકોટ કલેકટર કચેરીમાં ચૂંટણી શાખામાં ફરજ બજાવતા મામલતદાર એચ.એલ.ચૌહાણની ચૂંટણી શાખામાંથી બદલી કરી તેઓને ડીઝાસ્ટર શાખામાં મૂકવામાં આવેલ છે.

આવી જ રીતે જામનગર, કલેકટર કચેરીના અધ્યક્ષ બી.ટી. લવાણીને તે જામનગરમાં ડિઝાસ્ટર મામલતદાર તરીકે ફરજ બજાવવામાં આવી છે. જૂનાગઢ કલેકટર કચેરીમાં ચૂંટણી શાખામાં ફરજ બજાવતા અધિકારીની બદલી કરી તેઓને જૂનાગઢમાં ડીઝાસ્ટર મામલતદાર તરીકે મુકવામાં આવેલ છે. રાજયમાં ૩૦ મામલતદારોની બદલીના મહેસુલી વિભાગ દ્વારા ઈશ્યુ કરવામાં આવેલ છે.

# આજે કચ્છ, જામનગર, દ્વારકા, જુનાગઢમાં ભારે વરસાદની આગાહી

### આગામી ૫ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચન

રાજકોટ,તા.૨

હવામાનની આગાહી મુજબ કચ્છ, જામનગર, દ્વારકા, જુનાગઢ, પોરબંદર, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

છેલ્લા ૨૪ કલાકમાં જુનાગઢ, કેશોદ, વંથલીમાં ધોધમાર વરસાદ ખાબકયો છે ત્યારે હવામાન વિભાગે આગામી દિવસોની વધુ એક આગાહી કરી છે. જેમાં આજે કચ્છ, જામનગર, દ્વારકા, જુનાગઢ, પોરબંદર, સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં અતિ ભારે વરસાદ પડવાની તેમજ બનાસકાંઠા, પાટણ, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, ડાંગ, રાજકોટ, અમરેલી, ભાવનગર, મોરબી, ગીર-સોમનાથમાં પણ અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, ખેડા, આણંદ, બોટાદમાં પણ ભારે વરસાદ પડશે. રાજયમાં આગામી પાંચ દિવસ સુધી અમરેલી, ભાવનગર, મોરબી, જુનાગઢમાં અતિ ભારે વરસાદની આગાહી છે.

આથી આગામી ૫ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાય છે. દક્ષિણ ગુજરાત અને ઉતર ગુજરાત તરફ સાયકલોનીક સરકયુલેશન સક્રીય થયુ છે જેના કારણે વરસાદ પડશે.



## મોરબીના મચ્છુ-૩ ડેમનો એક દરવાજો પાંચ ફૂટ ખોલાયો, ડેમી-૨ સહિતના ડેમોમાં નવા નીરની આવક

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.